

પંજાબ, યુપી, રાજસ્થાનમાં 'રેલરોકો' આંદોલન
વાંચો પેજ નં. ૧૭

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ક્રિસ મરિસ સૌથી વધુ ૧૬.૨૫ કરોડમાં વેચાયો
વાંચો પેજ નં. ૨૧

FRIDAY, 19 FEBRUARY, 2021 Vol. 18, No. 08 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# કુદરત સામે US લાચાર

# ૨૩નાં મોત, ૧ કરોડ લોકોને અસર

## ટેક્સાસમાં ૪૪ લાખ લોકો વિજળી વગર ઘરમાં જ કેદ

વોશિંગ્ટન : અમેરિકાના ટેક્સાસ અને મેક્સિકો રાજ્યમાં ત્રાટકેલા ભયંકર બર્ફીલા તોફાનના કારણે ૧ કરોડ લોકોના જીવ જોખમમાં મુકાયા છે. ૪૪ લાખ લોકોની વસ્તી ધરાવતા ટેક્સાસમાં જ વિજળી વગર લોકો ઘરમાં જ કેદ રહેવા મજબુર બન્યા છે. તો કંઈક આવી જ સ્થિતિ મેક્સિકોની છે. બર્ફીલા વાવાઝોડાના કારણે આ વિસ્તારોમાં કોરોનાના વેક્સીનેશન સેંટર પણ બંધ કરી દેવાયા છે.

અમેરિકામાં ત્રાટકેલા હિમ તોફાનના કારણે ટેક્સાસની ૧૦૦થી વધારે કાઉન્ટીમાં વીજળી અને પાણીના પુરવઠાને વિકટ પ્રભાવ પડ્યો છે. લોકોને ઉકાળેલું પાણી પીવા માટે સલાહ આપવામાં આવી રહી છે અને ૨૦૦થી વધારે રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. અત્યાર સુધીમાં ૨૩ લોકોના મોત નિપજ્યા છે. વૃદ્ધોને બચાવવા માટે નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. ટેક્સાસ અને હ્યુસ્ટનમાં વિમાની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

અમેરિકાની ૧ કરોડ કરતા પણ વધારે વસ્તી બરફમાં ઠુંઠવાઈ રહી છે. ટેક્સાસમાં સતત બર્ફીલા તોફાનોના કારણે વીજળીનું ઉત્પાદન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. સ્ટેટ પાવર ગ્રિડમાં સતત ખરાબી આવી રહી છે અને ગેસ, તેલની પાઈપલાઈનો પણ જામી ગઈ છે. વેક્સિનના ૮,૦૦૦ કરતા પણ વધારે ડોઝ વીજળીનો પુરવઠો ન મળવાના કારણે બગડી ગયા છે. ટેક્સાસ, લુસિયાના, કેંટકી અને મિસૌરીમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. મિસિસિપી, મિનેસોટામાં પણ આવી જ સ્થિતિ છે.

રાષ્ટ્રપતિ જો બાઈડને પોતે મુશ્કેલીમાંથી પસાર થઈ રહેલા રાજ્યોની સંપૂર્ણપણે મદદની ખાતરી આપી છે. બર્ફીલા તોફાનોના કારણે ઓહાયોથી લઈને રિયો ગ્રેંડે સુધીનું સંપૂર્ણ ક્ષેત્ર બરફની ચાદરમાં ઢંકાઈ ગયું છે. લિંકન અને નેબરાસ્કા શહેરનું તાપમાન માઈનસ ૩૧ ડિગ્રીથી પણ નીચું જતું રહ્યું છે.



### ૧૨ ઇંચ જેટલો બરફ પડવાની શક્યતા

ટેક્સાસ, હ્યુસ્ટન, ડલાસમાં જનજીવન ખોરવાઈ ગયું છે. અહીંયા અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ ગયેલી છે. બીજી તરફ વીજળી હાલમાં બહાલ થાય તેવી શક્યતાઓ પણ જણાતી ન હોવાથી લોકો ચિંતામાં છે. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા પ્રમાણે આગામી સમયમાં વાતાવરણ વધારે ખરાબ થઈ શકે છે. આ વિસ્તારોમાં ભારેથી અતિભારે બરફવર્ષા થવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. બીજી તરફ પશ્ચિમ વિંજનિયા, પૂર્વી લ્યૂસિયાના, મિસિસિપી, મધ્ય ટેનેસીમાં બરફની ચાદર ફેલાયેલી છે અને આગામી દિવસે પણ આ સ્થિતિ રહેવાની શક્યતા છે. આગામી દિવસોમાં ૧૨ ઇંચ સુધી બરફ પડવાની પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

### ફ્લોરિડા, જ્યોંર્જિયામાં હજારો મકાનો ધરાશાયી

ફ્લોરિડા અને જ્યોંર્જિયામાં હજારો મકાનો તૂટી જતા પારાવાર નુકસાન થયું હતું. વીજળી પુરવઠો ફરી શરૂ કરવા લશ્કરની મદદ લેવામાં આવી છે. જ્યોર્જ બુશ એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું. હજારો ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. અનેક પ્રવાસીઓ એરપોર્ટ પર જ ફસાઈ ગયા હતા. હાઈવે અને રસ્તાઓ પર બરફનું સામ્રાજ્ય છવાતા વાહનવ્યવહાર બંધ રાખવા ફરજ પડી હતી. જેને પરિણામે ટેક્સાસ, કેન્ટુકી, વોશિંગ્ટન ડીસીથી ન્યૂયોર્ક તેમજ ન્યૂ જર્સી અને બોસ્ટનમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## ૨૦૨૦માં વિશ્વનું દેવું વધીને ૨૮૧ ટ્રિલિયન ડોલર થયું

ન્યૂયોર્ક : કોરોનાની મહામારીએ વિશ્વનાં તમામ દેશોની ઈકોનોમીને મરણતોલ ફટકો માર્યો છે. કોરોના સામે લડવા વિશ્વનાં અનેક દેશોએ કરોડોનું જંગી દેવું કરવું પડયું છે. ગયા વર્ષે કોરોનાને કારણે ઈકોનોમીને પડેલો ફટકો પુરવા માટે અનેક દેશોની સરકારો, કંપનીઓ અને નાગરિકો દ્વારા કુલ ૨૪ ટ્રિલિયન ડોલરનું દેવું કર્યુ હતું. આને પરિણામે ૨૦૨૦નાં અંતે સમગ્ર વિશ્વનું દેવું વધીને ૨૮૧ ટ્રિલિયન ડોલરની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું. જે ગ્લોબલ જીડીપીનાં ૩૫૫ ટકાથી વધુ છે તેમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સે જણાવ્યું હતું.

### ૨૦૨૧માં ૧૦ ટ્રિલિયન ડોલર વધી શકે

સરકારોની ખાધ વધી રહી છે જે પુરવા માટે ૨૦૨૧માં વિશ્વનાં દેશોએ વધુ ૧૦ ટ્રિલિયન ડોલર દેવા સ્વરૂપે ઊભા કરવા પડશે તેવી ધારણા છે. સરકાર પર રાજકીય અને સામાજિક દબાણોને કારણે ખર્ચા પર અંકુશ રાખવાનું મુશ્કેલ છે ત્યારે ૨૦૨૧નાં અંતે કેટલાક દેશનો દેવાનો બોજ ૯૨ ટ્રિલિયન ડોલર કરતા વધશે તેવો IIFનો અંદાજ છે.

### ભારત અને દ. આફ્રિકાનાં સરકારી દેવાંમાં વધારો

સાઉથ આફ્રિકા અને ભારતનાં સરકારી દેવાંમાં મોટાપાયે વધારો થયો છે. પેરૂ અને રશિયાની કંપનીઓનાં દેવાંમાં સૌથી મોટો વધારો થયો હતો. ફ્રાન્સ, સ્પેન અને ગ્રીસમાં જીડીપીનાં સંદર્ભમાં નોન ફાઇનાન્શિયલ ઉદ્યોગોનાં દેવાંમાં વધારો થયો હતો. ઊભરતા બજારોમાં ચીનનું દેવું સૌથી વધારે હતું.

કોરોના સમાચાર વાંચો
પેજ નંબર ૧૮

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..

Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial

Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada

bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region
Fax: 416-253-9461

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# હિમવર્ષાને કારણે ઓટાવામાં અકસ્માતની વણઝાર

- ખરાબ હવામાનને કારણે ઓટાવાની ગલીઓમાંથી સ્કુલ બસની અવરજવર બંધ કરી દેવાઈ હતી
- અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામનાર શખ્સને હોસ્પિટલમાં ખસેડાયો, મેકફાડેન અને હુઈસમેન રોડ વચ્ચેનો ફ્રેન્ક કેની રોડ બંધ કરી દેવાયો

ઓટાવા : પૂર્વ ઓટાવાના ગ્રામીણ રસ્તા ઉપર મંગળવારે બપોરે ભારે હિમ વર્ષાને કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિને માથામાં ઈજા થવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવો પડયો હતો.

વહેલી સવારથી શરૂ થયેલી હિમવર્ષાને કારણે ઓટાવાના માર્ગો ઉપર ડઝનબંધ અકસ્માતો નોંધાયા હતા. જેને પગલે બપોરે એક વાગ્યા પછી મેકફાડેન અને હુઈસમેન રોડ વચ્ચેનો ફ્રેન્ક કેની રોડ બંધ કરી દેવાયો હતો, એમ ઓટાવા પોલીસે ટવીટ કર્યુ હતું.

ઓટાવા પેરામેડીક સર્વિસના પ્રવકતાએ મીડિયાને કહ્યું હતું કે, તેમને બપોરે ૧૨.૩૫ કલાકે અકસ્માતની જાણ થઈ હતી. જેમાં ૧૮ વ્હીલના લોડર સાથે એક કેબ ભટકાઈ હતી. જેમાં સિત્તેર વર્ષના વ્યકિતને માથામાં ગંભીર ઈજા પહોંચતા તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ઓટાવાના ગ્રામીણ વિસ્તારોમાં ખરાબ હવામાનને કારણે ૨૯ જેટલા અકસ્માતો સર્જાયા હતા.

જે સવારે ૫.૩૦ થી ૧૦ વાગ્યા સુધીમાં થયા હતા. પોલીસે લોકોને સાવચેતીપૂર્વક અને ધીમેથી ડ્રાઈવીંગ કરવા ચેતવણી આપી હતી. ઓટાવામાં ફેમિલી ડેના દિવસે ૩.૨ સે.મી. જેટલો બરફ પડયો હતો અને બીજા દિવસે મંગળવારે પાંચથી ૧૦ સે.મી. વધુ બરફ પડયો હોવાનુ એન્વાયરમેન્ટ કેનેડાના અહેવાલમાં જણાવાયું હતું. ખરાબ હવામાનને કારણે ઓટાવાની ગલીઓમાંથી સ્કુલ બસો મંગળવારની સવારથી બંધ કરી દેવાઈ હતી.







# રામમંદિર માટે અમદાવાદ BAPS ખાતે નિધિ સમર્પણ સમારોહ

- મુખ્યમંત્રી રૂપાણીની હાજરીમાં બી.એ.પી.એસ. સંસ્થાએ અનુદાન આપ્યું

ગાંધીનગર : અમદાવાદમાં અયોધ્યાના રામ મંદિર માટે નિધિ સમર્પણ સમિતિ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અનુદાન અપાયું હતું. ૧૩ ફેબ્રુઆરીના રોજ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં રામજન્મભૂમિ તીર્થક્ષેત્રના ટ્રસ્ટી તેમજ કોષાધ્યક્ષ ગોવિંદદેવગીરીજી મહારાજે ખાસ હાજરી આપી હતી. આ તકે તેઓએ જણાવ્યું હતું કે 'જે સ્થાનથી રામશિલાના પૂજન સાથે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના હસ્તે મંદિર-નિર્માણની શિલાના પૂજનનો આરંભ થયો હતો એ સ્થાનમાં આજે પુનઃ રામમંદિર માટે એકત્રિત થયા છીએ.

આ મંદિરના નિર્માણ સાથે અયોધ્યા 'ધ કલ્ચરલ કેપિટલ ઓફ ધ વર્લ્ડ' એટલે કે વિશ્વની સાંસ્કૃતિક રાજધાની બનશે. વસુધૈવ કુટુમ્બકમની ભાવના જાગશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતુ કે, વર્ષો પહેલાં પ્રમુખસ્વામી મહારાજે રામશિલાનું પૂજન કર્યું હતુ. ત્યારે તેમણે આશીર્વાદ આપ્યા હતા. ત્યારથી સતત પ્રમુખસ્વામી મહારાજથી માંડીને મહંત સ્વામી મહારાજ આ મંદિરના નિર્માણમાં યોગદાન આપી રહ્યા છે. સોશિયલ ડિસ્ટન્સ અને આનુષંગિક વ્યવસ્થાઓ સાથે ૧૫૦ નિમંત્રિતો-સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં ભગવાન શ્રીરામચંદ્રજીની સ્તુતિપૂર્વક વંદના કરવામાં આવી હતી. સમારોહના મંચ પર શ્રીરામમંદિર નિધિ સમર્પણ સમિતિ, ગુજરાતના અધ્યક્ષ ગોવિંદભાઈ ધોળકિયા તેમજ વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્રના અધ્યક્ષ દિલીપભાઈ ત્રિવેદી પણ ઉપસ્થિત હતા.

# મહાનગરો નજીકના પરા વિસ્તારમાં હાઉસિંગની કામગીરી વેગીલી બની

ઓન્ટેરિયો : કેનેડાના ટોરોન્ટો, મોન્ટ્રીયલ અને વાનકુંવર જેવા મહાનગરોના પરા વિસ્તારોમાં મકાનોના બાંધકામો ઝડપથી પૂર્ણ થઈ રહ્યા હોવાના અહેવાલો છે. કેનેડા મોર્ગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશનના જણાવ્યા મુજબ આ વિસ્તારોમાં રેડી ટુ મુવ કેટેગરીમાં ઘણાં મકાનો ઉપલબ્ધ છે. આ ત્રણેય મહાનગરોથી ૨૦થી ૩૦ કિ.મી.ના અંતરમાં હાઉસિંગ વધી રહ્યું છે.

શહેરી બાંધકામમાં ઝડપભેર પૂર્ણ થનારા મકાનોની સંખ્યા વધી રહી છે. એફોર્ડેબલ કિંમતોને કારણે આ સેકટરને સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. શહેરોના મધ્યથી ૨૦થી ૩૦ કિ.મી.ના અંતરમાં હાઉસિંગના કામો વધી રહ્યા છે. મોન્ટ્રીયલ અને ટોરોન્ટોના પરાઓ વિકસી રહ્યા છે. જયારે ટોરોન્ટોમાં તો એ શરૂઆત વહેલી થઈ ચૂકી હતી. વાનકુંવરમાં એનું પ્રમાણ ઓછું જોવા મળે છે એમ સીએમએચસીના અહેવાલમાં જણાવાયું હતું. અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, શહેરથી પાંચ-દસ કિ.મી.ના અંતરે બાંધકામ પ્રવૃત્તિ ઓછી જોવા મળે છે. જયારે ૨૦થી ૩૦ કિ.મી. દૂર એનું પ્રમાણ વધુ છે. કોન્ડોના કારણે શહેરના નજીકના વિસ્તારોમાં બાંધકામ ઝડપી બન્યું છે. ટોરોન્ટો અને મોન્ટ્રીયલમાં કોન્ડોના પુરવઠામાં ઘટાડો જોવા મળે છે. જો કે, આ બાબતમાં બે પડકારો જોવા મળે છે. પરા વિસ્તારોમાં હાઉસિંગની કિંમતો ઉપર એની અસર પડી શકે. કેમ કે, ઈન્ફ્રાસ્ટ્રકચર ખર્ચ વધશે. વળી, રસ્તો ગીચ થવાથી ગ્રીનગેસ એમિસન વધશે. બીજો પડકાર ઓછી આવકવાળાઓ માટેના હાઉસિંગ ડેવલપમેન્ટનું પ્રમાણ ઘટી શકે છે. એમને માટે એફોર્ડેબલ હાઉસિંગ પુરા પાડવાનો પડકાર પણ ઉભો થશે. હાલમાં ટોરોન્ટોમાં સરેરાશ પરિવારની આવક ૯૮,૬૩૫ યુએસ ડોલર, વાનકુંવરમાં ૮૯,૩૦૦ યુએસ ડોલર અને મોન્ટ્રીયલમાં ૭૮,૪૦૦ યુએસ ડોલર જેટલી છે.

# જાન્યુ.માં મકાનોના વેચાણમાં નવો વિક્રમ સર્જાયો

- એવરેજ કિંમત પણ વિક્રમસર્જક ૬૨૧૫૨૫ યુએસ ડોલર સુધી પહોંચી

ટોરન્ટો : કેનેડીયનો માટે કોવિડ-૧૯નો પ્રભાવ કે મકાનોની ઉપલબ્ધિમાં ઘટાડો રીયલ એસ્ટેટની તેજીને અટકાવી શકયો નથી. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષના જાન્યુઆરીમાં મકાનોના વેચાણમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો. આ મહિનાના વેચાણમાં ૩૫.૨ ટકાનો વધારો થયો હતો અને ડીસેમ્બરની સરખામણીમાં એ વધારો ૨ ટકા જેટલો હતો એમ કેનેડીયન રીયલ એસ્ટેટ એસોસિયેશને મંગળવારે જણાવ્યું હતું.

જાન્યુઆરીમાં એકચ્યુઅલ નેશનલ એવરેજ કિંમત પણ વિક્રમસર્જક ૬૨૧૫૨૫ યુએસ ડોલર સુધી પહોંચી હતી. જે ગયા વર્ષના જાન્યુઆરીની સરખામણીમાં ૨૨.૮ ટકા વધારે હતી. એસોસિયેશને જણાવ્યું હતુ કે, બજારની સ્થિતિને કારણે જાન્યુઆરીમાં વેચાણ વિક્રમ સર્જાયો હતો. કેમ કે, લોકોએ કોરોના મહામારીને કારણે મકાનો વેચવાનું મુલ્તવી રાખ્યું હતું. મકાન વેચનાર અને ખરીદનારાઓએ કેનેડામાં મકાનોના વેચાણમાં એક નવું પ્રકરણ લખ્યું છે. એમ એસોસિયેશનના વરિષ્ઠ અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું. સિંગલ ફેમિલી હોમની કિંમતોમાં ૨.૬ ટકાનો વધારો લગભગ દર મહિને થતો જોવા મળ્યો હતો. જે વાર્ષિક ધોરણે ૧૭.૪ ટકા જેટલો થવા જાય છે. જેમાં દર મહિને ઓછામાં ઓછો ૦.૨ ટકા દર મહિને અને વર્ષે ૩.૩ ટકાનો ઘટાડો થયો છે. ગયા વર્ષથી જે લોકો મકાનો વેચી નહોતા શકયા એ હવે વેચવા આતુર હોવાથી આ વર્ષે તેમને તક મળશે. જેમને આ વર્ષે જ પોતાના મકાનમાં જવું હશે તેમણે ભાવવધારાનો સામનો પણ કરવો પડશે.

# સરકારે ખરડો રજૂ કરતાં શહેરોમાં પિસ્તોલ પર પ્રતિબંધનો માર્ગ મોકળો

- કાયદાનો ભંગ કરનારાને દંડ અને જેલની સજાની જોગવાઈ કરાશે

ઓટાવા : કેનેડાની સંસદમાં પિસ્તોલ ઉપર પ્રતિબંધને લગતો ખરડો રજુ કરાતા હવેથી કેનેડાના શહેરોની સત્તાવાળાઓને પિસ્તોલ ઉપર પ્રતિબંધ લાગુ કરવા માટેના પેટા કાનૂનો બનાવવાની પરવાનગી મળી છે. લિબરલ સરકારે આ કાનૂન લાવીને બંદૂક કે પિસ્તોલ રાખવા, એની હેરફેર કરવા કે, સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકયો છે. મંગળવારે આ વિશે જાણકારી આપતા પ્રવકતાએ કહ્યું હતું કે, શહેરની મ્યુનિસીપાલિટીઓ આ વિશેના પેટાકાયદાઓ બનાવી એનો અમલ કરાવી શકશે. જેમાં કાયદાનો ભંગ કરનારાને દંડ અને જેલની સજાની જોગવાઈ હશે. ઘણાં શસ્ત્રો પર પ્રતિબંધની વકીલાત કરનારાઓના મતે તો સરકારે જ નેશનલ



હેન્ડગન પ્રતિબંધ લાદવો જોઈએ. કેમ કે, મ્યુનિસિપલ કાનૂનોને પાળવામાંથી ઘણાં લોકો છટકબારીઓ શોધી કાઢશે. જેને શહેરના સત્તાવાળાઓ નાથી નહીં શકે. લાંબા સમયથી આવા કાનૂનની રાહ જોવાઈ રહી હતી જેમાં બાયબેકનો વિકલ્પ પણ હોય. જેથી એવા શસ્ત્રો ધરાવનારાઓના શસ્ત્રો પરત લઈ તેમને વળતર ચુકવી દેવામાં આવે. સરકારે એસોલ્ટ શસ્ત્રો પર તાજેતરમાં જ પ્રતિબંધ લાદયો હતો. એ રીતે જ હેન્ડગન પર પણ પ્રતિબંધ લાદવો જોઈએ. જો કે સ્થાનિક નિયમોનું પાલન કરવાની શરતે શસ્ત્ર રાખવાની છૂટનો વિકલ્પ પણ આપી શકાય. પબ્લીક સેફટી મિનીસ્ટર બિલ બ્લેરે કહ્યું હતું કે, એનો ઉપયોગ કાયદેસરના ફાયરઆર્મ્સ તરીકે નહીં કરી શકાય. શસ્ત્રોના દુરુપયોગને નાથવા માટેનો આ સૌથી વધુ અસરકારક રસ્તો છે.' કેટલાક જુથોએ સરકારને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડની જેમ શસ્ત્રો પાછા ખરીદી લેવાના વિકલ્પને ફરજિયાત બનાવવા પણ અપીલ કરી હતી. જયારે ઘણાં શસ્ત્રધારકોએ આ પ્રતિબંધનો વિરોધ કર્યો હતો. અને એને અદાલતમાં પડકારવાની તૈયારી દર્શાવી હતી. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ પત્રકારોને કહ્યું હતું કે, કેનેડામાં કોઈએ હવે ડરવાની જરૂર નથી. વધુ દુર્ઘટનાઓને અટકાવવાના પગલા લેવાનો સમય આવી ગયો છે અને આ પગલું યોગ્ય સમયે જ લેવાયું છે.

## સરકારના ખરડામાં શું શું છે

– નવા રેડ ફલેગ અને યલો ફલેગ કાનૂન બનાવી શકાય, જેમાં કોઈ વ્યકિતના મિત્ર કે સંબંધી અદાલતમાં અરજી કરી એનું લાઈસન્સ રદ કરી હથિયાર તરત જપ્ત કરી લેવાની માંગણી કરી શકશે.

– ગનની દાણચોરી અને હેરાફેરી પર ધ્યાન આપી એના ભંગ બદલની સજા કે દંડને વધુ સખત બનાવી શકાય, એને માટે આરસીએમપી અને કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીને વધુ સત્તા આપી શકાય.

– નવા કાનુન બનાવી પિસ્તોલ માટેના કાર્ટ્રીઝ મેગેઝીનના જથ્થાને મર્યાદિત કરી શકાય અને જાહેરાતોમાં એવા શસ્ત્રોના ઉપયોગને દર્શાવવા પર પ્રતિબંધ મુકી શકાય.

– દારૂગોળાની આયાત પરના પ્રતિબંધોને વધુ કડક બનાવી ફાયરઆર્મ્સની આયાત નિકાસ, સંગ્રહ કે વેચાણને બંધ કરાવી શકાય.

# કેનેડામાં વધુ ૧૯૯૦ કોરોના પોઝિટિવ, ૫૦ના મોત

## ઓન્ટેરિયોમાં ૧૦૩૮ કેસ અને ૪૪ મોત નોંધાયાઃ એક્ટિવ કેસનીં સંખ્યા ૩૨ હજારથી વધુ નોંધાઈ, ૫૯૪ દર્દીઓની હાલત ગંભીર

ટોરોન્ટો : કેનેડામાં કોરોના વાયરસની ગતિ ધીમે ધીમે મંદ પડી રહી છે. ગુરુવારે સાંજ સુધીમાં કોરોનાના વધુ ૧૯૯૦ કેસ નોંધાવા સાથે ૫૦ દર્દીના મોત થયા હતા. જયારે દેશમાં સારવાર રહેલા દર્દીઓ પૈકી ૫૯૪ દર્દીઓની હાલત અત્યંત નાજૂક બની હતી.

સુત્રો પાસેથી મળતી વિગતો એવી છે કે, કેનેડામાં કોરોના વાયરસના બીજા તબક્કામાં નાગિરિકોને સૌથી વધુ અસર થઈ રહી છે. જાન્યુઆરી ૨૦૨૧ની સરખામણીમાં ફેબ્રુઆરીમાં વાયરસની ગતિ મંદ પડી છે. આમ છતાં સંક્રમણ ધીમે ધીમે પણ ચાલુ રહેતા ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં દેશમાં નવા ૧૯૯૦ દર્દી મળી આવ્યા હતા. જયારે આ જ સમયગાળામાં ૫૦ લોકોના મોત નિપજ્યા હતા. ઓન્ટેરિયોમાં સૌથી વધુ સંક્રમણ રહ્યું હતુ. અહીં નવા ૧૦૩૮ દર્દી મળી આવવા સાથે ૪૪ દર્દીના મોત થયા હતા. જો કે, અહીં ૧૨૭૭



દર્દીઓ રિકવર થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ક્યૂબેકમાં નવા ૯૦૦ કેસ નોંધાવા સાથે જ ૧૦ દર્દી મોતને ભેટ્યા હતા. ન્યુબ્રુન્સવીકમાં નવા ચાર દર્દી, તથા ન્યુ ફાઉન્ડ લેન્ડમાં નવા ૪૮ લોકો કોરોનાની ચપેટમાં આવ્યા હતા. આ ઉપરાંત મોનીટોબામાં વધુ ૧૩૯ નાગરિકોને કોરોના હોવાની પૃષ્ટિ થઈ હતી.

જયારે સાસ્કેચવાનમાં નવા ૧૪૬ દર્દી કોરોના પોઝિટિવ નોંધાયા હતા. સાસ્કેચવાનમાં ૧૭૧ દર્દી સાજા થયા હતા. ગુરુવારે સાંજની સ્થિતિએ સમગ્ર દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૨૮૦૩ નોંધાઈ હતી. આજના કેસ સાથે દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૮૩૬૧૭૨ થઈ ગયો હતો. જયારે કુલ મૃતાંક ૨૧૪૮૫ નોંધાયો હતો. કેનેડામાં અત્યાર સુધીમાં ૭૮૧૮૮૪ લોકોને કોરોનાની ગિરફતમાંથી સાજા કરવામાં આરોગ્ય વિભાગે સફળતા મેળવી છે. જો કે, હજી પણ કોરોનાના કેસ મળી રહ્યા હોવાથી આરોગ્ય ખાતુ તથા સરકાર સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સરકારે ફરી વાર લોકોને કોરોના અંગે જારી કરાયેલી માર્ગદર્શિકાનું કડક પાલન કરવા અપીલ કરી હતી.

# બે ટકા વિદ્યાર્થીઓના ટેસ્ટ કરાવો ઓન્ટેરિયોમાં સ્કુલ બોર્ડને સૂચના

**• ટેસ્ટીંગ માટે રેપીડ, પીસીઆર ટેસ્ટીંગ પદ્ધતિનો ઉપયોગ કરાશે**

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના સત્તાધીશોએ મોટાભાગના સ્કુલ બોર્ડને કોવિડ-૧૯ના ટેસ્ટીંગ માટેનો ટાર્ગેટ આપી દર અઠવાડિયે તેમના વિદ્યાથીઓ પૈકી ૨ ટકા વિદ્યાથીઓના ટેસ્ટ કરાવવા જણાવી દીધું છે.

આ જાણકારી એજયુકેશન મિનીસ્ટર સ્ટીફન લેસેની મંગળવારની યાદીથી શાળાઓને આપી ટેસ્ટીંગનો પ્રસાર વધારવા અપીલ કરાઈ હતી. યાદીમાં જણાવાયું હતું કે, ટોરોન્ટો, યોર્ક અને પીલ્સ સ્કુલ બોર્ડ ૨૨મી ફેબ્રુઆરીથી આ કામગીરીનો આરંભ કરી દે. જે બોર્ડની શાળાઓની સંખ્યા ૧૦થી ઓછી હોય, તેમને ટાર્ગેટના પાંચ ટકાની ફરજિયાત મર્યાદાથી બહાર રખાશે. સરકાર સ્કુલ બોર્ડસ સાથે મળીને યોગ્ય ટેસ્ટીંગ પ્લાન નક્કી કરશે. જે શાળાઓને ટાર્ગેટ માટે પસંદ કરવામાં આવી છે એની પસંદગી બોર્ડ કરશે. જેમાં સ્થાનિક આરોગ્ય સેવાઓ અને સત્તાવાળા મદદરૂપ થશે. ટેસ્ટીંગ માટે રેપીડ અને પીસીઆર ટેસ્ટીંગ પધ્ધતિનો ઉપયોગ કરાશે. જયાં જે પધ્ધતિ અનુકૂળ હશે એનો અમલ કરાશે. યાદીમાં સ્કુલ બોર્ડસ માટેના પગલાં નક્કી કરાયા છે. જેને અનુસરીને ટેસ્ટીંગ માટેની પહેલ કરવાની રહેશે. આરોગ્ય સંસ્થાઓ સાથે મળીને કઈ રીતે કામ કરવું, એનું આયોજન કરવા અને દર અઠવાડિયે આયોજન રજુ કરવા જણાવાયું છે.

# ટોરોન્ટોમાં લોકડાઉન વધુ બે અઠવાડિયું વધારવું આવશ્યક : ડોકટરોનો અભિપ્રાય

**• ખતરો ટળ્યો ન હોવાથી તબીબો દ્વારા આરોગ્ય ખાતાના અધિકારીઓને પત્ર લખાયો**

ટોરોન્ટો : શહેરના મેયર જોન ટોરીએ કહ્યું હતું કે, પ્રાંતે શહેરને વધુ બે અઠવાડિયા માટે લોકડાઉન હેઠળ રાખવાનું નક્કી કર્યુ છે. આપણે કોરોનાના ત્રીજા તબક્કાને ટાળવા બધા જ પ્રયાસો કરવા પડશે. એમ તેમણે બુધવારે મળેલી પત્રકાર પરિષદમાં જણાવાયું હતું.

આ સુચન શહેરના ટોચના ડોકટર એલિન ડે વિલાએ કર્યુ હતું. કેમ કે, શહેરમાં નવા ૩૦૨ કેસ અને ત્રણ મૃત્યુ નોંધાયા હતા. ડોકટરે કહ્યું હતું કે, મને ભવિષ્યની આટલી ચિંતા કયારેય નહોતી થઈ, જેટલી આજે થઈ રહી છે. ઘણાં વિસ્તારોમાં કેસોનું પ્રમાણ ઘટી રહ્યું છે. આમ છતાં ઘણી જગ્યાએ એ વધી રહ્યું છે. જે ખતરાની નિશાની છે.

તેમણે કહ્યું હતુ કે, લોકડાઉન લગાડવું અને હટાવવાની રમત બંધ કરી સ્ટે એટ હોમ અને ઘનિષ્ટ રસીકરણ જ એક માત્ર રસ્તો બચ્યો છે. તેમણે પ્રાંતના આરોગ્ય ખાતાના અધિકારીઓને પત્ર લખી જાણ કરી હતી કે, ટોરોન્ટોમાં લોકડાઉન હટાવવાની તારીખ ૯મી માર્ચ સુધી લંબાવવી જોઈએ. ત્યારબાદ પણ સ્થિતિની સમિક્ષા કરીને નિર્ણય લેવાવો જોઈએ. ૧૩મી ફેબ્રુઆરીના પત્રમાં ડોકટરે લોકડાઉન હટાવી લેવાનું કે એને કોઈપણ રીતે હળવો કરવાનું પગલું ગંભીર પરીણામો આપી શકશે તેવો ઉલ્લેખ પણ કર્યો છે. કેમકે ખતરો હજુ ટળ્યો નથી. આ પત્ર પર પીલના ચીફ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. લોરેન્સ લોહે પણ હસ્તાક્ષાર કર્યા હતા. બુધવારે પત્રકારો સાથેની વાતચીતમાં ડો.લોહે કહ્યું હતું કે, કોવિડ -૧૯ના મૂળ લક્ષણો ઓછા થઈ રહ્યા છે એ સારી વાત છે. પણ નવા લક્ષણોનું પ્રમાણ વધી રહ્યું છે અને આ બે ટ્રેન્ડ એકબીજાથી વિરુદ્ધના હોવાથી સાવચેતી જરૂરી છે. તેમણે કહ્યું હતુ કે, જેમને અસર પહોંચી છે એમના પ્રત્યે તેમને સહાનુભૂતિ છે, પરંતુ વધુ બે અઠવાડિયાની ધીરજ રાખવી પણ એટલી જ જરૂરી છે. ત્યાં સુધીમાં વેકસીનનો પુરતો જથ્થો પણ આવી જશે.






# એપલ V/s ફેસબૂક : દુનિયામાં માર્કેટ સર કરવાની માથાકૂટ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ટેકનોલોજી જગત જેના ખભે ઉભું છે એ બે કંપનીઓ આજે એકબીજાની સામે મેદાનમાં છે. આ કોઈ સ્પર્ધા માટે નહીં, પરંતુ એકબીજાની લીટી ટૂંકી કરવા માટે ખેલ ચાલી રહ્યો છે. અત્યારે લડાઈ બન્ને કંપનીઓ અને અમેરિકા પુરતી મર્યાદિત છે, પણ આવનારા દિવસોમાં લડતમાં બીજી કંપનીઓ જોડાશે અને આખા જગતમાં લડાઈની અસર પર વર્તાશે. ફેસબૂકને સૌ કોઈ ઓળખે છે. એન્ડ્રોઈડ ફોનમાં ફેસબૂકની એપ્લિકેશન ઈન્સ્ટોલ જ હોય છે. એ જ રીતે એપલનું નામ પણ કોઈનાથી અજાણ નથી. ભલે બધા એપલના આઈફોન વાપરતા નથી, પરંતુ જગતની પ્રથમ ક્રમની ટેકનોલોજી કંપની તરીકે એપલ છે તે સૌકોઈ જાણ છે. કેટલાક દિવસોથી આ બન્ને કંપનીઓ વચ્ચે કૉલ્ડવૉર ચાલી રહ્યું છે. લડાઈ તો દાયકા જૂની છે. પણ હવે તે તકરારે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આજે વાત એટલે સુધી પહોંચી છે કે, એપલના સીઈઓ ટીમ કૂક તથા ફેસબૂકના સીઈઓ માર્ક ઝકરબર્ગ સામસામે આવી ગયા છે.

એપલના ફોનમાં નવી અપડેટ આવી રહી છે. એ પછી ફોનધારક ફોનમાં રહેલી એપ દ્વારા થતું ટ્રેકિંગ બંધ કરી શકશે. ફોનધારક ક્યાં જાય છે, તેનું ટ્રેકિંગ ગૂગલ મેપ દ્વારા થતું હોય છે. એ આધારે ગૂગલ મેપ જે-તે વ્યક્તિના પ્રવાસનો નકશો પણ બનાવી આપે છે. એ ટ્રેકિંગ બંધ પણ કરી શકાય, પરંતુ એ પછીય ગૂગલ ટ્રેકિંગ બંધ કરી દે એવુ માનવાને કોઈ કારણ નથી. અલબત્ત, એપલ જે ટ્રેકિંગની પરમિશન આપવાની સત્તા તેના વપરાશકર્તાઓને આપવા માંગે છે એ ટ્રેકિંગની વ્યાખ્યા મોટી છે. ફોનમાં દાખલ થનારી તમામ એપ યુઝર્સનો વિવિધ ડેટા એકત્ર કરતી રહે છે. એટલે કે, યુઝર્સે તેના ફોનમાં શું સર્ચ કર્યુ, કોના ફોટા પાડયા, ક્યાં ફોટા પાડયા, કઈ એપ દ્વારા શોપિંગ કરો છો, કઈ સાઈટની મુલાકાત લીધી, વગેરે વિગતો એપ થકી એકત્ર થાય છે.

આ ડેટા ભેગો કરવાની સમગ્ર પ્રક્રિયાને ટ્રેકિંગ તરીકે ઓળખાય છે. ટૂંકમાં યુઝર્સની પસંદ-ના પસંદ, તેની હીલચાલ, તેની તમામ ઓનલાઈન પ્રવૃત્તિ પર નજર એટલે ટ્રેકિંગ. આ ટ્રેકિંગ કરવું એ ટેકનોલોજી કંપનીઓ માટે કમાણીનું સાધન છે. કેમ કે યુઝર્સની આ વિગતો એક યા બીજા રસ્તે જાહેરખબર આપનારી કંપનીઓ સુધી પહોંચે છે. જેના આધારે કંપનીઓ કોને શું ગમે છે, શું જોઈએ છે, વગેરેના આધારે જાહેરખબર બજારમાં મુકે છે. આ ટ્રેકિંગના આધારે અનેક એપ્સ-ટેકનોલોજી કંપનીની દુકાનો ચાલે છે. એપલ એ દુકાન બંધ કરવા માંગે છે. નાની કંપનીઓને તો એપલની આ આવનારી પોલિસીથી નુકસાન થશે, પણ મોટું નુકસાન મોટો પથારો પાથરીને બેઠેલી કંપનીઓને થશે. જેમાં સૌથી વધારે ફેસબૂકને નુકસાન થઈ શકે છે. ફેસબૂકનો બિઝનેસ જાહેરખબર પર ચાલે છે અને ફેસબૂક તેના યુઝર્સનો ડેટા લિક થવા દેવા માટે આખા વિશ્વમાં બદનામ થયેલું પ્લેટફોર્મ છે.

તેના સ્થાપક ઝકરબર્ગ પણ લોકોનો વિશ્વાસ ગુમાવી રહ્યા છે. કેમ કે ફેસબૂકના ઈરાદા શંકાસ્પદ છે. હાલમાં પણ ભારત સહિતના કેટલાક દેશમાં ફેસબુકની વોટ્સએપે અપનાવેલી નવી નીતિઓને લઈને વિવાદ ચાલી રહ્યો છે. વોટ્સએપનો ડેટા વાપરવાની છુંટ ફેસબુકે તેના માલિકીપણાને કારણે લઈ લીધી છે. ૨૦૧૭ના કેમ્બ્રિજ એનાલિટિકા ડેટા લિક કૌભાંડ પછી ફેસબૂકની વિશ્વસનિયતામાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. આવા સંજોગોમાં એપલ નવી પોલિસી લાવી રહ્યું છે. જેને કારણે તેની સામે ફેસબૂકે અમેરિકી અખબારોમાં જાહેરખબર આપી પ્રચાર આરંભી દીધો છે. આ પ્રચારમાં ફેસબૂક કહે છે કે, એપલની આ નીતિ ખોટી છે, એપલ સૌને સમાનદરે ઈન્ટરનેટના ધારા-ધોરણનો ભંગ કરે છે. ખાસ તો એપલ યુઝર્સના ભલા માટે આ બધુ કરતી હોવાનું કહે છે, પણ હકીકતે એપલ પોતાના લાભ માટે આ પોલિસી લાવી રહી છે, એવુ ફેસબૂકનું કહેવું છે. દરેક કંપની પોતાના લાભ માટે જ નિર્ણય લેતી હોય, પોલિસી બદલતી હોય એ ફેસબૂકની વાત ખોટી નથી.

એપલ સામે પણ ભૂતકાળમાં વિવિધ પ્રકારની ગરબડના આક્ષેપો થઈ ચુક્યા છે. અમેરિકી સંસદમાં ફેસબૂક, ગૂગલ, એમેઝોન, એપલ વિરૂદ્ધ એન્ટીટ્રસ્ટ લો હેઠળ તપાસ ચાલી રહી છે. એપલ પર એવો આક્ષેપ છે કે, એપ સ્ટોરમાં એપલ પોતાના હરિફોની એપ માટે અવરોધો ઉભા કરતી રહે છે. જો કોઈ એપ એપલના એપ સ્ટોર વગર સીધી જ ફોનમાં ડાઉનલોડ થવાની કાર્યવાહી કરે તો એપલ એ માટે છૂટ આપતી નથી. એપલ સ્ટોર પરની એપ માટે એપલ ૩૦ ટકા કમિશન વસૂલે છે. નાની કંપનીઓ માટે આ રકમ મોટી છે. પણ બે ટ્રિલિયન ડૉલરના કદે પહોંચ્યા પછી પણ એપલનો લોભ ઓછો થતો નથી. એપલ આ સુધારો કરશે એટલે એકલા ફેસબૂકને નહીં, અનેક એપ્સ કંપનીઓને અસર થશે. કોઈ એપ ફોનમાં ડાઉનલોડ કરતી વખતે તમને પૂછવામાં આવે કે, આ એપ તમારા ઘરમાં ચાલતી વાત-ચીત રેકોર્ડ કરશે, તમે પાડો એ ફોટોગ્રાફસ તમારે જેની સાથે લેવા-દેવા નથી એ સર્વરને આપશે, તમારા શોપિંગની હિસ્ટ્રી નોટ કરશે, તમે કોને ચૂકવણી કરો છો, કોની પાસેથી પૈસા મેળવો છો. એ બધું પણ જોશે. આ પ્રકારની બાબતોમાં એપલ તમારી પાસે પરમિશન માંગશે. એટલે એપલનો નિર્ણય ક્રાંતિકારી તો છે જ. ફેસબૂક તેના એપલ વપરાશકારોને અપીલ કરે છે કે, ફેસબૂકને તમારું ટ્રેકિંગ કરવા દો, તેનાથી અમે સારી સુવિધા આપી શકીશું. જયારે એપલના સીઈઓ ટીમ કૂકે એ સૂચનાનો સ્ક્રીશનોટ લઈ ટ્વિટ કરી હવે ફેસબૂક પહેલાની જેમ જ તમારો ડેટા કલેક્ટ કરી શકશે, પણ એ માટે હવે ફેસબૂકે તમારી પરમિશન લેવી પડશે, જે પહેલા નહોતી લેતી. ટીમ કૂકની આ ટ્વિટથી ફેસબૂકને માઠુ લાગ્યું છે. માર્ક ઝકરબર્ગે પણ જાહેરમાં એપલની ટીકા કરી છે.

ઝકરબર્ગે કહ્યું છે કે એપલ તો માર્કેટ લિડર હોવાનો ગેરલાભ ઉઠાવે છે. જે નાની કંપનીઓ તેની વાત માનતી નથી, તેનો વેપાર ચાલવા દેતી નથી. ફેસબૂકનું ત્યાં સુધી કહેવું છે કે, એપલ અત્યારે સારી સારી વાતો કરી યુઝર્સને પોતાની જાળમાં ફસાવે છે. એક સમયે એપલની સર્વિસ વાપરતા થયા પછી એપલ યુઝર્સ પર પોતાની પસંદગીની જ એપ, સાઈટ, સુવિધા વાપરવા દબાણ કરશે. ફેસબૂકનો આ આક્ષેપ મોટો લાગતો હોવા છતાં સાવ નવો નથી. કેમ કે ફેસબૂક સહિત મોટા ભાગની કંપનીઓ સીધી કે આડકરતી રીતે યુઝર્સ પર પોતાની પસંદગીની ચીજો વાપરવા દબાણ કે લાલચ ઉભા કરે જ છે. પરંતુ અત્યાર સુધી મીલ બાંટ કે ખાતી કંપનીઓ હવે એકબીજા સામે મેદાને પડી છે. મૂળભૂત રીતે પ્રાઈવસી પાછળ અબજો ડૉલરનું માર્કેટ છૂપાયેલું છે. હવે જાહેરખબર આપનારી કંપનીઓ ઓનલાઈન એડવર્ટાઈઝમેન્ટ વધારે પસંદ કરે છે પછી એ ગૂગલનું પ્લેટફોર્મ હોય કે ફેસબૂકનું. ઓનલાઈન જાહેરખબર ત્યારે જ કંપનીઓ આપે, જ્યારે એ પોતાની જાહેરખબર કોના સુધી પહોંચે એ જાણી શકતી હોય. જાહેરખબરની અસર, યુઝર્સની પસંદ-નાપસંદ જાણી શકતી હોય. એ જાણવા માટે ટેકનોલોજી કંપનીઓ દ્વારા થતું ટ્રેકિંગ અનિવાર્ય ટૂલ છે. એટલે અત્યારે બે કંપનીઓ વચ્ચેની લાગતી લડાઈ હકીકતે માર્કેટ સર કરવાની માથાકૂટ છે.

આ સમસ્યા આજે ભલે એપલના યુઝર્સ પુરતી મર્યાદિત હોય, પણ જો એપલને સફળતા મળશે તો પછી આવતીકાલે ગૂગલ અને બીજી કંપનીઓ પણ એ રસ્તે ચાલશે તેમાં બે મત નથી. તેનો ફાયદો થશે, સાથે નુકસાન એ થશે કે એપલની-ગૂગલની મોનોપોલી વધી જશે. એ કંપનીઓનું કદ પણ વધશે. ફેસબૂક કરે એ ખરાબ અને એપલ-ગૂગલ કરે તે સારુ એવું કશું નથી. આજે આ લડાઈ અમેરિકામાં ચાલી રહી છે. સમય જતાં તેનો વિસ્તાર વધશે. આજે આ લડાઈ એપલ-ફેસબૂક પુરતિ મર્યાદિત છે પણ દિવસો જતાં વધુ કંપનીઓ જોડાશે એ પણ નિશ્ચિત છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo.ca

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED

JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com



| BRAMPTON | BRAMPTON | BRAMPTON | BRAMPTON |
|---|---|---|---|
| FOR LEASE | FOR SALE | FOR SALE | FOR SALE |
| 235 Sunny Meadow Blvd | 19 Sunley Cres | 74 Regis Circ | 15 Adrian Cres |
| $799,900 | $849,700 | $1,349,000 | $1,899,900 |
| Beautiful Semi Located In A Prime Location Central Of Brampton! 3 Spacious Bedrooms & A Finished Basement W/ A Full Washroom. Open Concept Layout W/ Hardwood On The Main. Lots Of Money Spent! New Roof 2018, Windows 2018, Furnace & Ac 2019. Freshly Painted Throughout. Park Up To 4 Cars! Professionally Finished Concrete Front & Back Of Home. Conveniently Located Near Schools, Parks, Bus Routes, Highways & Many Other Amenities. A Must See In Person | Great Detach Family Home, Located A Walk To Schools, Transit, Parks ! Main Floor Features, Kitchen W/Breakfast Area, Walk-Out To Backyard Deck. Good Size Living + Dining Room Combination. Hardwood Stairs Lead To 3 Great Size Rooms, Master Bedroom Features Walk-In Closet + 4 Pc Bath. R/I Bathroom ,Cold Room + Laundry In Basement . Quality Remington Built With Spruce Subfloors. | (Wow) Absolute Show Stopper! 4 +1 Bedrooms Home Finished Basement With Sep Entrance , 175K Of Quality Upgrades, New Roof, New Windows , Heated Floors In Basement, New Kitchen, Appliances, Stamped Concrete In Front And Back Extra Deep And Wide Lot, Steps Away From Mount Royal School And Catholic School, Parks And Shopping, Gourmet Kicthen , House Is Truly A Mesmerising Luxury Book Your Showing Today!! | 4200 Sq Ft Aprx.. Modern Masterpiece!!! Features Spacious 5 Bdrms, 6 Washrooms! Large Formal Dining Room. Finished Basement With Sep Entrance.. Exceptional Layout. Main Flr 10' Ceiling & 9' Ceiling On 2nd Flr! Coffered Ceilings, Hardwood Floor Portlights, Huge Master With 5 Pc Ensuite/Jacuzzi Chef's Kitchen With Granite Counter. Wainscoting, Crown Molding. Custom Built Wet Bar In Basement With Stones And Accent Lighting. |

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax



**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Quarantine Special Package

$50 Per Day



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# કેનેડા આવનારાને હોટેલમાં કવોરન્ટાઈન ફરજિયાત

## પ્રવાસીઓ કેનેડા આવે એટલે તરત જ કવોરન્ટાઈન ટેસ્ટ કરાવવો પડશે, ૩ દિવસનો ખર્ચ સરકાર ભોગવશે

ટોરોન્ટો : વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ૧૨મી ફેબ્રુઆરીએ યોજાયેલી પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું હતું કે, હવેથી વિમાન માર્ગે કેનેડા આવનારા પ્રવાસીઓએ પોતાના ખર્ચે હોટેલમાં બે અઠવાડિયા માટે કવોરન્ટાઈન થવું પડશે. જેનો અમલ ૨૨મી ફેબ્રુઆરીથી થશે. આ નિયમ નવા કોરોના વાઈરસ સામેની સુરક્ષા અને સાવચેતીના પગલા તરીકે લાગુ કરાશે.

પ્રવાસીઓ કેનેડા આવે એટલે તરત જ કવોરન્ટાઈન ટેસ્ટ કરાવવો પડશે. જેને માટે ત્રણ દિવસના કવોરન્ટાઈનનો ખર્ચ સરકારી વ્યવસ્થા ઉઠાવશે. એ દરમિયાન પ્રવાસીઓના પીસીઆર ટેસ્ટનું પરિણામ મળી શકશે. આ ટેસ્ટ રેપીડ ટેસ્ટની સરખામણીમાં વધુ સચોટ અને વિશ્વસનીય હશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પ્રવાસીઓને હોટેલમાં કવોરન્ટાઈન કરવાનો નિર્ણય સજા નથી. પરંતુ પીસીઆર ટેસ્ટનું પરિણામ આવે એટલા સમય પુરતો જ છે.

જો રિપોર્ટ નેગેટીવ આવે તો તેઓ પોતાના ઘરે કે પોતાના કવોરન્ટાઈન પ્લાનની જગ્યાએ જઈને બાકીનો સમય આરામ કરી શકશે. પ્રવાસીઓ માટેના હોટેલ કવોરન્ટાઈનનો અંદાજિત ખર્ચ ૨૦૦૦ યુએસ ડોલર જેટલો થશે. જેમાં



હોટેલના સ્ટાફે પ્રવાસીને એરપોર્ટથી હોટલ સુધી લાવવાનો, એમને ભોજન પુરૂં પાડવાનો અને ઈન્ટરનેટ, રેડીયો અને ટીવીની સુવિધા પુરી પાડવાનો સમાવેશ થાય છે.

કેનેડા આવનારી ઈન્ટરનેશનલ ફલાઈટસ માત્ર વાનકુંવર, કાલગેરી, મોન્ટ્રીયલ અને ટોરોન્ટો એરપોર્ટ પર જ આવી શકશે. આ ઉપરાંત તેમણે કેનેડાના એરપોર્ટ ઉપર અગાઉના નેગેટીવ ટેસ્ટનો પુરાવો રજુ કરવો પડશે. એ રીતે જ ૧૫મી ફેબ્રુઆરી બાદ કેનેડાની લેન્ડ બોર્ડર પસાર કરનારાઓએ પણ કોરોના વાઈરસનો નેગેટિવ રીપોર્ટ રજુ કરવો પડશે. જે બોર્ડર પસાર કરવાના ૭૨ કલાક પહેલાનો હોવો જોઈએ. પ્રવાસ શરૂ કરવાના ૧૪થી ૯૦ દિવસ દરમિયાન જેમના ટેસ્ટ પોઝિટિવ આવ્યા હોય તેમણે પોઝિટિવ ટેસ્ટના પુરાવાઓ પણ રજુ કરવા પડશે અને અત્યારના નેગેટીવ રીપોર્ટ પણ આપવો પડશે. જે પ્રવાસીઓ એમ નહીં કરી શકે તેમણે પ્રતિ દિવસના ૩૦૦૦ યુએસ ડોલરનો દંડ ભરવો પડશે અથવા ક્રિમીનલ પ્રોસીકયુશનનો સામનો કરવો પડશે. આવશ્યક પ્રવાસ કરનારાઓ જેમ કે ટ્રક ડ્રાઈવર્સ માટે આ નિયમ લાગુ નહીં પડે.

કેનેડા આવનારા પ્રવાસીઓએ એરાઈવકેન એપ ડાઉનલોડ કરવું પડશે. આ સરકારી એપ પ્રવાસીઓને સરહદ પાર કરતી વખતે પાળવાના કોરોના વાઈરસ સામેની સાવચેતીઓ વિશે જાણકારી માટે તૈયાર કરવામાં આવ્યું છે.

# હોકી ગેમ દ્વારા કેન્સર રિસર્ચ માટે ૧.૮ મિલિયન યુએસ ડોલર એકત્ર

### •૨૫૨ કલાકનું લક્ષ્ય પાર કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ તોડયો

શેરવુડ પાર્ક, અલ્ટા : આ વર્ષે રમાયેલી સૌથી લાંબી હોકી ગેમે અનેક રેકોર્ડ તોડયા હતા. ૪થી ફેબ્રુઆરીથી શરૂ થયેલી આઉટડોર રીંક પર દિવસના ૨૪ કલાક અને સાત દિવસ સુધી સતત રમાયેલી આ ગેમમાં ૪૦ ખેલાડીઓએ વારાફરતી ભાગ લીધો હતો. આ ઈવેન્ટ યુનિવર્સિટી ઓફ અલ્બર્ટાના રીસર્ચ સેન્ટર માટે ફંડ ઉભુ કરવા યોજાઈ હતી. સોમવારે જયારે રમત પૂર્ણ થઈ ત્યારે તેમણે નિર્ધારીત ૨૫૨ કલાકનું લક્ષ્ય પાર કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ તોડયો હતો. આ અગાઉ પણ તેમના નામે જ હતો. આ ઈવેન્ટના ફસેબુક પેજ પર જણાવાયું હતું કે, અત્યાર સુધીમાં તેમણે ૧.૮૪ મિલીયન યુએસ ડોલર એકત્ર કરી લીધા હતા. જે પણ નવો વિક્રમ હતો. ગેમનો ફાઈનલ સ્કોર ૨૬૪૯થી ૨૫૨૮ ટીમ હોપનો હતો. પરંતુ સાચા વિજેતાઓ તો ક્રોસ કેન્સર ઈન્સ્ટીટયૂટ ખાતેના દર્દીઓ હતા, એમ પણ પોસ્ટમાં જણાવાયું હતું. આ ગેમ શેરવુડ પાર્ક નજીકની એક ગ્રામીણ પ્રોપટી પર રમાઈ હતી. જયાં છેલ્લા ૧૦ દિવસથી વાતાવરણ અત્યંત ઠંડુ અને વિષમ હતું. ખેલાડીઓના સ્કેટ બલેડસ અડધે રસ્તે તૂટી જતા હતા અને ગ્લુ ઉખડી જવાને કારણે એમના માસ્ક પડી જતા હતા. રમત દરમિયાન તાપમાનનો પારો માઈનસ ૪૦થી માઈનસ ૫૫ સે. સુધી પહોંચ્યો હતો અને ઠંડી હવા ચાલી રહી હતી.






# ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૬૩ નવા કેસ, સાજા થવાનો દર ૯૭.૭૧ ટકા

## • ૩૩૬ કેન્દ્રો ઉપર ૩૦૨૮ વ્યક્તિઓને કોરોનાની રસી અપાઈ : અમદાવાદમાં બાવન કેસ નોંધાયા

ગાંધીનગર : ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. ગુરુવારે રાજ્યમાં નવા ૨૬૩ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૨૭૦ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૬૦,૧૯૮ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. ગુરુવારે એક દિવસમાં ૩૩૬ કેન્દ્રો પર ૩૦૨૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારે કુલ ૮,૦૮,૬૫૮ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૭૧ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઇ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઇન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. જો કે બીજી તરફ રાજ્યમાં આજે અમદાવાદ, બોટાદ, ડાંગ, પોરબંદર, સુરેન્દ્રનગર અને તાપી એમ કુલ ૦૬ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧,૬૯૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૧ છે. જ્યારે ૧,૬૬૫ લોકો સ્ટેબલ છે.

## બનાસકાંઠાની શાળામાં ૯ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ

બનાસકાંઠા : જાન્યુઆરી મહિનામાં કોરોનાના કેસ કાબૂમાં આવ્યા હતા. પરંતુ ગુજરાતમાં કોરોનાના કેસમાં ફરી ઉછાળો જોવા મળ્યો છે. રાજ્યમાં છેલ્લા ચાર–પાંચ દિવસમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠામાં પણ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. ડીસાની રામસણ પ્રાથમિક શાળામાં ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. હાલ શાળાઓ ખૂલી ગઈ છે. ત્યારે બનાસકાંઠાના ડીસાની રામસણ પ્રાથમિક શાળામાં ૨ શિક્ષકો અને ૯ વિદ્યાર્થીઓ સહિત ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. શાળાઓ ખૂલતાની સાથે જ કોરોના સંક્રમણ વધ્યું છે. કોરોનાનું સંક્રમણ વધતા શાળા એક અઠવાડિયા માટે બંધ કરાઈ છે. તો શાળામાં ૧૧ કોરોના પોઝિટિવ કેસ આવતા વાલીઓમાં ફફડાટ ફેલાયો છે.

# વિજય રૂપાણી, મંત્રી ભીખુ દલસાણિયા અને વિનોદ ચાવડા કોરોનાની ચપેટમાં

વડોદરામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચાર કરવા ગયેલા રાજયના મુખ્યમંત્ર વિજય રુપાણી રવિવારે ચાલુ ભાષણે ઢળી પડ્યા હતા. જે બાદ તેને સારવાર અર્થે મોડી સાંજે અમદાવાદ ખસેડાયા હતા. જયાં તેની ગત રાતથી જ સારવાર ચાલી રહી છે. દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીના સેમ્પલો લઈને પરિક્ષણ કરાતા તેનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની વિગતો સાંપડી છે. વડોદરામાં સભા દરમિયાન તબિયલ લથડ્યા બાદ રૂપાણીને અમદાવાદ ખસેડાયા હતા. તેમની સાથે-સાથે ભીખુ દલસાણિયા અને વિનોદ ચાવડા કોરોનાની ચપેટમાં આવ્યાની પૃષ્ટિ થઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની હોવાથી રુપાણી અને આ મંત્રીઓ કેટલાક દિવસથી સતત પ્રચાર કરી રહ્યા હતા. દરમિયાનમાં તેઓ ઘણાં નેતાઓ અને કાર્યકર્તાઓના સંપર્કમાં આવ્યા હોવાથી તેઓને ચેપ લાગ્યાનું અનુમાન છે.

# એક સાથે ૨૦ કેસ આવતાં આણંદના ડેમોલ ગામમાં લોકડાઉન અમલમાં

આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકામાં આવેલા ડેમોલ ગામમાં કોરોનાના કેસોએ પુન;માથું ઉંચકતા ગામ તેમજ તાલુકાભરમાં ભારે ભયનું વાતાવરણ પ્રસરી જવા પામ્યું છે. છેલ્લા એક અઠવાડિયામાં ૨૦ જેટલા કોરોનાના કેસો સામે આવતા જ આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું છે અને ઘરે ઘરે ફરીને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તકેદારીના પગલાં રૂપે ગામામં સંપૂર્ણ લોકડાઉન કર્યું છે અને સવારના ૭થી ૯ અને સાંજના ૫થી ૭ જીવનજરૂરિયાતની વસ્તુઓની ખરીદી માટે છૂટ અપાશેનું જાણવા મળ્યું છે. એક બાજુ દેશમાંથી કોરોનાની વિદાયની તૈયારી થઈ રહી છે, તો બીજી બાજુ ડેમોલ જેવા નાનકડા ગામમાં મોટી સંખ્યામાં અચાનક રીતે આવેલા કોરોનાના કેસોથી ગામ સ્તબ્ધતા પામેલ છે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# બાળસિંહનો થતો શિકારઃ પાલનપુરમાં ટોળકીએ ૧૨ હજારમાં નખ વેચી માર્યા

જૂનાગઢના ડુંગરપુર રેવન્યુ વિસ્તારમાં લોકડાઉન દરમિયાન એક સિંહબાળનો શિકાર થયાનો ઘટસ્ફેટ થયા બાદ પકડાયેલ શિકારી ટોળકીની પૂછતાછમાં સિંહબાળના નખ પાલનપુરમાં ૧૨ હજારમાં વેચી નાખ્યાનું બહાર આવ્યું છે, જેથી વધુ તપાસ માટે વન વિભાગે શિકારી ટોળકીનો લાઈવ ડીટેકશન ટેસ્ટ કરવાની અરજી કરતા તે કોર્ટ નામંજુર કરી દીધી છે.

સુત્રાપાડાના પ્રાંચી ખાંભા રેવન્યુ વિસ્તારમાં શિકારી ટોળકીએ મુકેલા ફંસલામાં એક સિંહબાળ ફસાયા બાદ થઈ રહેલી તપાસમાં વન વિભાગે ૩૮ શખ્સોની ધરપકડ કરી હતી, ત્યાર બાદ દ્વારકાના રૂપેણી બંદર ખાતેથી પકડેલા પાંચ શિકારીના પાંચ દિવસના રિમાન્ડ મેળવી તપાસ કરતા જૂનાગઢના ડુંગરપુરમાં સાત-આઠ માસ પહેલા એક સિંહબાળનો શિકાર કર્યો હોવાનું સામે આવ્યું હતું. જેની સાથે સંકળાયેલા અને ભાવનગરના ઘોઘા ચોકડી બગદાણા વિસ્તારમાંથી પકડાયેલ અન્ય ચાર શિકારીનો જૂનાગઢ વન વિભાગે કબજો લઈને તેને બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા, જેની તપાસ અને પૂછતાછમાં સિંહબાળ ફંસલામાં ફસાઈ ગયા બાદ તેને મારી નાખી પોતાના દંગા પર લાવી નખ કાઢી સિંહબાળને અજાણી જગ્યાએ ડેમના પાણીમાં ફેંકી દીધેલ હોવાની કબુલાત આપી હતી, સાથે આ સિંહબાળના નખ પાલનપુરમાં કરીમ સોફલા નામના શખ્સને ૧૨ હજારમાં વેચી દીધાની કબુલાત આપી હતી. પરંતુ બાદમાં આરોપીઓના રિમાન્ડ દરમિયાન તેમના નિવેદનો વિરોધાભાસ ઉભો કરતા હોવાનું અને આજે આ નવ આરોપીઓના રિમાન્ડ પુરા થતા તમામને જૂનાગઢ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા.

# પોરબંદરનો ફિશરીઝ ઉદ્યોગ મરણ પથારીએ, ૭૦ ટકા બોટ બંધ થઈ

- માછીમારો માટે ખાસ પેકેજ જાહેર કરવા પીએમને રજૂઆત

પોરબંદરઃ પોરબંદર મરીન ફિશરીઝ કો -ઓપ સોસાયટી દ્વારા વડાપ્રધાન મોદીને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષથી માછીમારી ઉદ્યોગમાં મહામારી ચાલી રહી છે. મચ્છીનો જથ્થો મળતો નથી. મચ્છીના ભાવો અપુરતા મળે છે. ડીઝલના ભાવો આસમાને જઈ રહ્યા છે. જેથી બોટ ચલાવી શકાય તેમ નથી. એટલે હાલમાં૭૦%માછીમાર બોટ બંધ થઈ ગઈ છે અને માછીમારો બેહાલ થઈ ગયા છે. આવી હાલત માં સરકારે આગળ આવી માછીમાર ને વહેલીતકે સહાય કરવા રજુઆત કરી છે.

માછીમારોને બેંકમાથી લોન લીધેલ હોય તેમના હપ્તા ભરવાની શક્તિ નથી રહી કેમકે ઘરના કુટુંબને બે ટક જમવાના ફંફ થઈ ગયા છે. વધારામાં સરકારના નિર્ણય પ્રમાણે રાજ્યની૧૯૦૦ ફેક્ટરીના ઝેરી કેમિકલયુક્ત પાણીની નિકાસ પાઈપ લાઈન મારફતે દરિયામાં ઠાલવવાની મંજૂરી અપાઈ રહી છે. તે ઝેરી પાણી દ્વારા દરિયામાં જે માછલી બચી છે તેનો નાશ કરી નાખશે. ડીઝલ -પેટ્રોલમા દિવસેને દિવસે ભાવ વધારો થઈ રહ્યો છે.નજીકમાં પ્રદુષણના કારણે માછલી મળતી નથી.

# જસદણમાં ભાઈએ પ્રેમી સાથે ભાગી ગયેલી બહેનને છરીના ઘા ઝીંકી પતાવી દીધી

જસદણ : આટકોટમાં પ્રેમી સાથે પલાયન થઈ ગયેલી વિધવા યુવતીને પરત લાવીને તેના ભાઈએ તેના પર છરીથી હુમલો કરી નાખ્યો હતો. આટકોટમાં જસદણ ચોકડીએ રહેતી જ્યોત્સના કાળુભાઈ સાડમિયા નામની ૨૭ વર્ષીય મહિલાને તેના ભાઈ અશોક કાળુભાઈ વાઘેલાએ પેટ અને ગળાના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા. જ્યોત્સનાને ગંભીર ઈજાઓ થઈ હોવાને કારણે તેને આટકોટમાં પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ રાજકોટ ખસેડાઈ હતી. તેના માતાના જણાવ્યા મુજબ જ્યોત્સનાના પતિનું ચારેક વરસ પહેલાં અવસાન થયું હતું. થોડા દિવસ પહેલાં તે બાજુના ગામના સંજય નામના શખ્સ સાથે પલાયન થઈ ગઈ હતી. તે પોતાના સંતાનોને પણ સાથે લઈ ગઈ નહોતી. આ કારણથી ઉશ્કેરાયેલા અશોકે તેને પાછી લાવીને છરીના ઘા ઝીંકી દીધા હતા.

# રાજકોટઃ ઈન્સ્ટાગ્રામ પર પ્રેમ, પોણા બે માસ પહેલાં લગ્ન, અંતે આપઘાત

- અમદાવાદના દેત્રોજના દિશા પટેલે રાજકોટમાં ફાંસો ખાધો

રાજકોટ : દેત્રોજ તાલુકાના અશોકનગર ગામમાં રહેતી દિશા પટેલએ પોણા બે માસ પહેલાં રાજકોટમાં રહેતા ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ હર્ષદ કમલેશ ઘેડિયા સાથે લવમેરેજ કરી લીધા બાદ ગઈકાલે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઈન્સ્ટાગ્રામ થકી દિશા છ માસ પહેલાં હર્ષદના પરિચયમાં આવી હતી. બાદમાં બંનેએ અમરેલીના નાની કુંકાવાવ ગ્રામપંચાયતમાં લવ મેરેજ કરી લીધા હતા. ગઈ તા.૨૧ ડિસેમ્બરે દિશા ઘરેથી ભાગી હતી. તે પહેલાં તે એક ચીઠ્ઠી મુકતી ગઈ હતી. જેમાં તેણે લખ્યું હતું કે, મેં લગ્ન કરી લીધા છે અને મારી મરજીથી ઘર છોડીને જઈ રહી છે. પરિવારજનોને સંબોધીને તેણે વધુમાં લખ્યું કે, તમારે મને સ્વીકારવી હોય તો મને શોધજો.‘ જેને કારણે પરિવારના સભ્યોએ તેની ઘણી શોધખોળ કરી હતી, પરંતુ પતો મળ્યો ન હતો. ત્રણેક દિવસ બાદ દિશાએ પિતા પરસોતમ લલુભાઈ પટેલને કોલ કરી કહ્યું કે, મેં રાજકોટમાં રહેતા ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ હર્ષદ સોની સાથે મેરેજ કરી લીધા છે. અમેં હાલ મુંબઈ છીએ. જેથી તેના પિતાએ કહ્યું કે, તમેં ઘરે આવી જાવ, તો દિશાએ કહ્યું કે અમેં રાજકોટ આવીએ ત્યારે તમે મળવા આવજો તેમ કહી ફોન કાપી નાખ્યો હતો.

# અમરેલીમાં મહિલાને માર મારીને ઘરમાંથી રૂપિયા ૩ લાખની મતાની લૂંટ ચલાવાઈ

અમરેલીઃ અમરેલીમાં રહેતી એક મહિલાના ઘરમાં ઘૂસીને તેના જ સગાઓએ વાળ પકડીને બેફામ માર માર્યા બાદ રોકડ અને દાગીના મળીને ૩ લાખની મત્તાની લૂંટ ચલાવાઈ હતી. અમરેલીમાં મોટા કસ્બાવાડ વિસ્તારમાં રહેતા સલમાબેન ઈમરાનભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ તા.૧૪ના રોજ રાત્રીએ તેના પતિએ દવા પીધી હોવાથી તેઓ સિવિલ હોસ્પિટલમાં હતા અને આ મહિલા તેમની પાસેથી રાત્રે ઘરે પરત ફર્યા હતા. દરમિયાન આઠ જેટલા સગાઓ એકાએક જ ઘરમાં ઘૂસી આવ્યા હતા અને બેફામ ગાળો આપ્યા બાદ એક વ્યક્તિએ મહિલાના વાળ પકડયા હતા અને ત્રીજા રુમમાં લઈ જઈને બેફામ રીતે ઢીકાપાટુનો માર મારીને ઘરમાં કબાટમાં પડેલા રોકડા રુ. ૧.૫૦ લાખ તથા દોઢ લાખના દાગીનાની મત્તાની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા.

# પોરબંદરમાં ઘરવાળી અને બહારવાળીએ પાલિકાના એક વોર્ડમાં ઝંપલાવતા માથાકૂટ

પોરબંદર : પોરબંદરમાં ઘરવાળી અને બહારવારીએ નગર પાલિકાના એક જ વોર્ડમાં ચૂંટણીમાં ઝંપલાવતા પતિએ માથાકૂટ કરી હોવાની વાત સામે આવી રહી છે. આ કિસ્સામાં ઓરીજનલ પત્નીએ ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી તો બહારવાળીએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. ઘરવાળી અને બહારવાળીએ સામ સામે ઉમેદવારી નોંધાવતા મહિલાના પતિ એવા પોરબંદર જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ દ્વારા બહારવાળીના ઘર બહાર તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, ચૂંટણીમાંથી ખસી જવા અને પ્રચારમાં ન જવાની પણ ધમકી આપી છે. આ ઘટનાને પગલે આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવા તજવીજ હાથ ધરાઈ છે. ૉરબંદરના આ અજીબો ગરીબ કિસ્સામાં મહિલાના પતિએ બહારવાળીના ઘર બહાર તોડફોડ કર્યા બાદ બંને વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીતનો ઓડિયો પણ સામે આવતા ખળભળાટ મચી જવા પામી છે. ઓડિયો ક્લિપમાં પતિ બહારવાળીને ચૂંટણી પ્રચારમાં ન જવા માટે ધમકી આપે છે. તમને જણાવી દઈએ કે પોરબંદર નગરપાલિકાના વોર્ડ નંબર-૩માંથી ભાજપના મહિલા ઉમેદવાર ઉષા સીડા (પ્રથમ પત્ની) ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે તેમની સામે કૉંગ્રેસમાંથી શાંતિબેન (કથિત પત્ની) ઉમેદવારી કરી રહ્યા છે.

અત્રે નોંધનીય છે, ઘરવાળી અને બહારવાળીના પતિ એવા કેશુ સીડાની ગણતરી ભાજપના સિનીયર નેતાઓમાં થાય છે. તેમણે ઉષા સીડા સાથે લગ્ન કર્યા છે. લગ્ન જીવનમાં તેમને ચાર દીકરી અને એક દીકરો છે. કેશુ સીડાએ પોતાના બીજા ઘરમાં શાંતિબેનને રાખ્યા છે. જેમને પણ તેઓ પોતાની પત્ની માને છે. શાંતિબેનને સંતાનમાં એક દીકરો અને દીકરી છે.

# જૂનાગઢમાં પેટાચૂંટણી સંવેદનશીલ બની, ભાજપ નગરસેવિકાના પતિ પર હુમલો

- ભાજપ-કોંગ્રેસ વચ્ચે વધતા તણાવને લઈને પોલીસે ગુરુવારે સાંજે ફૂટ પેટ્રોલિંગ પણ કર્યું

જૂનાગઢ : જૂનાગઢ શહેરમાં વોર્ડ નંબર ૧૫ ની પેટા ચૂંટણી દિવસે દિવસે સંવેદનશીલ બનતી હોય તેવું લાગી રહ્યું છે. બે દિવસ પહેલા કોંગ્રેસ કાર્યકરો પર હુમલા બાદ આજે મોડી રાતે ભાજપ નગરસેવીકાના પતિ પર હુમલો થયાનું બહાર આવ્યું છે.

ઘટનાની જાણ થતાં સંજયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, અહીં તેમના પત્નીએ આક્ષેપ કર્યો છે કે, તેના પતિ પતિ પર કોંગ્રેસના કાર્યકરોએ હુમલો કર્યો છે, હુમલામાં એસઆરપી જવાન સાથે પણ ઝપાઝપી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

હાલ તો પોલીસ દ્વારા ફરિયાદ લેવાની કામગીરી શરૂ કરીને તે વિસ્તારમાં બંદોબસ્ત મૂકવામાં આવ્યો છે, અત્રે ઉલ્લેખનીય છે કે, પેટા ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ વચ્ચે વધતા તણાવને લઈને પોલીસે આજે સાંજે ફૂટ પેટ્રોલિંગ પણ કર્યું હતું, પરંતુ મામલો તંગ ગરમાયો હોવાની સ્થિતિ છે. બે દિવસ પહેલા કોંગ્રેસ કાર્યકરો ઉપર હુમલાબાદ ભાજપના નિકટતમ ઉપર હુમલો કરવામાં આવ્યો છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૭૬૧-૧૩૧૭

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527,
647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ટેસ્લા દ્વારા રોકાણની જાહેરાત બાદ બિટકોઈનનો ભાવ ૫૦ હજાર અમેરિકન ડોલરને આંબી ગયો

# આભાસી ચલણ બિટકોઇનમાં ફૂલગુલાબી તેજી

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ઈલોન મસ્કની ઓટો કંપની ટેસ્લાએ બિટકોઈનમાં ૧.૫ અબજ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કર્યા બાદ બિટકોઈનના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે. આગામી સમયમાં બિટકોઈનના ભાવ દોઢ લાખ ડોલર સુધી પહોંચી શકે છે. તેવો મત જાણકારોએ વ્યક્ત કર્યો છે. દુનિયાભરમાં બિટકોઈન નામની વર્ચ્યુઅલ કરન્સીનું વર્ચસ્વ વધી રહ્યું છે. ગત અઠવાડિયે બિટકોઈનનો ભાવ ૪૮ હજાર અમેરિકન ડોલર હતો. જે આજે ૫૦ હજાર ડોલરની વિક્રમી ઊંચાઈને આંબી ગયો છે. કોરોના મહામારીના આ અનિશ્ચિતતા ભર્યા માહોલમાં પૈસા સલામત રાખવાના એક ઉપાય તરીકે બીટકોઈનનું ચલણ વધ્યું હોવાનું મનાય છે.

કોરોનાકાળમાં સોના, ચાંદી અને પ્લેટિનમની જેમ જ બીટકોઈનના ભાવ અનેક ગણા વધી ગયા છે. બીટકોઈનની રચનાની ખાસિયતના લીધે હવે નવા બીટકોઈન બનવાના બંધ થઈ ગયા છે. તેથી જે બીટકોઈન અસ્તિત્ત્વમાં છે એના ભાવમાં આડેધડ વધારો થઈ રહ્યો છે. બિટકોઈનનો ભાવ આગામી સમયમાં દોઢ લાખ ડોલરને આંબી જાય તેવી આગાહી પણ કેટલાક જાણકારો કરી રહ્યા છે. હકીકતમાં ઈલોન મસ્કની ઓટો કંપની ટેસ્લાએ બિટકોઈનમાં ૧.૫ અબજ ડોલરનું રોકાણ કરવાની વાત કરી છે. તે પછી બિટકોઈનના ભાવમાં ઉછાળો આવ્યો હોવાનું સ્પષ્ટ વર્તાયું છે. ટેસ્લાએ તો આગામી સમયમાં પોતાની કારનું વેચાણ પણ બિટકોઈનના માધ્યમથી કરી શકે છે.

દુનિયાની અનેક જાણીતી કંપનીઓ પણ તેની ધંધાકીય લેવડદેવડમાં બિટકોઈનને અપનાવવાની દીશામાં ગંભીરતાથી વિચારણા કરવા માંડી છે. એનો મતલબ એ કે દુનિયાભરમાં આ ક્રિપ્ટોકરન્સીનો સ્વીકાર થવા લાગ્યો છે. છેલ્લા ઘણાં સમયથી બિટકોઈન તેમજ અન્ય ક્રિપ્ટોકરન્સી વિશે દુનિયાના મોટાભાગના લોકોએ માત્ર ચર્ચા જ સાંભળી છે. બિટકોઈન તેમજ એના જેવી અન્ય ક્રિપ્ટોકરન્સી વર્ચ્યુઅલ કરન્સી છે. જેમ રૂપિયા કે ડોલરની નોટ અને સિક્કા હોય એવુ આ બિટકોઈનમાં નથી. રૂપિયાની કિંમતનો આધાર આપણી અર્થવ્યવસ્થા પર છે અને ડોલરની કિંમતનો આધાર અમેરિકાની અર્થવ્યવસ્થા પર નિર્ભર છે.

જયારે છેલ્લાં પાંચેક વર્ષથી તમને સાંભળવા મળતા બિટકોઈનનો આવો કોઈ આધાર નથી. મતલબ કે, દુનિયાની કોઈ સરકાર કે બેંક આ ચલણનું નિયમન કરતી નથી. બિટકોઈનની કિંમતમાં વધઘટ તેના પર રમાતી સટ્ટાબાજીના આધારે થાય છે. બિટકોઈનનો ઈતિહાસ બહુ જૂનો નથી. ૧૮ ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ બિટકોઈનના નામે ડોમેઈન રજિસ્ટર થયું હતુ. જાન્યુઆરી ૨૦૦૯માં સાતોશી નાકામોટો નામના કોઈ અજ્ઞાત વ્યક્તિએ બિટકોઈન સોફ્ટવેર ઓપન સોર્સ તરીકે ઈન્ટરનેટ પર મૂક્યો. નાકામોટોની ઓળખ તો અજાણી જ રહી, પરંતુ તે જાપાનનો કોઈ સોફ્ટવેર નિષ્ણાંત હોવાનું મનાય છે. બિટકોઈન એક જટિલ કમ્પ્યુટર પ્રક્રિયા દ્વારા તૈયાર થાય છે. જેને બિટકોઈન માઈનિંગ કહેવામાં આવે છે. આ કામગીરી કરવા માટે અત્યાધુનિક અને શક્તિશાળી કમ્પ્યુટરની આવશ્યકતા રહે છે. આ ઉપરાંત માઈનિંગ સોફ્ટવેર પણ જરૂરી છે.

બિટકોઈન કોઈ એક કમ્પ્યુટરથી તૈયાર થઈ શકતો નથી. પરંતુ દુનિયાભરમાં મોજૂદ કમ્પ્યુટર નેટવર્ક દ્વારા તે તૈયાર કરવામાં આવે છે. રોજના સરેરાશ ૩૬૦૦ બિટકોઈન તૈયાર કરવામાં આવે છે.બિટકોઈન બનાવવા માટે બે કરોડ દસ લાખની મર્યાદા નક્કી કરવામાં આવી છે. મતલબ કે, આ સંખ્યાએ પહોંચ્યા પછી નવા બિટકોઈન બનાવાશે નહીં. બિટકોઈન કોઈ બેંકે જારી કર્યો નથી અને તે કોઈ દેશનું અધિકૃત ચલણ પણ નથી.

તેને કારણે તેના પર સરકારી નિયંત્રણ નથી. ખરું જોતા આ કરન્સી માત્ર કોડ સ્વરૂપે હોવાથી તેને ન તો જપ્ત કરી શકાય છે કે ન તો નષ્ટ કરી શકાય છે. બિટકોઈન ખરીદવા માટે યૂઝરે એક એડ્રેસ રજિસ્ટર કરાવવો પડે છે. આ એડ્રેસ ૨૭-૩૪ અક્ષરો કે અંકોના કોડમાં હોય છે અને એક વર્ચ્યુઅલ એડ્રેસ તરીકે કામ કરે છે. આ એડ્રેસ બિટકોઈન વોલેટમાં સ્ટોર કરવામાં આવે છે. આ આભાસી એડ્રેસ ઉપર જ બિટકોઈનનું ખરીદ-વેચાણ થાય છે. આવા આભાસી એટલે કે વર્ચ્યુઅલ એડ્રેસ રજિસ્ટર ન હોવાથી બિટકોઈન ધરાવતા લોકોની ઓળખ ગુપ્ત રહે છે. સૌથી મહત્વની વાત તો એ છે કે, બિટકોઈનની સંખ્યા અને સપ્લાય મર્યાદિત હોવાથી તેની કિંમતોમાં ભારે ઉછાળ જોવા મળે છે. બિટકોઈન રચાયા બાદ તેની કિંમતમાં અનેક ગણો ઉછાળો આવ્યો છે. એક અંદાજ પ્રમાણે હજારો ભારતીયોએ પણ બિટકોઈનમાં રોકાણ કર્યું છે. મજાની વાત એ છે કે જેમ જેમ બિટકોઈનમાં ઉછાળાની ખબરો ફેલાય છે તેમ તેમ તેની કિંમતો વધુને વધુ ઊંચે જાય છે. હવે જે ચલણની કિંમતમાં ચઢાવ-ઉતાર માત્ર તેના અંગેની ખબરો ફેલાવાથી થતો હોય તેમાં રોકાણ કરવું કેટલું જોખમી ગણાય ? આભાસી ચલણના વધી રહેલા ઉપયોગનું મુખ્ય કારણ એ છે કે તેના દ્વારા થતી લેવડદેવડ અંગે તપાસ કરવી મુશ્કેલ છે.

બિટકોઈનનું સમર્થન કરતા લોકોની દલીલ છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે પૈસાના ટ્રાન્સફર માટે તે ખૂબ સચોટ અને ઝડપી ઉપાય છે. જોકે આવા આભાસી ચલણનો વિરોધ કરતા લોકોનું કહેવું છે કે તેના દ્વારા ડ્રગ્સ અને હથિયારો જેવા ગેરકાયદેસર ધંધાઓ ફૂલશે ફાલશે. થોડા વખત પહેલા જ અમેરિકામાં ડ્રગ્સ વેચતી એક કંપની બંધ કરી દેવામાં આવી હતી. આ કંપની તેના માલનું વેચાણ બિટકોઈન મારફત કરતી હતી. અમેરિકાની નાણાકીય સંસ્થાઓ અને એફબીઆઇ જેવી એજન્સીઓ પણ બિટકોઈન દ્વારા ગેરકાનૂની કામો વધવાની ચેતવણી આપી ચૂકી છે. ચીન ઉપરાંત જર્મની અને ફ્રાન્સ જેવા યુરોપી દેશો પણ લોકોને ચેતવણી આપી ચૂક્યાં છે કે, આભાસી નાણું જોખમ ભરેલી અંધકારમય દુનિયા છે.

અત્યાર સુધી જે દેશો પાસે પેટ્રોલિયમ અને ડોલર જેવી મુદ્રાના ભંડાર હોય એ જ શ્રીમંત દેશો મનાતા રહ્યાં છે. પરંતુ કેટલાક જાણકારોના મતે ક્રિપ્ટો કરન્સી ધરાવતા દેશો શ્રીમંત ગણાશે. રશિયા તો આવી ક્રિપ્ટો કરન્સીમાં ભારે રસ લઈ રહ્યું છે. આભાસી ચલણની દુનિયામાં બિટકોઈન એકલું જ નથી. ઈથેરિયમ અને રિપલ જેવી વર્ચ્યુઅલ કરન્સી પણ મેદાનમાં છે. હાલ માર્કેટ કેપિટલાઈઝેશનના મામલે ૧૬૨.૫ અબજ ડોલર સાથે બિટકોઈન સૌથી ટોચે રહેલી ક્રિપ્ટો કરન્સી છે.

એ પછી ૨૫ અબજ ડોલર સાથે ઈથેરિયમ બીજા સ્થાને અને ૧૦ અબજ ડોલર સાથે એક્સઆરપી રિપલ ત્રીજા સ્થાને છે. તો બિટકોઈન કેશ ૬ અબજ ડોલરની માર્કેટ કેપ સાથે ચોથા સ્થાને છે. ૪.૬ અબજની માર્કેટ કેપ સાથે ટીથર પાંચમા સ્થાને અને ૪ અબજની માર્કેટ કેપ સાથે બિટકોઈન એસવી છઠ્ઠા સ્થાને છે. કિંમતની દ્રષ્ટિએ પણ બિટકોઈન ટોચના સ્થાને છે. એક બિટકોઈનની કિંમત આજે ૮૯૦૩ ડોલર જેટલી ઊંચી છે. તો ઈથેરિયમની કિંમત ૨૨૮ ડોલર છે અને બિટકોઈન કેશની કિંમત ૩૩૧ ડોલર તેમજ બિટકોઈન એસવીની કિંમત ૨૩૫ ડોલર છે.



**બિટકોઇન કોઇ દેશનું અધિકૃત ચલણ પણ નથી તેથી બિટકોઇન પર કોઇ ટેક્સ લાગતો નથી, જેને કારણે દુનિયાની અનેક કંપનીઓ ધંધાકીય લેવડદેવડમાં બિટકોઇનને અપનાવવાની પેરવી કરવા માંડી**



## ગુજરાતી ગાયક-સંગીતકાર દર્શન રાવલ કોરોના પોઝિટિવ

મૂળ ગુજરાતી અને બોલીવૂડમાં નાની ઉંમરમાં પોતાનું નામ રોશન કરનાર ગાયક, સંગીતકાર, ગીતકાર અને અભિનેતા દર્શન રાવલને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગીતકાર દર્શન રાવલ કોરોના પોઝિટિવ આવ્યા છે અને તેઓ હાલ હોમ કોરોન્ટાઈન થયા છે અને ત્યાં જ સારવાર અપાઈ રહી છે. સિંગર દર્શન રાવલે ટ્વટર પર માહિતી આપી હતી કે, તેને કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. તેમજ તેણે પોતાની જાતને હોમ કોરોન્ટાઈન કરી છે.

**ફિલ્મી ગપશપ**

## હિન્દી સિનેમા જગતમાં મહાનાયક અમિતાભ બચ્ચને 52 પૂર્ણ વર્ષ કર્યા

હિન્દી સિનેમાના મહાનાયક અમિતાભ બચ્ચને ઈન્ડસ્ટ્રી અને દર્શકોના દિલમાં પોતાની અલગ છાપ છોડવામાં કોઈ કસર છોડી નથી. પોતાની સખત મહેનતના લીધે તેમણે ન ફક્ત એક અલગ સ્થાન પ્રાપ્ત કર્યું પરંતુ દાદાસાહેબ ફાળકે અવૉર્ડ પણ પ્રાપ્ત કર્યો. તેમણે પોતાની કારકિર્દીમાં અનેક સુપરહિટ ફિલ્મો આપી છે. તેમ જ ઉંમરના આ તબક્કામાં પણ એક્ટિંગમાં સતત કાર્યરત રહે છે અને આવનારી પેઢીઓ માટે એક ઉદાહરણ છે. તાજેતરમાં અમિતાભ બચ્ચને ઈન્ડસ્ટ્રીમાં ૫૨ વર્ષ પૂર્ણ કર્યા છે. બિગ-બીએ પોતાના જૂના દિવસોને યાદ કરતા પોતાની ઘણી થ્રૉ-બેક તસવીરો સોશિયલ મીડિયા પર ફૅન્સ સાથે શૅર કરી છે. તેમણે ટ્વિટ કરીને જણાવ્યું કે આજના જ દિવસે તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. બિગ-બીના ફૅન્સ સોશિયલ મીડિયા પર તેમને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.



## ‘બાહુબલી’ ફેમ પ્રભાસ ૧૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થતાં મુશ્કેલીમાં

કહેવામાં આવી રહ્યું છે કે ‘બાહુબલી’ ફેમ પ્રભાસ ૧૦૦૦ કરોડના દેવામાં ડૂબી ગયો છે. અને આ સમય તેના માટે ખૂબ મુશ્કેલ છે. રિપોર્ટ અનુસાર પ્રભાસની પોતાની પ્રોડક્શન કંપની યુવી ક્રિએશન્સ અને વી. સેલ્યુલોઇડને હાલમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. સૌ કોઇ જાણે છે કે, વર્ષ ૨૦૨૦ એ આખી દુનિયા માટે ઘણી મુશ્કેલીઓ લઇને આવ્યું હતું. વર્ષ ૨૦૨માં કોરોના મહામારીએ ઘણા લોકોના પ્રિયજનો છીનવી લીધા, ઘણા વેપાર-ધંધા અટવાઈ ગયા અથવા બંધ થઇ ગયા. આ રોગચાળાએ આખી દુનિયાને પાછળ ધકેલી દીધી છે. તે જ સમયે ફિલ્મ જગતને હજી પણ ભારે નુકસાન સહન કરવું પડી રહ્યું છે. આવી સ્થિતિમાં બાહુબલી ફેમ અભિનેતા પ્રભાસની પોતાની પ્રોડક્શન કંપનીને પણ નુકસાનનો સામનો કરવો પડ્યો છે.



## ‘એમએસ ધોની’માં સુશાંતના કો-એક્ટર સંદીપ નાહરનો આપઘાત

મુંબઈ: સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યાના દુ:સ્વપ્નમાંથી બહાર નથી આવ્યાં ત્યાં તેના કો સ્ટારે જીંદગી ટૂંકાવી છે. ગોરેગાંવના ઘરમાં એક્ટર સંદીપ નાહરનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસના જણાવ્યાનુસાર એક્ટરે આત્મહત્યા કરી છે. એક્ટર સંદીપ નાહરે ’એમએસ ધોની’, ’કેસરી’ જેવી ફિલ્મ્સ તેમજ ’શુક્રાણું’ જેવી સીરિઝમાં કામ કર્યું હતું. સંદીપે ફેસબુક પર એક સુસાઈડ નોટ પણ શેર કરી છે. જેમાં તેણે પર્સનલ જિંદગી અને પ્રોફેશનલ લાઈફમાં પડી રહેલી મુશ્કેલીઓ વિશે ઉલ્લેખ કર્યો હતો. સંદીપના નિધનના સમાચારથી ફેન્સ દુ:ખી છે. એક્ટરે પોતાના ફેસબુક પેજ પર એક ખૂબ જ દુ:ખદ પોસ્ટ લખીને જીવન ટૂંકાવ્યું હતું. હાલ તો પોલીસ આ ઘટના અંગે વધુ તપાસ કરી રહી છે . આત્મહત્યા કરતા પહેલા એક્ટરે ફેસબુક પર સુસાઈડ નોટ લખી હતી.



## ક્રિટિક ચોઈસ અવોર્ડ્સ 2021

# ‘સ્કેમ 1992’ બેસ્ટ વેબ સિરીઝ બની, બેસ્ક એક્ટરમાં પ્રતીક ગાંધી



ક્રિટિક્સ ચોઈસ અવોર્ડ્સના ત્રીજા એડિશનમાં એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રીના કલાકારો, ટેક્નિશિયન્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સની સફળતાને સેલિબ્રેટ કરાઈ. સૌથી પોપ્યુલર સેરેમનીમાંની એક આ અવોર્ડ સેરેમનીમાં બધી ભારતીત ભાષાઓની ફીચર ફિલ્મો, વેબ સિરીઝ અને શોર્ટ ફિલ્મોની પ્રતિભાઓ, કલાકારો અને ટેક્નિશિયનને સન્માનિત કરાયા.

### શોર્ટ ફિલ્મ્સ

| કેટેગરી | વિનર | શોર્ટ ફિલ્મ |
|---|---|---|
| બેસ્ટ શોર્ટ ફિલ્મ | બેબાક | |
| બેસ્ટ ડિરેક્ટર | શાઝિયા ઇકબાલ | બેબાક |
| બેસ્ટ એક્ટર | આદિલ હુસૈન | મીલ |
| બેસ્ટ એક્ટ્રેસ | અમૃતા સુભાષ | ધ બૂથ |
| બેસ્ટ રાઇટિંગ | શાઝિયા ઇકબાલ | બેબાક |

### વેબ સિરીઝ

| કેટેગરી | વિનર | વેબ સિરીઝ |
|---|---|---|
| બેસ્ટ વેબ સિરીઝ | સ્કેમ ૧૯૯૨ | |
| બેસ્ટ એક્ટર | પ્રતીક ગાંધી | સ્કેમ ૧૯૯૨ |
| બેસ્ટ એક્ટ્રેસ | સુષ્મિતા સેન | આર્યા |
| બેસ્ટ કો-એક્ટર | અભિષેક બનર્જી | પાતાલ લોક |
| બેસ્ટ કો-એક્ટ્રેસ | સ્વસ્તિકા મુખર્જી | પાતાલ લોક |
| બેસ્ટ રાઇટિંગ | સુમિત પુરોહિત, સૌરવ ડે, વૈભવ વિશાલ, કરણ વ્યાસ | સ્કેમ ૧૯૯૨ |

### ફીચર ફિલ્મ્સ

| કેટેગરી | વિનર | ફીચર ફિલ્મ |
|---|---|---|
| બેસ્ટ ફિલ્મ | ઇબ આલે ઉ | |
| બેસ્ટ ડિરેક્ટર | પ્રતીક વત્સ | ઇબ આલે ઉ |
| બેસ્ટ એક્ટર | મનોજ બાજપેયી | ભોંસલે |
| બેસ્ટ એક્ટ્રેસ | તિલોત્તમા શોમ | સર |
| બેસ્ટ કો-એક્ટર | પંકજ ત્રિપાઠી | ગુંજન સક્સેના |
| બેસ્ટ કો-એક્ટ્રેસ | સઇ પલ્લવી | પાવા કધાઈગલ(તમિળ) |
| બેસ્ટ રાઇટિંગ | સાચી | અયપ્પનમ કોશિયમ (મલયાલમ) |
| બેસ્ટ સિનેમેટોગ્રાફી | સિદ્ધાર્થ દીવાન બુલબુલ | |
| બેસ્ટ એડિટિંગ | મહેશ નારાયણન | સી યુ સૂન (મલયાલમ) |

## દિયા મિર્ઝાએ બિઝનેસમેન વૈભવ સાથે કર્યા લગ્ન



બોલિવૂડ એક્ટ્રેસ દિયા મિર્ઝા અને વૈભવ રેખીના લગ્ન સોમવારે એટલે કે તારીખ ૧૫મી ફેબ્રુઆરીએ થઈ રહ્યા છે. લગ્ન માટે એક્ટ્રેસ દિયા મિર્ઝાનું ઘર ડેકોરેટ કરવામાં આવ્યું છે અને બોલિવૂડ સ્ટાર્સ તેના ઘરે પહોંચી રહ્યા છે. તમને જણાવી દઈએ કે દિયા મિર્ઝાના આ બીજા લગ્ન છે. અગાઉ તેણે બિઝનેસ પાર્ટનર અને ફ્રેન્ડ સાહિલ સાંઘા સાથે ૨૦૧૪માં લગ્ન કર્યા હતા. જો કે, ૫ વર્ષ બાદ ૨૦૧૯માં કપલ અલગ થયું હતું. દિયા અને સાહિલે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને છૂટા પડી રહ્યા હોવાની જાહેરાત કરી હતી. તેમણે એમ જણાવ્યું હતું કે અલગ થયા પછી તેઓ સારા મિત્રો બની રહેશે. ત્યારે બીજી બાજુ વૈભવ રેખી પણ બીજા લગ્ન કરી રહ્યો છે. વૈભવે અગાઉ જાણીતા યોગ ઈન્સ્ટ્રક્ટર સુનૈના રેખી સાથે લગ્ન કર્યા હતા. વૈભવ અને સુનૈનાની એક દીકરી છે. દિયા મિર્ઝા જે બિલ્ડિંગમાં રહે છે ત્યાં એક મોટું ગાર્ડન છે. અહીં દિયા મિર્ઝાના લગ્ન વૈભવ રેખી સાથે થયા. સોશિયલ મીડિયામાં જોવા મળી રહેલા ફોટોગ્રાફ્સમાં દિયા મિર્ઝા અને વૈભવ રેખી મંડપની નીચે બેઠા છે. કન્યારૂપે જોવા મળેલી દિયા મિર્ઝા આ ફોટોગ્રાફમાં ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. દિયા મિર્ઝા અને વૈભવ રેખીના લગ્નમાં હાજરી આપવા માટે અદિતિ રાવ હૈદરી એક્ટ્રેસના ઘરે પહોંચી છે.

# સુશાંતના મૃત્યુને ૮ મહિના પૂરા, બહેન શ્વેતાએ ઈમોશનલ થઈને કહ્યું- કહાં ચલા ગયા બેબી..

મુંબઈ: બોલિવુડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતના નિધનને ૧૪ ફેબ્રુઆરીના રોજ ૮ મહિના પૂર્ણ થયા છે. સુશાંતનું નિધન ગત વર્ષે ૧૪ જુનના રોજ થયું હતું. હજી સુધી તેમના પરિવારના સભ્યો, મિત્રો અને ચાહકો તેમને ભૂલ્યા નથી. સુશાંતની મોટી બહેન શ્વેતા સિંહ કિર્તી પણ સતત તેને સોશિયલ મીડિયા પર યાદ કરે છે અને તેને ન્યાય અપાવવા માટે એક અભિયાન ચલાવી રહી છે. હવે શ્વેતાએ બીજો ઈમોશનલ મેસેજ લખ્યો છે. સોશિયલ મીડિયા પર સુશાંતની હસતી તસવીર શેર કરતી વખતે શ્વેતાસિંહ કિર્તીએ લખ્યું, ‘કહાં ચલા ગયા બેબી ?? પાછા આવો ... હવે ૮ મહિના થયા ... તમને જોયા નથી અને તમારો અવાજ સાંભળ્યો નથી ... પ્લીઝ, પાછા આવો....‘ તે દરમિયાન, તમને જણાવી દઈએ કે સોમવારે સુશાંતસિંહ રાજપૂતનાં મૃત્યુ કેસમાં ચુકાદો આવવાનો છે. આ કેસમાં મુખ્ય આરોપી રિયા ચક્રવર્તીએ સુશાંતની બહેનો પર તબીબી સલાહ અને શારિરીક સલાહ લીધા વગર દવા આપવાનો આરોપ લગાવ્યો હતો. ગત વર્ષે સપ્ટેમ્બરમાં નોંધાયેલી આ ફરિયાદ પર આજે સોમવારે બોમ્બે હાઈકોર્ટ દ્વારા કેસ અંગે ચુકાદો સંભળાવવામાં આવશે.



# જોર્જટ ક્રશ કાપડ વસ્ત્રોની પેટર્ન



જોર્જટ ક્રશ કાપડ દેખાવે નાની નાની ચપટી લીધી હોય તેવું લાગે છે. જોર્જટ આમતો શરીરને ચોંટી જાય એવું મટીરિયલ છે, તેમાં ક્રશનો સમાવેશ થાય એટલે થોડું ખુલતું રહે છે, તેથી તેને પહેરવાની મજા આવશે, વળી વજનમાં પણ હળવું હોવાથી એ તકલીફનો સામનો પણ નહીં કરે. આ મટીરિયલમાંથી તમે પ્લાઝો અને કૂર્તી સેટ બનાવી શકો છો, કૂર્તીમાં સ્ટેન્ડપટ્ટી અને પેકનેક સુંદર લાગશે, હાઈનેકનું ઓપ્શન પણ રાખી શકાય. જો આ પ્રકારના નેક ન કરાવવા હોય તો ડીપ નેકની પેટર્ન પણ સુંદર લાગશે. અહીં તમે જોઈ શકો છો કે બોટલ ગ્રીન કલરનો ડ્રેસ પેકનેક અને પ્લાઝો પેટર્નમાં બનાવાયો છે, આ કાપડ પ્લેઈન જ છે પણ તેમાં તમે ચાહો તો તેમાં થોડું વર્ક કરાવી શકો છો, અને જો રુટીનમાં પહેરવા સ્ટીચ કરાવડાવતાં હોવ તો તેને પ્લેઈન જ રાખવો. તેની સાથે તમે સ્ટોનની જ્વેલરીનું મેચિંગ કરીને પહેરી શકો છો.

આ મટીરિયલમાંથી તમે પાર્ટીવેર ફોક્સ બનાવી શકો છો. શાઈનિંગ વાળા મટીરિયલમાંથી પાર્ટીવેર ફ્રોક સુંદર લાગશે. તેની સાથે મેષહિંગ બેલ્ટ અને સ્ટોનની જ્વેલરીનું કોમ્બિનેશન પાર્ટીના લૂકને પરફેક્ટ બનાવશે. જોર્જટ ક્રશ મટીરિયલમાંથી બનેલું સ્કર્ટ પણ આજકાલ ટ્રેન્ડમાં છે, લોંગ અને ની લેન્થના સ્કર્ટ પહેરાતાં સુંદર ઘેરવાળા લાગે છે. માર્કેટમાં આ પ્રકારના સ્કર્ટ ખાસ જોવા મળે છે.

અહીં સ્ટાઈલીશ પ્લાઝો અને ક્રોપનું કોમ્બિનેશન પણ બનાવવામાં આવ્યું છે, જોર્જટ ક્રશ મટીરિયલ આ કોમ્બિનેશનને પણ એકદમ ક્લાસી બનાવે છે. ઓફ શોલ્ડર પેટર્ન હોય કે કોલ્ડ શોલ્ડર પેટર્ન હોય, બેકલેસ હોય કે ફૂલ પેક નેક હોય આ મટીરિયલ દરેકમાં સારું લાગશે. ઘણી છોકરીઓ તેમાંથી શર્ટ અને લોંગ ગાઉન બનાવવાનું પણ પ્રીફર કરતી હોય છે. તે ડીઝાઈન પણ સુંદર લાગશે. યાદ રાખો કે આ મટીરિયલમાંથી બનેલાં કપડાંને હળવે હાથે ધોવા પડતાં હોય છે, નહી તો તે ફાટી જવાનો ભય રહે છે.

# વાળને ચમકદાર અને સોફ્ટ બનાવવા હોય તો આટલું કરો



નાળિયેર પાણીમાં મિનરલ્સ, વિટામિન્સ, આયરન, પોટેશિયમ અને મૈગ્નીશિયમ જેવા તત્વો હોય છે. આ તમામ તત્વો વાળ અને શરીર માટે ખુબ ફયદેકારક છે. તમે જ્યારે તાજા નાળિયેર પાણીને વાળના મૂળમાં લગાવો છો ત્યારે તેનો સીધેસીધો ફયદો વાળને મળે છે. પોટેશિયમ વાળના મૂળમાં ઓક્સિજનના પ્રવાહને વધારવામાં મદદ કરે છે. નાળિયેર પાણીમાં વિટામિન-ઝ અને વિટામિન-દ્ધ હોય છે. જે તમારા માથાની ત્વચાને સ્વચ્છ અને સ્વસ્થ રાખે છે સાથે જ રક્તના પ્રવાહને પણ વધારે છે. જેથી તમારા વાળને પૂરતું પોષણ મળી શકે.

નાળિયેર પાણી માથાની ચામડી પર કુદરતી માઈશ્ચરાઈઝર તરીકે કામ કરે છે. તે માથાની ચામડીના કોષોને ભેજ આપીને તેનું રિપેરિંગ કરે છે. તેનાથી ડેન્ડ્રફની સમસ્યાથી રાહત મળે છે. જો તમને માથામાં ખંજવાળની સમસ્યા છે, તો તમે નાળિયેર પાણીને વાળના મૂળમાં લગાવીને પણ માલિશ કરી શકો છો. તેનાથી માથામાં થતી ખંજવાળ દૂર થશે. માથામાં નાળિયેર પાણી લગાવ્યા પછીના ૧ કલાક બાદ શેમ્પૂ કરવું જોઈએ અથવા તો નાળિયેર પાણી રાત્રે વાળમાં લગાવી સવારે શેમ્પૂથી ધોઈ શકો છો.

નાળિયેર પાણીને નિયમિત રીતે વાળમાં લગાવવાથી વાળ સોફ્ટ અને ચમકદાર બને છે. અઠવાડિયામાં ૩ વખત નાળિયેર પાણીને લગાવવાથી ફયદો થાય છે. જોકે નાળિયેર પાણીને વાળમાં લગાવવાની સાથે-સાથે પીવાથી પણ અનેક ફયદા થાય છે. નાળિયેર પાણી પાચનક્રિયાને સરળ બનાવે છે. સુંદર વાળ અને સોફ્ટ સ્કીન મેળવવા માટે તે ખુબ ફયદેકારક છે.

# શું તમારું પણ ટ્વીટર એકાઉન્ટ લોક થઈ ગયું છે?

આજકાલ વધતો જતો સોશિયલ મીડિયાનો ઉપયોગ લોકોને ગેર માર્ગે દોરી જાય છે. અન્ય સોશિયલ સાઈટ કરતા પણ ટ્વીટર નો સૌથી વધુ ઉપયોગ થાય છે. ટ્વીટર પર પ્રધાનમંત્રી થી માંડી ને કલેક્ટર ના એકાઉન્ટ છે. ઘણી વખત લોકોને ખબર નથી હોતી કે શું ટ્વીટ કરવું અને શું ન કરવું. છેલ્લા કેટલાક દિવસોથી ટ્વીટર પર #BanTwitter ટ્રેન્ડ થાય છે. આ તો એવું થઈ ગયું કે તમે જે ઝાડ પર બેઠાં છો તેની જ ડાળી કાપી રહ્યા છો. ભારતની સ્વદેશી KOO એપ આવવાથી આવું થયું છે.




ટ્વીટર એ એક માઈક્રો-બ્લોગિંગ અને સોશિયલ નેટવર્કિંગ સેવા છે. તેની પર જે માહીતી પોસ્ટ એટલે કે મુકવામાં આવે છે તેને ટ્વીટ તરીકે ઓળખવામાં આવે છે. ટ્વીટરની શોધ 2006માં જેક દોર્સી, નોહ ગ્લાસ, બીઝ સ્ટોન અને ઈવાન વિલિયમ્સ એ સાન ફ્રાન્સિસ્કોમાં કરી હતી. 2012થી ટ્વીટર સૌથી વધુ ચર્ચિતમાં આવ્યું અને 2013માં તે સૌથી વધુ જોવાયેલ ૧૦ વેબસાઈટ માંની એક હતી. તેને ઈન્ટરનેટના SMS તરીકે પણ ઓળખવામાં આવે છે કેમ કે સૌપ્રથમ તેમાં 140 અક્ષરોની મર્યાદા હતી જે વધારીને 2017માં 280 અક્ષરોની કરવામાં આવી. ટ્વીટર પર રોજિંદા 145 મિલિયન યૂઝર્સ એક્ટિવ રહે છે અને દરેક સેકન્ડમાં ૬000થી વધુ ટ્વીટ થાય છે. આજે દુનિયામાં ટ્વીટરની ૨૫થી વધુ ઓફિસ છે.

ટ્વીટરને કોઈ શંકાસ્પદ ટ્વીટ જણાય તો ટીમ એક્શન લે છે અને જેતે ટ્વીટને ડિલીટ કરીને યુઝર્સ ને વોરનિંગ મેસેજ મોકલે છે. જેમાં હવે દરેક દેશની ઈન્ટેલિજન્સ એજન્સી પણ નજર રાખે છે. તેઓને પણ કોઈ શંકાસ્પદ ટ્વીટ જણાય તો તરત જ ટ્વીટર ની ટીમ ને માહીતી પહોંચાડે છે. જેથી ખોટી માહીતી ફેલાય તે પહેલાં તે ડિલીટ થઈ જાય. હવે આવું કરવાથી વોરનિંગ તો મળે જ છે અને શંકાસ્પદ યુઝર્સના એકાઉન્ટ પણ બ્લૉક અથવા તો ડિલીટ કરવામાં આવે છે જેથી તે ભવિષ્યમાં તે એકાઉન્ટ પરથી કંઈપણ ટ્વીટ કરી શકે નહિ. છેલ્લા કેટલાક દિવસોમા આવું થવાથી લોકોએ ટ્વીટર પર #BanTwitter ટ્રેન્ડ કરાવ્યું અને ભારતની સ્વદેશી KOO એપ તરફ વળ્યા. પરંતુ નજીકના સમયમાં Koo એપ પર પણ આ રીતે જ એક્શન લેવામાં આવશે.

ખોટી માહીતી સાથે અન્ય વ્યક્તિને ટેગ કરી ટ્વીટ કરવામાં આવે છે. જેના કારણે તમે પણ મુશ્કેલી માં મુકાય શકો છો. આવું કરી તમે સોશિયલ મીડિયા પર અન્ય ના ચરિત્ર પર પણ સવાલ કરી રહ્યા છો.વધુ માં તમારે ધ્યાન રાખવું જોઈએ કે તમે કોને ફોલો કરો છો? અને કોની ટ્વીટને રીટ્વીટ કરો છો? અથવા તો કોની ટ્વીટ પર કૉમેન્ટ કરો છો? આવી નજીવી બાબતો ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. જેથી કરીને તમે કોઈ મુશ્કેલીમાં ન મુકાય જાવ.

@beinghumanmj


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS





DIVINE YOGA
By Geeta
FREE Special Yoga Class Streaming NOW due to COVID
• Reduce Stress and Anxiety
• Boost Immunity and Sleep Quality
• Gain Strength and Flexibility
• Become the Best Version of Yourself
The beauty of yoga is that you don't have to be a yogi or yogini to reap the benefits
Join today on ZOOM!
Classes Available: One-to-One Individual, Therapeutic, and Children
GEETA TAILOR : 416-456-2261
Contact Geeta at divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# ૬ મહાનગરની ચૂંટણીનો સટ્ટો: ભાજપનો ઘોડો વિનમાં

અમદાવાદ : અમદાવાદ સહિત રાજ્યની ૬ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે આગામી રવિવારે મતદાન યોજાનાર છે. મતદાનના ૬ દિવસ પહેલાં સટ્ટા બજારે વરતારો જાહેર કરીને સટ્ટાબૂકીંગ શરુ કર્યું છે. ૬ મહાનગરપાલિકાની કુલ ૫૭૬ બેઠકમાંથી ૪૨૫ બેઠક ઉપર ભાજપ જીતશે તેવા ભાવ સટ્ટાબજારે કાઢ્યા છે. છેલ્લી ટર્મ પૂરી થઈ ત્યારે ભાજપના કુલ ૩૪૩ કોર્પોરેટર હતાં અને વર્તમાન માહોલમાં તેમાં વધારો દર્શાવાયો છે. આવા આંકડાકીય ગણિતને ધ્યાને લઈને અમુક બૂકીઓ માની છે કે, ખેલીઓને ખંખેરી લેવાના ભાવ સટ્ટાબજારમાં કાઢવામાં આવ્યાં છે.

સ્થાનિક ચૂંટણીઓમાં બહુ મોટો સટ્ટો રમાતો નથી તેમ છતાં ૧૦૦થી ૧૫૦ કરોડનો સટ્ટો બૂક થાય તેવી ધારણા છે. રાજકોટનો નામચીન બૂકી ક્રિકેટ સહિતના સટ્ટાબજાર ઉપર પક્કડ ધરાવે છે. આ બૂકીએ ખેલીઓને ખંખેરી લેવાય તેવા સેશનના સટ્ટાના ભાવ કાઢ્યા છે. સેશનના સટ્ટામાં બૂકીએ જાહેર કરેલી સીટ ભાજપ નહીં જીતે અથવા જીતશે તેના ઉપર સટ્ટો નોંધાય છે. એક લાખ રુપિયા બૂક કરાય અને ખેલી જીતે તો વધારાના એક લાખ રુપિયા જીતે અને હારે તો એક લાખ મુકી દેવા પડે છે. ચૂંટણી જાહેર થઈ અને છેલ્લી ટર્મ પૂર્ણ થઈ ત્યારે ૬ મહાનગરપાલિકામાં ભાજપના કુલ ૩૪૩ કોર્પોરેટર હતાં. મતદાનના ૬ દિવસ અગાઉ બુકીબજારે ચૂંટણી સટ્ટાના ભાવ જાહેર કર્યા છે. બુકીબજારના અનુમાન મુજબ ૬ મહાનગરપાલિકાની કુલ ૫૭૬ બેઠકમાંથી ૪૨૫ બેઠક ભાજપ જીતી શકે છે. બુકીબજારે ફરી વખત ૬ મહાનગરપાલિકામાં ભાજપની જીત થશે તેવી ધારણા ઉપરાંત બેઠકો વધશે તેવા અંદાજ સાથેના ભાવ કાઢ્યા છે.



અમદાવાદ મહાનગર પાલિકામાં ૧૪૩ કોર્પોરેટર હતાં તે વધીને ૧૫૩થી ૧૫૬, સુરતમાં ૮૦થી વધી ૮૬થી ૮૯, વડોદરામાં ૫૭ હતાં તેની સામે ૬૦-૬૨, રાજકોટમાં ૪૦ સામે ૫૧-૫૩, જામનગરમાં ૩૮ સામે ૪૨થી ૪૪ અને ભાવનગરમાં ૩૪ સામે ૩૪થી ૩૭ બેઠકો ભાજપ જીતશે તેવા અનુમાન સાથે સટ્ટો બુક કરવામાં આવી રહ્યો છે. બુકી બજાર સેશન પદ્ધતિથી ૬ મહાનગરપાલિકાનો સટ્ટો રમાડવા માટે તત્પર બની છે. સેશન પદ્ધતિ મુજબ અમદાવાદમાં ભાજપ ૧૫૩ સીટ નહીં જીતે અથવા જીતશે તેમ કહી કોઈ વ્યક્તિ એક લાખ રુપિયાનો સટ્ટો બૂક કરાવે અને પૈસા જમા કરાવે છે. આ ધારણા સાચી પડે તો બુકી બજાર એક લાખ સામે બે લાખ રુપિયા આપે છે.

## નડિયાદમાં ૧૯ ફોર્મ પરત ખેંચાતા ૧૨૫ ઉમેદવારો વચ્ચે જંગ જામશે

નડિયાદ નગરપાલિકાની બાવન બેઠકો માટે ૧૮૪ ફોર્મ ભરાયા હતા તે પછી ગઈ કાલે ૪૯ જેટલાં ફોર્મ તપાસણીમાં રદ થયા હતા. આજે અત્યંત રસાકસી વચ્ચે ૧૩ વોર્ડમાંથી ૧૯ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતાં હવે સવાસો જેટલા ઉમેદવારો વચ્ચે સીધી લડાઈ જામી છે. કણજરી નગરપાલિકાના વોર્ડ નં–૩માં અપક્ષ ઉમેદવાર દ્વારા એક ફોર્મ પરત ખેંચાયું છે. તો ઠાસરા નગરપાલિકામાં ૧૨ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે. ઠાસરા નગરપાલિકામાં અત્યાર સુધી ૯૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યાં હતા, જેમાંથી ૧૨ ફોર્મ પરત ખેંચાતા હવે ૨૪ બેઠકો પર ૮૫ ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાવાનો છે.કપડવંજ નગરપાલિકામાં પણ આજ રોજ ૧૬ અપક્ષોના ફોર્મ પરત ખેંચાતા હવે ૭૯ ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર થવાની છે.

## ગુજરાતમાં ત્રીજા ભાગના મતદાન મથકો જોખમી, એક લાખ પોલીસ ખડકાશે

ગુજરાતમાં ત્રીજા ભાગના મથકોમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં અવરોધ થાય શાંતિ અને સાલમતિ જોખમાય તેમ હોવાથી ૬ મ્યુ. કોર્પોરેશનમાં તો શુક્રવારથી જ પોલીસ ખડકાઈ જશે. ૨૧ ફેબ્રુઆરીને રવિવારે ૧૧,૧૨૧ મથકો ઉપર ૩૧,૨૩૦ પોલીસના પહેરામાં મતદાન થશે. ચૂંટણી આયોગના સચિવ મહેશ જોશીએ પોલીસ વડા– ડીજીપી આશિષ ભાટીયા પાસે બંદોબસ્તની માગણી કરી છે. ગુજરાતમાં ૪૭,૪૮માંથી ૧૧,૦૨૬ જોખમી અને ૪,૦૬૪ અત્યંત જોખમી એમ કુલ મળીને ૧૫,૦૯૦ જેટલા મતદાન મથકો જોખમી હોવાનો રિપોર્ટ ચૂંટણી આયોગે તૈયાર કરીને ડીજીપીને સોંપ્યો છે. સુરત મ્યુ. કોર્પોરેશનમાં જ ૩૧૮૫ પૈકી ૧૫૨૨ જેટલા મથકો સંવેદનશીલ છે!

## સૌરાષ્ટ્રમાં જાડેજાનાં પત્ની ભાજપમાંથી અને બહેન કોંગ્રેસમાંથી કરે છે પ્રચાર

એક જ પરિવારની બે મહિલા અલગ અલગ પક્ષ માટે પ્રચાર કરે એવું માત્ર સૌરાષ્ટ્રમાં જોવા મળી રહ્યું છે. ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં પત્ની રીવાબા ભાજપમાંથી પ્રચાર કરે છે તો બહેન નયનાબા જાડેજા સામાન્ય લોકો વચ્ચે શેરી–ગલીઓમાં કોંગ્રેસની પ્રશંસા કરી રહી છે. નયનાબા જામનગર અને રિવાબા રાજકોટમાં પ્રચારમાં વ્યસ્ત છે. અલગ અલગ પક્ષ માટે પ્રચાર કરવા અંગે જાડેજાનાં બહેન નયનાબાનું કહેવું છે કે અમે નણંદ ભાભી ઘરમાં હોઇએ ત્યારે રાજકારણને દૂર રાખીએ છીએ. જામનગર તેમનું વતન હોવાથી ત્યાં પ્રચાર કરવાનું પસંદ કર્યું છે. જરૂર પડશે તો હું રાજકોટમાં પણ પ્રચાર કરીશ. જોકે, જાડેજાનાં પત્ની રિવાબાએ આ મામલે સંબંધોની વાત પર મૌન સેવ્યું છે.

## બેડલા, દડવી, ભોજદેમાં આપનાં અને સરધારમાં એનસીપીનાં ફોર્મ રદ

રાજકોટ જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને એનસીપી સહિતનાં નાના પક્ષો અને અપક્ષોનાં કેટલાક ફોર્મ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરની કોર્પોરેશનની ચૂંટણીમાં 'આપ ' નાં તમામ ફોર્મ માન્ય રહયા હતા પણ જિલ્લામાં પુરુ હોમ વર્ક ન કરતા કેટલાક ફોર્મ રદ થયા હતા. જામકંડોરણા તાલુકાની દડવી બેઠક પરથી 'આપ 'નાં ઉમેદવારે ફોર્મ ભર્યુ હતુ પરંતુ પક્ષનો મેન્ડેડ ન મળતા ફોર્મ રદ કરવામાં આવ્યુ હતુ રાજકોટ તાલુકામાં બેડલા બેઠક પર 'આપ 'નાં મહિલા ઉમેદવારની ઉંમર માત્ર ૧૯ હતી આથી તેમનું ફોર્મ રદ કરવામાં આવ્યુ છે. સરધાર અને બેડી બેઠક પર એનસીપીનાં ઉમેદવારનો મેન્ડેડ આપવામાં આવ્યો ન હતો.

## જામનગર જિલ્લામાં પત્તુ કપાતા કોંગ્રેસમાં ભડકો : ૯ હોદ્દેદારોના રાજીનામા પડ્યા

જામનગર : જામનગર જીલ્લા પંચાયતમાં ગત ચુંટણીમાં સત્તા મેળવનાર કોંગ્રેસ દ્વારા આ વખતે તમામ ઉમેદવારીપત્રો ભરાઈ ગયા બાદ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ ગત વખતે ચુંટણી જીતનાર પંચાયતના ૧૪ સભ્યોમાંથી ૧૧ સભ્યોને ટીકીટ નહીં અપાતા જીલ્લા કોંગ્રેસમાં ભડકો થયો છે. ગત ટર્મના જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન અને યુવક કોંગ્રેસના પ્રમુખ તેમજ ઉપપ્રમુખોએ અને તાલુકા સંગઠનના હોદેદારોએ રાજીનામા આપ્યા છે. કોંગ્રેસ દ્વારા જીલ્લા પંચાયતની ૨૪ બેઠકોના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત ટર્મના ચુંટાયેલા ૧૪માંથી માત્ર ૩ સભ્યોને જ રીપીટ કરવામાં આવતાં કોંગ્રેસમાં ભડકો થયો છે. ગત ટર્મના કાલાવડ બેઠકના જશમતભાઈ તાળાના પત્ની કાન્તાબેન, પુર્વ પ્રમુખ નયનાબેન માધાણીના પતિ પ્રવિણભાઈ અને જે.પી. મારવીયાને ટીકીટ અપાઈ છે. જ્યારે ગત ટર્મના ઉપપ્રમુખ વશરામભાઈ રાઠોડએ અલીયા બેઠક પરથી અપક્ષ, પુર્વ જીલ્લા પંચાયત પ્રમુખ હરદાસભાઈ ખવાના પત્નીએ બસપામાંથી ગોપની બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. આજે વશરામભાઈ રાઠોડ, પંચાયતના પુર્વ સભ્ય અને યુવક કોંગ્રેસના પ્રમુખ હેમતભાઈ ખવા, તાલુકા કોંગ્રેસ મહામંત્રી નારણભાઈ શિયાર, તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ રમેશભાઈ, મંત્રી કાંતીભાઈ કાલાવડીયા, વરણા ગામના સરપંચ રાજુભાઈ હરસોડો જણાવ્યું હતું.

## ચૂંટણીની રેલી-સભાઓમાં કોરોનાના કાયદા-એસઓપીનો ખુલ્લેઆમ ભંગ

અમદાવાદ : વિશ્વના અનેક દેશોમાં કોરોના કહેર વરસાવી રહ્યો છે, ત્યારે અમદાવાદમાં કુદરતી રીતે જ કોરોનાના રોજેરોજ નોંધાતા કેસોમાં મોટો ઘટાડો નોંધાયો છે. લોકોને ૧૧ મહિનાની ત્રાસ્દી બાદ આ મોટી રાહત મળી છે.

બીજી તરફ ચૂંટણીની રેલીઓ અને સભાઓમાં માસ્ક, સોશ્યલ ડિસ્ટન્ટ અને સેનેટાઈઝરની ઐસીતૈસી કરીને ભીડ ઉમટી રહી છે. સરકારે જાહેર કરેલાં નિયમો અને ચૂંટણીપંચે જાહેર કરેલી એસઓપીનું ક્યાંય પાલન થતું હોવાનું જણાતું નથી. નાક પરથી માસ્ક નીચે ઉતરી જાય તો ગરીબ માણસને ૧૦૦૦ રૂા.નો દંડ ફટકારતા પોલીસવાળાઓને માસ્ક વગરના નેતાઓ દેખાતા નથી. અમદાવાદમાં ભાજપની, કોંગ્રેસની, આપની મોટી રેલીઓ નીકળી ચુકી છે. જેમાં જોડાનારા લોકો માસ્ક વગરના જ હતાં. રાતના ચૂંટણી કાર્યાલયો ઉપર જામતી ભીડમાં પણ ગણ્યાગાંઠયા લોકોના મોં પર માસ્ક જોવા મળે છે. પ્રચારના રાઉન્ડ દરમ્યાન ઉમેદવારોના કપાળે ચાંદલા કરી ફુલહાર પહેરાવાય છે, ત્યારે પણ ઉમેદવાર અને હાર પહેરાવનાર બન્નેના મોં પર માસ્ક જોવા મળતો નથી. રાજ્ય સરકારનો માસ્ક પહેર્યા વગરના નાગરિકને ૧૦૦૦ રૂા. દંડ કરવાનો કાયદો અમલી હોય તો તેનું તંત્રએ પાલન કરાવવું જોઈએ અને કાયદો ઉઠાવી લીધો હોય તો તેની વિધીવત જાહેરાત થવી જોઈએ.

## કોંગ્રેસમાં મેન્ડેટ-ફોર્મમાં છબરડા મુદ્દે હાઈકમાન્ડ નારાજ, અહેવાલ મંગાયો

કોંગ્રેસના ઉમેદવારી ફોર્મ તેમજ મેન્ડેટમાં સંખ્યાબંધ છબરડા સામે આવ્યા છે. કોંગ્રેસના ૧૬૫ ઉમેદવારો ચૂંટણી લડે તે પહેલાં જ પાણીમાં બેસી ગયા છે, ૮૧માંથી બે પાલિકામાં ભાજપે ચૂંટણી પહેલાં જ કબજો જમાવી લીધો છે, પાલિકા-પંચાયતોમાં ભાજપ ૨૧૯ બેઠકો પર બિનહરીફ થઈ છે. શહેરમાં પણ ચાર બેઠકો ચૂંટણી પહેલાં જ ગુમાવી દીધી છે, કોંગ્રેસ હાઈકમાન્ડે ગંભીર નોંધ લીધી છે અને નબળી પ્રદેશ નેતાગીરી પાસેથી વિસ્તૃત અહેવાલ માગ્યો છે. મહેસાણા જિલ્લામાં મેન્ડેટ આપવામાં ગરબડ થઈ હતી. પ્રદેશ કોંગ્રેસે સંગઠનના મહામંત્રી કીર્તિસિંહ ઝાલાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે.સૈજપુર બોઘા વોર્ડમાં ભાજપમાં ઘમસાણ મચ્યું છે, ભાજપના ૧૦૦ કાર્યકરોએ ભાજપથી છેડો ફાડયો છે અને કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે. શહેર કોંગ્રેસ પ્રમુખ શશીકાંત પટેલે આક્ષેપ કર્યો છે કે, ભાજપે ગોતા વોર્ડમાં ગુનાઈત ઈતિહાસ ધરાવતા ઉમેદવારોની પસંદગી કરી છે, બે ઉમેદવારોએ ચૂંટણી ફોર્મ સાથેની એફિડેવિટમાં કબૂલાત કરી છે કે તેમની પર આઈપીસી કલમના ગુના છે. ભાજપે ચાલ-ચલગતના નિયમો નેવે મૂકી ગુનાઈત ઈતિહાસ વાળાને ટિકિટ આપી છે.

## પાલિતાણા ન.પા. ચૂંટણીમાં કોંગ્રેસને હાઈકોર્ટની રાહત, મેન્ડેટ માટે મહેતલ અપાઈ

પાલિતાણા નગરપાલિકાની ચૂંટણીમાં દાવેદારની ટિકિટ કાપવાથી રોષે ભરાયેલા ટોળાએ મેન્ડેટ ફાડી નાંખતા પક્ષમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા. જેબ બાદ ૩૨ ઉમેદવારે હાઈકોર્ટની શરણ લીધી હતી. જેમાં કોંગ્રેસને રાહત મળી છે અને હાઈકોર્ટે મંગળવારે સવારે ૧૧ કલાકમાં મેન્ડેટ રજૂ કરી દેવા મહેતલ આપી હતી. પાલિતાણા નગરપાલિકાની વોર્ડ નં.૧ થી ૯ માટે યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ માટે લાંછનરૂપ કહીં શકાય તેવી ઘટના ગત તા.૧૩મીના રોજ બની હતી. ફોર્મ રજૂ કરવાના અંતિમ દિવસે કોંગ્રેસ પક્ષના પ્રવીણ ગઢવી ૩૬ ઉમેદવારના મેન્ડેટ લઈ અધિકારીને રજૂ કરવા ઓફિસે પહોંચ્યા હતા. ત્યારે ઈદા ઉર્ફે હૈયતખાન બલોચને ટિકિટ ન અપાતા સમર્થકોના ટોળાએ પ્રવીણ ગઢવી મેન્ડેટ લઈ પહોંચે તે પહેલા કચેરી પાસે આવી ઝપાઝપી કરી મેન્ડેટ ફાડી નાંખ્યો હતો.

## ચૂંટણી લડયા વિના ભાજપે કડી-ઉના નગરપાલિકા પર ભગવો લહેરાવ્યો

ચૂંટણી લડ્યા વિના જ ભાજપે કડી અને ઉના નગરપાલિકામાં ભગવો લહેરાવ્યો છે. મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણી યોજાવવાની હજુ તો બાકી છે તે પહેલાં જ ભાજપે જીતનું ખાતુ ખોલાવી દીધુ છે. ભાજપે એવો દાવો કર્યો છેકે, છેલ્લી પરિસ્થિતી મુજબ, જિલ્લા પંચાયતની ૨૪ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરિફ ઘોષિત થયા છે. તાલુકા પંચાયતમાં ૧૧૦ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા છે.કડી નગરપાલિકામાં તો ૩૬ બેઠકો પર ચૂંટણી યોજાવવાની હતી પણ ૨૬ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયાં છે. ફોર્મ ચકાસણીમાં જ કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ ટેકનિકલ ભૂલને કારણે રદ થયા હતાં. આ ઉપરાંત ભાજપે શામ દામ દંડ ભેદની નીતિ અખત્યાર કરીને કોંગ્રેસના ઉમેદવારોને ફોર્મ પાછા ખેચવા મજબૂર કર્યા હતાં જેના કારણે કડી નગરપાલિકા પર તો ચૂંટણી લડયા વિના જ ભાજપે કબજો કરી લીધો છે. આ જ પ્રમાણે, ઉના નગરપાલિકામાં ય આ જ સ્થિતી સર્જાઇ હતી. ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયાં છે. રાજ્યમાં નગરપાલિકાની ૮૫ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ઘોષિત થયા છે.

# વલસાડનો રંગીલો યુવક : સગાઈ કરીને એકને ગર્ભવતી બનાવી, બીજી સાથે લગ્ન

વલસાડ : વલસાડ પંથકમાં જ સમાજની સામાજિક સમસ્યાને ઉજગર કરતો અને સમાજ માટે ચેતાવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. વલસાડના એક ગામમાં રહેતી યુવતીને ૨૦૧૧માં નજીકના વિસ્તારમાં રહેતાં સેહુલ ટંડેલ સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે બાદ યુવતીએ ઘરે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. પરિવારજનો પણ આ લગ્ન માટે રાજી થઈ ગયા હતા.

સેહુલના મોટા ભાઈના લગ્ન બાદ સેહુલ અને યુવતીના લગ્ન કરવાની શરતે બંનેની સગાઈ ૨૦૧૧માં કરવામાં આવી હતી. જે બાદ સેહુલ યુવતીના ઘરે અવરજવર કરતો હતો. અને બહાર ફરવા જતો ત્યારે તે યુવતી સાથે સેક્સની માગણી કરતો. યુવતી લગ્ન બાદ સંબંધો બાંધવા કહેતી પણ સેહુલ માનતો ન હતો. ૨૦૧૩માં યુવતી ગર્ભવતી બની ગઈ હતી. જે બાદ સમાજમાં બદનામીના ડરે સેહુલે ગર્ભપાત કરાવી દીધો હતો.

ફેબ્રુઆરી ૨૦૨૦માં સેહુલ ફોરેને કામ માટે જતો રહ્યો હતો. અને માર્ચમાં કોરોનાને કારણે નવેમ્બર મહિનામાં ઘરે પરત આવ્યો હતો. ત્યારે યુવતી સેહુલના ઘરે રહેવા માટે ગઈ હતી. ત્યારે પણ સેહુલ તેની સાથે શારીરિક લંબંધ બાધ્યો હતો. અને બાદમાં ધડાકો કરતાં જણાવ્યું કે તેણે અન્ય યુવતી સાથે કોર્ટમાં સિવિલ મેરેજ કરી લીધા છે. આ વાત સાંભળતા જ યુવતીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આટલો માટો આઘાત તેના માટે અસહનીય હતો. યુવતીએ આ મામલે પરિવારને જાણ કરી હતી. જે બાદ સમાજના પંચ સમક્ષ આ મુદ્દો લાવવામાં આવ્યો હતો. પણ નફ્ફટ સેહુલે પંચ સમક્ષ યુવતી સગાઈ બાદ લગ્ન કરવાની ના પાડી દીધી હતી. જેથી યુવતીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# સુરતમાં ૧૫ દિવસ પૂર્વે સગાઈ કરનાર મુકબધિર યુવક-યુવતીની લાશ મળી

• ગીઝરને કારણે ગેસ લીકેજ કારણે મોતની આશંકા

સુરત : સુરતના નાનપુરા વિસ્તારની શ્રીરંગ સોસાયટીમાં ખાતે રહેતાં ૨૪ વર્ષીય અર્પિત પટેલની ૧૫ દિવસ પહેલાં જ કામરેજ ખાતે રહેતી ૨૧ વર્ષીય ધ્રુતિકુમારી ટેલર સાથે સગાઈ થઈ હતી. અર્પિત મોલમાં નોકરી કરતો હતો, જ્યારે ધ્રુતિ સાડી ભરવાનું કામ કરતી હતી. ૩૧ જાન્યુઆરીના રોજ બંનેની સગાઈ કરવામાં આવી હતી. સગાઈ બાદ બંને એકબીજામાં ગળાડૂબ હતા. અર્પિત અને ધ્રુતિ ફોન પર વાતો ન કરી શકવાને કારણે ચેટિંગથી વાતો કરતા હતા. અને એપ્રિલમાં બંનેનાં લગ્ન પણ નક્કી કરવામાં આવ્યા હતા. ધ્રુતિ અર્પિત સાથે રહેવા માટે છેલ્લા પાંચ દિવસથી સાસરે આવી હતી. તેવામાં ગઈકાલ સાંજે અર્પિતની બહેન ઘરે આવી હતી. ઘરે આવતાં જ તેને ભાઈ-ભાભી દેખાયા ન હતા. જે બાદ ઘરની તપાસ કરતાં તેઓની લાશ બાથરૂમમાં મળી હતી. બાથરૂમનો દરવાજો ખુલ્લો હતો અને અંદર નળ ચાલુ હતો અને તેમાંથી પાણી વહી જાતું હતું. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ગેસ ગીઝરને કારણે ગેસ લીકેજ થયો હોવો જોઈએ. અને તે ગેસને કારણે જ બંનેનાં ગુંગળામળથી મોત થયા હોવા જોઈએ.

# સુરતમાં બોર્ડમાં ટોપર રિશ્વી શાહ સંસારની મોહમાયાનો ત્યાગ કરશે

સુરત : સુરત શહેરમાં આગામી ૨૦ ફેબ્રુઆરીના શનિવારે વેસુ મધ્યે ભવ્ય દીક્ષા સમારોહ સાથે જ નવો ઈતિહાસ રચાશે. દરમિયાન પહેલીવાર એક મુમુક્ષુના દીક્ષા સમારોહમાં ૧ હજાર સાધુ-સાધ્વીની ઉપસ્થિતિ નોંધાશે. એટલું જ નહીં, ધોરણ-૧૦માં સમગ્ર સુરતમાં બીજા ક્રમે અને ધોરણ-૧૨માં સુરત શહેરમાં અવ્વલ ક્રમે આવેલી રીશ્વી શેઠને સંયમનો રંગ લાગ્યો હોય દીક્ષા લઈને સંયમના માર્ગે પ્રયાણ કરશે. વેસુ-સુરત મધ્યે ગત વર્ષે સુરીરામચંદ્ર સામ્રાજ્યમાં દાયકાઓમાં પહેલીવાર એક સાથે ૭૭ દીક્ષા પ્રદાનનો સમારોહ થયો હતો. એ જ મેદાનમાં શનિવારે ૨૦ ફેબ્રુઆરીએ વાવતીર્થની નિવાસી કુમારી રીશ્વીબેન શ્રીકેશભાઈ શેઠની દીક્ષા થશે. રીશ્વી સુરીરામચંદ્ર અને સુરીશાંતિચંદ્ર સામ્રાજ્યના ૧૮ આચાર્ય ભગવંતોની ઉપસ્થિતિમાં દીક્ષા અંગિકાર કરશે.

# NRIની કરોડોની જમીન હડપવામાં સુરત-નવસારીના ત્રણ માસ્ટર માઈન્ડ

સુરત : ભરથાણા-કોસાડના સર્વે નં. ૧૫૪ના બ્લોક નં. ૧૫૨ વાળી એનઆરઆઈની કરોડો રૂપિયાની ૧૦.૫૦ વીંઘા જમીન પચાવી પાડવાના કારસામાં સુરત-નવસારીના ભેજાબાજો માસ્ટર માઈન્ડ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ભેજાબાજોએ જેના નામની બોગસ પાવર ઓફ એટર્ની બનાવી હતી તેને ઝડપી ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

ભરથાણા-કોસાડના બ્લોક નં. ૧૫૨ના ખાતા નં. ૯૧ વાળી જુની શરતની ૧૦.૫૦ વીંઘા જમીનના મૂળ માલિક એવા યુકેમાં સ્થાયી થયેલા ચંદ્રકાંત રતિલાલ નાયક અને તેના પરિવારના નામે બોગસ પાવર ઓફ એટર્ની બનાવી જમીન પચાવી પાડવાના પ્રકરણમાં અમરોલી પોલીસ સ્ટેશનમાં નાયક પરિવારના પાવરદાર કેતન અરવિંદ દેસાઈ (રહે. એ ૭, અલકનંદા સોસાયટી, અડાજણ) બે દિવસ અગાઉ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરીયાદ નોંધાવી હતી. જેના નામની બોગસ પાવર ઓફ એટર્ની બનાવવામાં આવી હતી તે વિક્રમ ભાસ્કર નાયક (નવસારી) ની ધરપકડ કરાઈ છે. પોલીસે વિક્રમને કોર્ટમાં રજૂ કરી બોગસ પાવર ઓફ એટર્ની કોણે અને કયાં બનાવી, તેમાં કોણ-કોણ સંડોવાયેલું છે, પાવર ઓફ એટર્નીમાં ચંદ્રકાંત નાયકના પરિવારના સભ્યોના નામની સામે જે વ્યક્તિના ફોટો દર્શાવ્યા છે તે કોણ છે, વગેરે સવાલના જવાબ મેળવવા કવાયત કરી રહી છે.

# ડાંગ, કપરાડામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ, કરા પડ્યા

વલસાડ-વાંસદા : વલસાડ અને ડાંગ જિલ્લામાં બપોરે હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ ગાજવીજ સાથે વરસાદ ઉપરાંત કરા પડયા હતા. વલસાડના કપરાડામાં ૧૦ મિનિટ સુધી મોટા મોટા કરા પડતા લોકો વીણવા પણ દોડયા હતા. ડાંગના આહવામાં બે કલાકમાં અડધો ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. માવઠા અને કરાને પગલે આંબાની મંજરી અને મોરવા તેમજ કઠોળના પાકને નુક્સાનની ભીતિ છે. હવામાન વિભાગે માવઠાની કરેલી આગાહી સાચી પડી છે. વલસાડના કપરાડા તાલુકામાં બપોરે કાળા ઢીમ્મર વાદળો છવાઈ ગયા બાદ વરસાદના મોટા ઝાપટા પડવાનું શરૂ થયું હતું. વરસાદ સાથે આઠ-દસ મિનિટ સુધી મોટા મોટા કરા પણ પડયા હતા. કપરાડા ઉપરવાસના અંતરિયાળ પાનસ ગામથી લઈને નળીમધની, અરણાઈ, કુંડા, નાંદગામ, માનીચિચપાડા, કાવચા થતા માતુનિયા જેવા અંદરના ઘણા ગામોમાં વરસાદ સાથે કરા પડયા હતા.



# ઓછું મતદાન થાય તો આશ્ચર્યજનક પરિણામ સંભવ

- ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો નહીં
- કોરોનાને કારણે બંને રાજકીય પક્ષોને ઓછા મતદાનનો ભય



ગુજરાતમાં કોરોનાનો પ્રથમ કેસ અમદાવાદ માં નોંધાયો હતો પછી અમદાવાદ, સુરત, રાજકોટ જેવા મહાનગરોમાં કોરોનાએ સૌથી વધુ હાહાકાર મચાવ્યો હતો. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી માં મતદાનને ગણતરીના દિવસો બાકી રહ્યાં છે પણ ચૂંટણીનો માહોલ જામ્યો નથી. જો કોરોનાના ભયના કારણે મતદાનમાં નિરસતાં દેખાશે તો તેના આશ્ચર્યજનક પરિણામો આવી શકે તેમ છે.

૨૦૧૦ની એએમસીની ચૂંટણીમાં ૪૪.૧૨ ટકા મતદાન થયું હતું, તે વખતે ભાજપ ૧૫૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસ ૩૮ બેઠકો પર સમેટાઈ હતી અને ત્રણ અપક્ષ ઉમેદવારોએ બાજી મારી હતી. ૨૦૧૫માં એએમસીની ચૂંટણીમાં ૪૬.૫૦ ટકા મતદાન થયું હતું, તે વખતે ભાજપ ૧૪૨ બેઠકો જીતી હતી. કોંગ્રેસ ૪૯ બેઠકો જીતવામાં સફળ રહી હતી અને એક અપક્ષ ઉમેદવાર જીત્યા હતા. વર્ષ ૨૦૧૫ની અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી વખતે પાટીદાર અનામત આંદોલનની અસર જોવા મળતી હતી. આ વખતે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસ પૂર્વ વિસ્તારના વોર્ડમાં સારો દેખાવ કરવામાં સફળ રહી હતી. અમદાવાદ મ્યુનિ.એ લાંબા સમય બાદ બાપુનગર, સરદારનગર, ઈન્ડિયા કોલોની, સરસપુર-રખિયાલ અને વિરાટનગર જેવા વોર્ડમાં સારું પ્રદર્શન કર્યું હતું જ્યારે ભાજપે પશ્ચિમ વિસ્તારોમાં કોંગ્રેસના સૂપડાં સાફ કરી દીધાં હતા.

૨૦૧૦ની સરખામણીએ ૨૦૨૦માં મતદાનની ટકાવારીમાં અઢી ટકા જેટલો વધારો થયો હતો પણ તેનો ફાયદો ભાજપને થયો ન હતો. ભાજપને નવ બેઠકોનું નુકસાન વેઠવું પડ્યું હતું. તો બીજી તરફ કોંગ્રેસને ૧૧ બેઠકોનો ફાયદો થયો હતો. હવે કોરોનાની મહામારીમાં જો ઓછું મતદાન થાય તો તેવા સંજોગોમાં કોને વધુ નુકસાન વેઠવાનો વારો આવશે તે મોટો સવાલ છે. એવું ચર્ચાઈ છે કે, મોટાભાગે મધ્યમવર્ગ, ઉચ્ચ મધ્યમવર્ગ અને એલિટ ક્લાસ ભાજપનો કોર વોટર ગણાય છે તેનું મતદાનબુથ સુધી લાવવા ભાજપના કાર્યકરોએ વધુ મથામણ કરવી પડશે તો બીજી તરફ સ્લમ વિસ્તારો, ચાલીઓ અને ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતોમાં રહેતા વોટર કોંગ્રેસ તરફ વધુ મતદાન કરતા હોય તેવી સ્થિતિ છે તેવા સંજોગોમાં તેમને પણ મતદાનમથક સુધી લાવવા કોંગ્રેસના કાર્યકરો માટે અઘરો ટાસ્ક રહેવાનો છે. જો કે, મતદાન ઘટશે તો કેટલાંય નેતાઓના જીવ તાળવે ચોંટી શકે છે.

## વડોદરામાં ચૂંટણી સભાને સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણી એકાએક પડી ગયા

વડોદરા : રવિવારે વડોદરામાં ભાજપ ઉમેદવારોના ચૂંટણી પ્રચાર દરમ્યાન શહેરના નિઝામપુરા વિસ્તારમાં એક જાહેર સભાને સંબોધન કરતી વેળા મુખ્યમંત્રી વિજય પપાણીની તબિયત અચાનક બગડતા તેઓ અચાનક મંચ પર જ ઢળી પડતાં મંચ પર ઉપસ્થિત અગ્રણીઓએ તેમને ટેકો આપી પુનઃ ખુરશી પર બેસાડયા હતા, જ્યાં તબીબોની ટીમે તેમને તપાસ્યા બાદ મુખ્યમંત્રીને તાત્કાલીક એરપોર્ટ રવાના કર્યા હતા. વડોદરા શહેરમાં ભાજપ ઉમેદવારોના ચૂંટણી પ્રચારની પ્રથમ સભા સાંજે ૭ના સુમારે તરસાલી વિસ્તારમાં હતી, ત્યારે મંચ પર તેમની બાજુમાં જ બેઠેલા નર્મદા રાજયમંત્રીએ 'તમારી તબિયત સારી લાગતી નથી' તેવી હળવી સલાહસૂચક ટકોર મુખ્યમંત્રીને કરી હતી.

## વડોદરા જિલ્લા પંચાયતમાં ભાજપના બળવાખોરો બાજી બગાડે તેવી શક્યતા

વડોદરા- વડોદરા જિલ્લા પંચાયતમાં ટિકિટ નહીં મળતાં અપક્ષ ઉમેદવારી કરનારા ભાજપના બળવાખોરોને મનાવવાના પ્રયાસો નિષ્ફળ જતાં નવ બેઠકો પર ત્રિપાંખિયો જંગ જામશે. વડોદરા જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો પર આગામી તા.૨૮મી ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાનાર છે.જેમાં ઉમેદવારી પત્રો ચકાસવાની તેમજ પરત ખેંચવાની મુદત પુરી થઈ છે.

ભાજપમાંથી બળવો કરનારા આગેવાનોને મનાવવાના તમામ પ્રયાસો વ્યર્થ જતાં નવ બેઠકો પર ત્રિપાંખિયો જંગ જામશે અને બળવાખોરો ખેલ બગાડે તેવી શક્યતા જોવાઈ રહી છે. આ બેઠકોમાં ડભોઈની સીમળીયા બેઠક પર ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખના પુત્ર અપક્ષ તરીકે લડી રહ્યા છે.જ્યારે,જરોદ બેઠક પર ભાજપના એક બળવાખોર અને ધારાસભ્યના નિકટના આગેવાન અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

આજ રીતે વાંકાનેરમાં જિ.પં.ના પૂર્વ સદસ્ય,શિનોર બેઠક પર ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખના પત્ની,શેરખી બેઠક પર પૂર્વ જિ.પં. સદસ્ય,મુજપુર બેઠક પર જિ.પં.ના પૂર્વ પ્રમુખના પતિ,કંડારી પર ભાજપના બળવાખોર મહિલા કાર્યકર,વાઘોડિયામાં વીએચપીના આગેવાન અને દશરથ બેઠક પર ભાજપના નારાજ કાર્યકરનો સમાવેશ થાય છે. વડોદરા તાલુકા પંચાયતની પોર બેઠક પર ભાજપના એક ઉમેદવાર બિનહરીફ જાહેર થતાં ભાજપે ચૂંટણી પહેલાં જ ખાતું ખોલાવ્યું છે.

## કોંગ્રેસના ૩ ઉમેદવારોની ફોર્મ માન્ય ગણવાની પિટિશનો ફગાવી દેવાઈ

અમદાવાદ અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડવા માગતા કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ રદ થતાં તેમણે ચૂંટણી લડવા ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન કરી હતી. ચૂંટણી પ્રક્રિયા શપ થઇ ચૂકી હોવાથી કોર્ટે આ પિટિશનો ફગાવી હતી. ઉમેદવારી ફોર્મમાં ટેકેદારની સહી, ફોર્મ અને મેન્ડેટના નામમાં ફેર તેમજ સોગંદનામું ધારાધોરણ પ્રમાણેનું ન હોવાના અલગ-અલગ કિસ્સાઓમાં અમદાવાદમાંથી કોંગ્રેસના ઉમેદવાર દેવલબહેન ચાવડા અને દિનેશભાઇ પરમાર તેમજ ભાવનગરના કોંગ્રેસ ઉમેદવાર શિલ્પાબા રાણા દ્વારા હાઇકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. તેમની રજૂઆત હતી કે સામાન્ય ક્ષતિઓના કારણે તેમની ઉમેદવારી રદ ન થઇ શકે.

## અમદાવાદમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે સૂત્રોચ્ચાર-દેખાવો

અમદાવાદ : આસામની જનસભામાં રાહુલ ગાંધીએ કરેલા નિવેદનને મદ્દે ભાજપના કાર્યકરોએ પાલડી સ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીએ દેખાવો અને સૂત્રોચ્ચાર કર્યા હતાં. એટલું જ નહીં. ભાજપના કાર્યકરોએ પોસ્ટરો સુધૃધાં બાળ્યા હતાં. જોકે, સામે છેડે કોગ્રેસના કાર્યકરોએ પણ મોદી-અમિત શાહ વિરૂધૃધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતાં. આમ,પ્રદેશ કોંગ્રેસ સમિતીની બહાર ભાજપ-કોંગ્રેસના કાર્યકરો રીતસર આમને સામને આવ્યા હતાં. લગભગ અડધો કલાક સુધી રાજકીય નૌટંકી ચાલી હતી તેમ છતાંય પોલીસે આ બધોય રાજકીય તમાશો નિહાળ્યો હતો. રાહુલ ગાંધીના નિવેદનને લઈને ભાજપે કોંગ્રેસને સાણસામાં લીધી હતી. સોમવારે સાંજે ભાજપના નેતા-કાર્યકરોએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની બહાર હંગામો મચાવ્યો હતો. ભાજપના કાર્યકરોએ ભાજપના નેતા-શહેર પ્રમુખ આવે તે પહેલાં જ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધાં હતાં. જોકે,પોસ્ટરો આવે તે પહેલાં વિરોધ કાર્યક્રમ શરૂ થઈ જતાં ભાજપના નેતાઓ ય મૂંઝાયા હતાં.ભાજપના કાર્યકરોએ રાહુલ ગાંધી માફી માંગે તેવા સૂત્રો પોકારી વાતાવરણ ગજવી મૂક્યુ હતું.



## સુરતમાં પાલિકા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો

સુરત પાલિકા ચૂંટણી માટે આજે ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં એક પણ નવા અને મોટા પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી નથી. ભાજપે મોટી લોભામણી જાહેરાતને બદલે તાપી શુદ્ધીકરણ, શહેરી પરિવહન, પર્યાવરણ, રીવર ફ્રન્ટ અને રૂંઢ બેરેજ સહિતના મોટા પ્રકલ્પો આગામી વર્ષોમાં સાકાર કરવા પર ભાર મૂક્યો છે. પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટિલે ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા જણાવ્યું હતું કે અમે જે કહ્યું છે તેનાથી વધારે કર્યુ છે. મેટ્રો અને તાપી શુદ્ધીકરણ જેવા કેટલાક મોટા પ્રોજેક્ટ શરૂ થઈ ગયા છે. તાપી શુદ્ધીકરણ માટે કેન્દ્રની મોદી સરકારે રૂપિયા ૯૭૨ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. આ પ્રોજેક્ટ થકી નદી સ્વચ્છ બનશે.



બીજી તરફ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં સુરતને સ્વપ્નનું શહેર બનાવવાની વચન આપવામાં આવ્યું છે. ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, સતત વધતી જતી મોંઘવારીને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના ઘર ચલાવવો મુશ્કેલ બન્યું છે. આવા સમયે કોંગ્રેસ સત્તા પર આવશે એટલે લોકો પણ નાખેલો ૫૦% વેરો ઓછો કરી દેશે. સુરતમાં શ્રમિક કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરીને નોકરીનું વચન આપ્યું છે.

## પાટીદારે આપના નેતાને જય સરદારની ટોપી પહેરાવી, સરદારના નારા લગાવ્યા

સુરત : સુરત મહાગનરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પાટીદાર બહુમતિવાળા વિસ્તારમાં રોડ શો કરીને પ્રચારના શ્રીગણેશ કર્યા છે. ભાજપના પ્રભુત્વવાળા માનગઢ ચોકમાં સરદાર પટેલની પ્રતિમાને હાર ચઢાવીને જય સરદારના નારા સાથે રોડ શોની શપઆત થઈ હતી. આ રોડ શો દરમિયાન એક પાટીદાર યુવાને આપના નેતાને જય સરદારની ટોપી પહેરાવી, જય સરદારના નારા લગાવ્યા હતા. સુરત મ્યુનિ.ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પ્રચાર માટે દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદીયાના રોડ શોનું આયોજન થયું હતુ. રોડ શો પહેલાં પત્રકાર પરિષદમાં સિસોદીયાએ કહ્યું કે, લોકો ભાજપને હરાવવાનો સંકલ્પ લઈને બેઠા છે, પરંતુ કોંગ્રેસ ચૂંટણી જીતવા માટે નહીં પરંતુ ભાજપને જીતાડવા માટે ચૂંટણી લડે છે, આવા સમયે લોકો આપને ઉમ્મીદના પાપે જોઈ રહ્યાં છે. કેજરીવાલની રાજનીતિ જોઈને લોકો આપ તરફ વળ્યા છે અને સુરતમાં આપની સંપુર્ણ બહુમતિવાળી સરકાર બનશે તેવો દાવો કર્યો હતો. સુરતમાં ભાજપના પ્રભુત્વવાળા માનગઢ ચોકમા સરદારની પ્રતિમાને હાર ચઢાવીને રોડ શોની શરૂઆત કરવામાં આવી હતી.

## બોટાદમાં કોંગ્રેસના ૧૪ ફોર્મ રદ થતા પિટિશન

અમદાવાદ : બોટાદ નગરપાલિકાની ચૂંટણી અંતર્ગત કોંગ્રેસના ૧૪ ઉમેદવારોના ફોર્મ રદ થતા ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન કરવામાં આવી છે. જેમાં તાત્કાલિક સુનાવણીની માગણી કરવામાં આવી છે. આ ઉમેદવારોની ફરિયાદ છે કે ચૂંટણી અધિકારી દ્વારા પહેલાં ફોર્મ સ્વીકારી લેવામાં આવ્યા હતા અને બાદમાં આચાનક તેને રદ કરવામાં આવ્યા છે, પંચનું આ વલણ યોગ્ય નથી. પંચ દ્વારા કારણ આપવામાં આવ્યું છે કે ફોર્મના ક વિભાગમાં યોગ્ય વ્યક્તિના હસ્તાક્ષર ન હોવાથી તેમની ઉમેદવારી રદ કરવામાં આવી છે.વિજેતા થયેલા ઉમેદવાર મતગણતરીના સ્થળ સભા-સરઘસ કાઢી શકશે નહી. તેમજ મતગણતરી સ્થળે મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરાવવાની જવાબદારી નોડલ ઓફિસરની રહેશે. મતગણતરી પૂર્ણ થયા બાદ ઈવીએમને સેનિટાઇઝ કરી સ્ટ્રોંગ રૂમમાં મોકલી દેવામાં આવશે.

## ગુજરાત કોંગ્રેસનો આરોપ, BJPને ફાયદો પહોંચાડવા EVM સાથે ચેડા

ગાંધીનગર : કોંગ્રેસ પાર્ટી દ્વારા અનેકવાર ચૂંટણી પત્યા બાદ ઈવીએમ પર સવાલો ઉઠાવ્યા છે. ત્યાં જ ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ પર આક્ષેપ કરવામાં આવે છે કે કોંગી નેતાઓ ચૂંટણી હાર્યા બાદ હારનું ઠીકરૂં ઈવીએમ મશીન પર ફેંકે છે. પરંતુ આ દરમિયાન દેશમાં અનેકવાર ઈવીએમનો બહિષ્કાર કરવાની ચિમકી અનેક નેતાઓ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. ત્યારે ગુજરાતમાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ઈવીએમ દ્વારા જ યોજાવાની છે પરંતુ તે પહેલા કોંગ્રેસ નેતાએ ઈવીએમને લઈને ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયુ છે. ઈવીએમને લઈને કોંગ્રેસના નેતા ડો. હેમાંગ વસાવડાએ સવાલો ઉઠાવ્યા છે. હેમાંગ વસાવડાએ આરોપ લગાવ્યો છે કે, ચૂંટણી પંચ ભાજપના દોરી સંચાર હેઠળ કામ કરી રહ્યું છે. રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉપયોગમાં આવનાર ઈવીએમમાં ભાજપનું નિશાન મોટું રાખવામાં આવ્યું હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.કોંગ્રેસ નેતા ડો. હેમાંગ વસાવડાએ આજે પ્રેસ કોંફરન્સ કરી ભાજપ પર મોટો આક્ષેપ કર્યો હતો અને ચૂંટણી પંચ સામે વાંધો ઉઠાવ્યો હતો.

# પાટણમાં દલિતના વરઘોડામાં પથ્થરમારો મોડાસામાં સાફો ઉતારવા કહેતાં ઘર્ષણ

પાટણ : પાટણના કામલીવાડામાં દલિત યુવાનના લગ્ન પ્રસંગે વરઘોડો નીકળતાં એક સમયે હોબાળો થયો હતો. આક્ષેપ કરવામાં આવ્યો છે કે કેટલાક લોકોએ વરઘોડાને અવરોધવા માટે પથ્થરમારો કર્યો હતો. જો કે બનાવ મામલે પોલીસને જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી હતી અને પૂરતા બંદોબસ્ત સાથે યુવકના વરઘોડા સહિત લગ્ન પ્રસંગની તમામ વિધિઓ પોલીસની હાજરીમાં પૂર્ણ કરવામાં આવી હતી. જો કે મોડી સાંજે બંને પક્ષોના આગેવાનોએ મળી સમાધાન કરી લીધું હતું.

બાલીસણા પોલીસના જણાવ્યા મુજબ કમલીવાડા ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. અને પ્રસંગની અંતિમ વિધી સુધી પોલીસે સાથે રહીને તમામ ધાર્મિક વિધિઓ પૂર્ણ કરાવી હતી. યુવકના વરઘોડાને અવરોધવા તકરાર થઈ હતી.

મોડાસાના નાંદીસણ ગામે યુવતીના લગ્ન હોય સાંજે ગામમાં ડીજે સાંજે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અને યુવતીના સંબંધીઓ સહિતના પરિવારજનો ગામના ચોકમાં રાસ ગરબા રમતા હતા. તે સમયે ગામના ધર્મરાજસિંગ જયેન્દ્રસિંહ ચૌહાણે આવી પહોંચી યુવતીના ભાઈને કહ્યું કે, તારા માથેથી પાઘડી ઉતારી દે. તમોને શોભતી નથી તેમ કહી જાતિ પ્રત્યે અપશબ્દો બોલ્યા હતા. બાદમાં ધર્મરાજસિંહના પિતા જયેન્દ્રસિંહ ચૌહાણ કાર લઈને આવી ગયા હતા અને ડીજે બેન્ડ આગળ કાર ઉભી રાખી સાફો ઉતારી હાથમાં આપો તો જ વરઘોડો આગળ જવા દઈશ તેમ કહ્યું હતું. જે બાદ પોલીસને જાણ કરતાં ધર્મેન્દ્રસિંહ અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી હતી.

# વડોદરામાં પત્ની રંગરેલીયા કરતાં પકડાતાં પ્રેમીની હત્યા

વડોદરા : બાજવા કરચીયા રોડ પર ગિરિરાજ ફ્લેટમાં ગઈ તા ૧૬ મીએ મધરાતે મહેશ પઢિયાર નામના યુવકને ઝડપી પાડવામાં આવ્યો છે. તેવો મેસેજ મહેશ પંચાગ નામના યુવક તરફથી પોલીસને મળતા જવાહર નગર પોલીસ બનાવના સ્થળે પહોંચી હતી. ઉપરોકત ફ્લેટમાં રહેતા મહેશ પંચાલ અને બાજવા વિસ્તારના મહેન્દ્ર ઉર્ફે મહેશ પઢિયાર વચ્ચે તકરાર થઈ હોવાથી પોલીસ બંનેને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં મહેશ પઢિયારને ગભરામણ થતાં સારવાર દરમિયાન હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે પોલીસે માર માર્યો હોવાનો અને મહેશ પઢિયાર નું કસ્ટોડિયલ ડેથ થયું હોવાનો ગંભીર આક્ષેપ થતા ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા હતા. પોલીસની તપાસ દરમિયાન સમગ્ર બનાવમાં પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું ખુલ્યું હતું.મહેશ પંચાલની પત્ની અને મહેશ પઢિયાર વચ્ચે પ્રેમસંબંધ હતો. બનાવ બન્યો તે સમયે મહેશ પંચાલ નાઈટ ડ્યુટી પર ગયો પરંતુ અચાનક તે ઘેર આવી જતા પત્ની અને પ્રેમી રંગે હાથ ઝડપાઈ ગયા હતા. પતિ નો પિત્તો જતા ઝઘડો થયો હતો અને પતિ અને પ્રેમી વચ્ચે મારામારી પણ થઈ હતી. જેથી ઈજાગ્રસ્ત પ્રેમીનું મોત નીપજ્યું હતું. પોલીસે મહેશ પંચાલ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વાસદના મહીસાગર મંદિરે મહી બીજના ઉત્સવ ઉજવાયો

આણંદ : આણંદ જિલ્લાના વાસદ ખાતે મહીસાગર મંદિર સ્થળે મહી બીજ ઉત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. મહી બીજના પાવન અવસરે વાસદ તથા વહેરાખાડી ખાતે રબારી સમાજ દ્વારા સ્નાન અને પૂજન કરાયા હતા. ગોપાલક સમાજે લોકમાતા મહીસાગરનો ખોળો ખુંદ્યો હતો. ગ્વાલબાલાએ વૃંદાવનમાં ભગવાન શ્રી કૃષ્ણના બાલ્યકાળમાં સખાની ભૂમિકા ભજવી હતી. ગોપાલક સમાજ પણ તેમના જ પગલે ચાલી રહ્યો છે. પશુપાલનના વ્યવસાયને લઈ કુદરત સાથે નિકટનો નાતો ધરાવતો રબારી સમુદાય પણ ગોપાલક સમાજનું અભિન્ન અંગ છે. તેઓની જીવનશૈલી તથા રીત-રિવાજોમાં પ્રકૃતિના પૂજનની પરંપરા વણાયેલી છે. આ પરંપરા મુજબ મહાસુદ બીજને રબારી તેમજ ગોપાલકો મહી બીજ ઉત્સવ તરીકે ઉજવે છે. આજે મહી બીજ અવસરે આણંદ જિલ્લાના વાસદ અને વહેરાખાડી સ્થિત માતાજીના મંદિર ખાતે રબારીઓ સહિત ગોપાલક જાતિના લોકોએ ભક્તિભાવ પૂર્વક મહીસાગર માતાનો ખોળો ખુંદ્યો હતો.

# ૫૦,૦૦૦ની નોકરી અપાવાના નામે પરિણીતાની નગ્નક્લિપો બનાવી દુષ્કર્મ

વડોદરા : વડોદરા માંજલપુર વિસ્તારમાં રહેતી પરિણીતા કેટલાક સમયથી નોકરીની શોધ કરી રહી હતી. આથી પરિણીતાએ ફેસબૂક ઉપર તેના મિત્રોને આ વાત કહી હતી. જે પૈકી એક ફ્રેન્ડે તેને સારા પગારની નોકરી અપાવવા કહ્યું હતુ. ઓછા સમયમાં વધારે પૈસા કમાવવા ગ્રાહકોની સાથે અશ્લિલ વાતો કરવી પડે તેમ તે યુવકે કહ્યું હતુ. આથી પહેલા તો પરિણીતાને તેમ કરવા ખચકાટ અનુભવાયો હતો. પરંતુ તે પછી તેના યુવક મિત્રએ દબાણ કરવા સાથે તેની સમજાવટ કરતા પરિણીતા માની ગઈ હતી. તેણીએ પોતાના મોબાઈલ ફોનમાં બીગો સ્ટ્રીમ નામની મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરીને લોકોની સાથે અશ્લિલ વાતો કરવાનું શરૂ કર્યુ હતું. આ યુવકે થોડા દિવસ પછી પરિણીતાને પગાર પેટે ૫૦ હજાર રૂપિયાની ચૂકવણી કરી હતી.

આ સાથે જ પરિણીતાને વધુ પૈસાની લાલચ જાગી હતી. ત્યારબાદ પરિણીતાની લાલચવૃત્તિને જાણી ગયેલા યુવકે પરિણીતાને ગ્રાહકોની સાથે નગ્ન થઈને વાતચીત કરવા જણાવ્યું હતું. જે બાદ તેણીએ બીજી એપ્લિકેશન ડાઉનલોડ કરીને નગ્નાવસ્થામાં ગ્રાહકોની સાથે વાત કરવાનું શપ કરી દીધું હતુ. થોડા સમય પછી તે યુવકે તેને ચાર લાખ રૂપિયાની કમાણી કરવા કહ્યું હતું. પરિણીતા માટે પણ હવે પૈસો જ સર્વસ્વ બની ચૂક્યું હતુ તેથી તે કંઈપણ કરવા તૈયાર હતી. જે બાદ લાઈવ ડેમોના નામે યુવકે પરિણીતા સાથે છ વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા.

# ડાકોરમાં સોનાની પીચકારીથી ઠાકોરજી ઉપર રંગોનો છંટકાવ

ઠાસરા : મહાસુદ પાંચમ વસંત પંચમી નિમિત્તે ડાકોરધામમાં રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે ૪૦ દિવસ સુધીના રંગોત્સવનો પણ પ્રારંભ થઈ ગયો છે. તીર્થ ધામ ડાકોર ખાતે શરૂથયેલા ઉત્સવમાં સહભાગી બની અનેક ભક્તોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી. ડાકોરમાં ભક્તજનો વસંતપંચમીથી ધુળેટી સુધી રંગોળીનો ઉત્સવ મનાવે છે તેની મંગવારથી ઉત્સાહ અને આસ્થાભેર શપઆત કરવામાં આવી હતી. મંગળા આરતી બાદ ઠાકોરજીને કેસરસ્નાન કરાવવામાં આવ્યું, પછી શણગાર આરતી બાદ ઠાકોરજીને સેવકભાઈઓ દ્વારા સોના-ચાંદીની પિચકારીમાં અલગ અલગ રંગો ભરેલાં કેસરજળ છાંટવામાં આવ્યા. તે રંગોનો ભક્તો પર છંટકાવ કરવામાં આવ્યો. ડાકોરમાં આજથી ધૂળેટી સુધી નિત્યક્રમ મુજબ શણગાર આરતીમાં રંગોળી મનાવવામાં આવે છે. શણગાર ભોગમાં ઠાકોરજીને આજથી ૪૦ દિવસ સુધી ખજૂર ધાણી અને ચણાનો પ્રસાદ ધરાવવામાં આવે છે.

# ગોધરાકાંડના મુખ્ય આરોપી અમદાવાદથી રફીક હુસેન ઝડપાયો

ગોધરા : ગોધરાના સાબરમતી ટ્રેન કાંડનો મુખ્ય આરોપી ઝડપાયો છે. ૫૧ વર્ષીય રફીક હુસેન ભટુકને ગોધરાના ઈમરાન મસ્જિદ પાસે આવેલા તેના ઘરેથી પોલીસે ઝડપી લીધો છે. રફીક હુસૈન ભટુક છેલ્લા ૧૯ વર્ષથી ફરાર હતો.

આરોપી રફીક હુસેન ભટુક થોડા દિવસ અગાઉ જ ગોધરાના પોતાના ઘરે આવ્યો હતો. ઝડપાયેલો આરોપી દિલ્હીમાં અલગ અલગ સ્થાને રહીને મજૂરી અને ચોકીદારીનું કામ કરી રહેતો હોવાનું પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે. હાલ તેની પૂછપરછ ચાલી રહી છે.

# વડોદરાના ભેજાબાજે પોલીસ કમિશનર સહિત ૫૦ના ફેક એકાઉન્ટ બનાવી દીધી

વડોદરા : વડોદરાના પોલીસ કમિશનર ડો.સમશેર સિંઘનું સોશ્યલ મિડિયા ઉપર ફેક એકાઉન્ટ બનાવનાર દિલ્હીના ભેજાબાજે જમ્મુ કાશ્મીરના લોકલ પોલીટીશનીયનો સહીત ૫૦થી વધુ રાજનેતાઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના ફેક એકાઉન્ટ બનાવ્યા હોવાની વિગતો વડોદરા સાયબર સેલની તપાસમાં સપાટી પર આવી છે. આરોપી યોગેશકુમાર રામકુમાર શર્મા (ઉ.વ.૨૪) મુળ મુંબઈનો વતની છે. પરંતુ ઘણાં સમયથી સાઉથ વેસ્ટ દિલ્હીમાં સ્થાયી થયો છે. સીક્કીમ મણીપાલ યુનિ.ની આકાશ ઈન્સ્ટી.માંથી બીસીએનો અભ્યાસ કર્યો છે. ડીસીપી જયદિપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે, આરોપીએ વડોદરાના સીપી તથા અન્ય રાજયોના પોલીસ ઓફીસરો અને વિવિધ પ્રાંતના રાજનેતાના ૫૦થી વધુ ફેક એકાઉન્ટ બનાવ્યા છે. લગ્નોમાં મ્યુઝીકલ પ્રોગ્રામના આયોજનનું કામ કરતાં આરોપીના રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે.






# પંજાબમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી: કોંગ્રેસનો ડંકો, ભાજપ સાફ

### • ૮ મહાનગરોમાંથી ૭માં કોંગ્રેસે વિજય પતાકા લહેરાવી

ચંડીગઢ : પંજાબમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં બુધવારે હાથ ધરાયેલી મતગણતરીમાં સત્તાધારી કોંગ્રેસે અકાલી દળ અને ભાજપના સૂપડાં સાફ કરી નાખતાં આઠમાંથી સાત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જવલંત વિજય હાંસલ કર્યો હતો. પંજાબની ભટિંડા, અબોહર, બટાલા, મોગા, કપૂરથલા, હોશિયારપુર અને પઠાણકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસે વિજય હાંસલ કર્યો હતો જ્યારે મોહાલી કોર્પોરેશનમાં પંજાબના ચૂંટણી પંચે બે વોર્ડમાં બુધવારે પુનઃ મતદાન યોજવાનો આદેશ આપ્યો હોવાથી ગુરુવારે મતગણતરી હાથ ધરાશે. અબોહર કોર્પોરેશનના ૫૦ વોર્ડમાંથી ૪૯મા કોંગ્રેસ અને એક વોર્ડમાં અકાલી દળનો વિજય થયો હતો. મોગામાં કોંગ્રેસને ૨૦, અકાલીદળને ૧૫ અને બાકીના ૧૫ વોર્ડમાં ભાજપ અને આમ આદમી પાર્ટીને વિજય મળતાં રસાકસી રહી હતી. ભાજપના ગઢ ગણાતા હોશિયારપુરમાં કોંગ્રેસને ૪૧



અને પઠાણકોટમાં ૩૭ વોર્ડમાં વિજય મળ્યો હતો. ભટિંડામાં કોંગ્રેસે ૫૦માંથી ૪૩ વોર્ડ પર દબદબો જમાવ્યો હતો. નગરપાલિકા અને નગર પરિષદની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસની આગેકૂચ જારી રહી હતી. પ્રાપ્ત થતાં અહેવાલો અનુસાર કોંગ્રેસ કપૂરથલા અને બટાલા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિજયી બનવા આગળ વધી રહી છે. આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામોએ પંજાબ કોંગ્રેસમાં નવો જુસ્સો લાવી દીધો છે. અકાલીદળના સાંસદ હરસિમરત કૌર બાદલના મતવિસ્તાર અને બાદલ પરિવારના ગઢ મનાતા ભટિંડામાં ૫૩ વર્ષમાં પહેલીવાર કોંગ્રેસે કોર્પોરેશનની ચૂંટણીમાં વિજય હાંસલ કર્યો છે. પાંચ દાયકામાં પહેલીવાર ભટિંડામાં કોંગ્રેસનો મેયર સત્તા સંભાળશે.

ભાજપના સાંસદ સન્ની દેઓલના લોકસભા ક્ષેત્રમાં આવેલા ગુરદાસપુરમાં પાર્ટી ખાતું ખોલાવી શકી નથી. ગુરદાસપુરના તમામ ૨૯ વોર્ડમાં ભાજપને કારમા પરાજયનો સામનો કરવો પડયો છે. ગુરદાસપુરના તમામ વોર્ડ પર કોંગ્રેસની વિજયપતાકા લહેરાઈ છે.

કોંગ્રેસે જણાવ્યું હતું કે, પંજાબમાં ભાજપના સૂપડા સાફ થઈ ગયાં છે. ટૂંકસમયમાં સમગ્ર દેશ પંજાબની જેમ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ભાજપનાં સૂપડા સાફ કરીને દેશને નફરત અને જુઠ્ઠાણાની રાજનીતિમાંથી મુક્તિ અપાવશે. પંજાબના સીએમ કેપ્ટન અમરીન્દરસિંહે કહ્યું હતું કે આ તમામ પંજાબીઓનો વિજય છે.

# મધ્ય પ્રદેશમાં સતના જતી બસ નહેરમાં ખાબકી, અત્યાર સુધીમાં ૫૧નાં મોત

ભોપાલ : મધ્યપ્રદેશના સીધી જિલ્લામાં મંગળવારે સવારે ૭:૩૦ કલાકે સતના જઈ રહેલી ૬૨ પ્રવાસીઓ સાથેની બસ બાવીસ ફૂટ ઊંડી બાણસાગર નહેરમાં ખાબકતાં ૫૧ લોકોનાં મોત થયાં હતાં. અમુક લોકો કેનાલના પાણીમાં વહી ગયા હોવાનો ભય સેવાઈ રહ્યો છે. મળી આવેલામાંથી ૧૬ની ઉંમર ૨૫ વર્ષથી નીચે હતી. અહેવાલ મુજબ બચાવ ટુકડી પહોંચી તે પહેલાં એક સ્થાનિક યુવતી શિવરાની અને તેના ભાઈએ ૬ લોકોને બચાવી લીધાં હતાં. બસનો ડ્રાઈવર જાતે તરીને બહાર આવ્યો હતો. હાલ તે અટકાયત હેઠળ છે. ચાર લોકો હજી લાપતા છે. સૂત્રોના મતે પોસ્ટમોર્ટમ માટે અન્ય જિલ્લામાંથી ડોક્ટર્સ બોલાવવા પડયાં હતાં.



પ્રાઈવેટ પ્રવાસી બસ સવારે ૬ કલાકે સીધીથી સતના રવાના થઈ હતી. સીધીથી ૮૦ કિમી કાપ્યા બાદ સરદા ગામ નજીક ડ્રાઈવરે કન્ટ્રોલ ગુમાવતાં બસ બાણસાગર નહેરમાં ખાબકી હતી. એમ કહેવાય છે કે ૩૨ પ્રવાસીની ક્ષમતા સામે બસમાં ૬૨ પ્રવાસીઓને ખીચોખીચ ભરાયાં હતાં. ૧૨ જેટલાં વિદ્યાર્થી રેલવે, નર્સિંગ અને એનટીપીસીની પરીક્ષા આપવા સતના જઈ રહ્યાં હતાં. રસ્તામાં જામ હોવાથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં પહોંચવામાં મોડું ન થાય તે માટે તેમના કહેવાથી ડ્રાઈવરે ચૂરહટથી રૂટ બદલી દીધો હતો. સરદા ગામ પહોંચતાં નહેરના કિનારે જતી સાંકડી સડક પર બસનું પાછલું ટાયર નહેરના ઢાળમાં લપસી જતાં બસ નહેરના ઊંડા પાણીમાં ખાબકી હતી. ૨૨ ફૂટ ઊંડી નહેરમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી પ્રવાસીઓને બચવાની તક મળી નહોતી. બચાવ ટુકડી પહોંચી ત્યાં સુધીમાં બસ નહેરના પાણીમાં ગરકાવ થઈ હતી. રાષ્ટ્રપતિ કોવિંદ, વડા પ્રધાન મોદી અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

બીજી ઘટનામાં તામિલનાડુના તુતિકોરિનમાં એક મીની કાર્ગો મંગળવારે મનિયાચીમાં રસ્તાની બાજુની એક નાની નહેરમાં ખાબકતાં પાંચ મહિલાનાં મોત નીપજ્યાં હતા જ્યારે ૩૦ને ઈજા પહોંચી હતી. મીની કાર્ગોના ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવતાં વાહન નહેરમાં પડી હતી. ઈજાગ્રસ્ત લોકોને સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ત્રીજી ઘટનામાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ જિલ્લામાં દિલ્હીથી મુરાદાબાદ જઈ રહેલી પ્રવાસી બસ ગઢમુક્તેશ્વર ખાતે સડકના કિનારા પર આવેલા ખાડામાં ઊથલી પડતાં એક મહિલા અને એક પુરુષનાં મોત થયાં હતાં અને ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. સ્થાનિક પોલીસ અને અધિકારીઓએ સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયાં હતાં.

# ઉન્નાવમાં 3 બાળકી દુપટ્ટો બાંધેલી હાલતમાં મળી, બેના મોતથી ચકચાર

લખનઉ : ઉત્તર પ્રદેશનું ઉન્નાવ ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ઉન્નાવના અસોહાના બબુરહા ગામમાં ત્રણ સગીર બાળકીઓ ખેતરમાં દુપટ્ટા વડે બંધાયેલી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી.

આ ઘટના બાદ બાળકીઓને સારવાર અર્થે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવી હતી. જ્યાં બંનેને મૃત જાહેર કરવામાં આવી હતી. જ્યારે ત્રીજી સગીરાની હાલત પણ ગંભીર જણાવાઈ રહી છે. તેને વધુ સારવાર માટે કાનપુરની રીજેંસી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ ઘટનાને લઈને દેશભરમાં સનસનાટી મચી જવા પામી છે. ઘટનાસ્થળે પહોંચેલા એસપીએ જણાવ્યુ હતું કે, તપાસ બાદ મોતનું સાચુ કારણ બતાવી શકાશે.

આ બાજૂ ડોક્ટર્સની આશંકા છે કે, ઝેરીલો પદાર્થ ખાવાના કારણે મોત થયા હોવાની શંકા છે. બબુરહા ગામની સંતોષ વર્માની દિકરી કોમલ (૧૬), સુરજૂ પાલ વર્માની દિકરી કાજલ (૧૩) અને સૂરજ બલીની દિકરી રોશની (૧૭) બપોરે ઢોરનો ચારો લેવા માટે ખેતરમાં ગઈ હતી. મોડી સાંજ સુધી આ ત્રણેય ઘરે પાછી ન આવતા પરિવારવાળાએ તેમની શોધખોળ આદરી હતી.

# જસ્ટિસ ગોગોઈ સામે સતામણીના કેસને સુપ્રીમ કોર્ટે પડતો મૂક્યો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને કથિત જાતિય સતામણીમાં ફસાવવા માટેના કેસને પડતો મૂક્યો છે. પૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ આ ષડયંત્ર હોવાના રિપોર્ટને આધારે કેસમાં તપાસની પ્રક્રિયા બંધ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ વિરુદ્ધ આ એક ષડયંત્ર હોવાની સંભાવનાનો ઈનકાર કરી શકાય નહીં. આ પ્રકારના ષડયંત્રને જસ્ટિસ ગોગોઈના ચુકાદાઓ સાથે જોડી શકાય છે, જેમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ ઉપર તેમના વિચારો પણ સામેલ છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ ચુકાદો પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટ આધારિત છે, જેમને જસ્ટિસ ગોગોઈ વિરુદ્ધના આક્ષેપોમાં એક મહત્વના ષડયંત્રની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના મતે પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટમાં ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ ષડયંત્રનો સ્વીકાર કરાયો છે અને તેને રદ કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના મતે આ કેસને બે વર્ષ વિત્યા છે અને ગોગોઈને ફસાવવા માટેના ષડયંત્રની તપાસમાં ઈલેક્ટ્રોનિક રેકોર્ડ પ્રાપ્ત કરવાની સંભાવના પાતળી જણાય છે. સુપ્રીમ કોર્ટના વકીલ ઉત્સવ બૈંસે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ પર લગાવાયેલા જાતિય શોષણના આક્ષેપો પાછળ ષડયંત્ર હોવાનો દાવો કર્યો હતો.

# ગુજરાતની રાજ્યસભાની બે બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા

અમદાવાદ: ગુજરાતની ખાલી પડેલી રાજ્યસભાની બે બેઠકોની આગામી ૧લી માર્ચે યોજાનારી ચૂંટણી માટે ભાજપે મૂળ પોરબંદરના વતની અને જાણીતી કુરિયર કંપનીના માલિક રામભાઇ મોકરીયા અને ભાજપના ઓબીસી મોરચા અગ્રણી દિનેશ પ્રજાપતિના નામોથી ઉમેદવારો તરીકે જાહેરાત કરી હતી.

ગુજરાતમાંથી કોંગ્રેસના અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધનથી ખાલી પડેલી રાજ્યસભાની બે બેઠકોની ચૂંટણી પહેલી માર્ચે યોજવાનું આયોજન હતું. પરંતુ ગુરુવારે આ બંને બેઠક માટે ભાજપના જ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જેની સામે અન્ય કોઈ દાવેદારી થઈ ન હતી. પરિણામે ગુજરાતની આ બે બેઠકો માટે ભાજપના ઉમેદવાર રામભાઈ મોકરિયા અને દિનેશ પ્રજાપતિ બિનહરીફ થઈ ગયા હતા.

# ભારતમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ને પાર

### • શ્રીગંગાનગરમાં પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૦.૧૩, જ્યારે પ્રિમિયમ પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૨.૯૧

નવી દિલ્હી : સળંગ નવમા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવામાં આવતા દેશના પ્રથમ વખત પેટ્રોલનો ભાવ ૧૦૦ને પાર થયો છે. રાજસ્થાનના શ્રીનગરમાં પેટ્રોલનો ભાવ વધીને ૧૦૦.૧૩ રૂપિયા થયો છે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ જારી કરેલા પ્રાઈસ નોટિફિકેશન અનુસાર આજે પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં ૨૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં બ્રાન્ડેડ એટલે કે પ્રિમિયમ પેટ્રોલનો ભાવ વધીને ૧૦૦ રૂપિયાને પાર થયો છે. ઉલ્લેખનીય છે કે દરેક રાજ્યમાં વેટનો ભાવ અલગ અલગ હોવાથી દરેક રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો ભાવ અલગ અલગ હોય છે. રાજસ્થાનમાં પેટ્રોલ પર સૌથી વધુ વેટ વસૂલ કરવામાં આવે છે. આ સાથે જ દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૮૯.૫૪ રૂપિયા થઈ ગયો છે. જ્યારે એક લિટર ડીઝલનો ભાવ વધીને ૭૯.૯૫ રૂપિયા થઈ ગયો છે. મુંબઈમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૯૬ રૂપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૮૬.૯૮ રૂપિયા થઈ ગયો છે. ગયા મહિને જ રાજસ્થાન સરકારે પેટ્રોલ અને ડીઝલ પરના વેટમાં બે ટકાનો ઘટાડો કર્યો હોવા છતાં રાજસ્થાનમાં પેટ્રોલનો ભાવ દેશમાં સૌથી વધારે છે. રાજસ્થાનમાં હાલમાં પેટ્રોલ પર ૩૬ ટકા વેટ તથા ૧.૫ રૂપિયા રોડ સેસ વસૂલ કરવામાં આવે છે. જે સમગ્ર દેશમાં સૌથી વધારે છે.

# પુર્વ કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસનાં અગ્રણી નેતા કેપ્ટન સતીશ શર્માનું નિધન

નવી દિલ્હી : કોંગ્રેસનાં અગ્રણી નેતા અને પુર્વ કેન્દ્રીય પ્રધાન સતીશ શર્માનું બુધવારે નિધન થયું, કેપ્ટન સતીશ શર્મા લાંબા સમય સુધી અમેઠી લોકસભા વિસ્તારમાં



ગાંધી પરિવારનાં પ્રતિવિધી હતાં, તે પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનાં વિશ્વાસુ મનાતા હતા, તેમના નિધન બદલ વિવિધ રાજકિય પાર્ટીઓનાં નેતાઓએ દુખ વ્યક્ત કર્યુ છે.

કોંગ્રેસનાં નેતા જિતિન પ્રસાદે શર્માના મોત પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે એક ટ્વિટમાં લખ્યું કે, કેપ્ટન સતીષ શર્માના મોત અંગે સાંભળીને મને દુખ થયું છે. પોતાના નાના સાથીઓ સાથેની તેમની વર્તણૂક હંમેશા પ્રોત્સાહિત કરનારી રહી. તેમને હંમેશા યાદ કરવામાં આવશે.

# પંજાબ, યુપી, રાજસ્થાનમાં ‘રેલરોકો’ આંદોલન

**• દેશના અનેક ભાગોમાં ખેડૂતોનું રેલવે રોકો અભિયાન ચાર કલાક ચાલ્યું : રેલવેએ ૨૦ ટ્રેનો અટકાવી રાખી**



નવી દિલ્હી : નવા કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી સરહદે લગભગ ત્રણ મહિનાથી આંદોલન કરી રહેલા ખેડૂતોએ ગુરુવારે ચાર કલાક માટે ‘રેલ રોકો‘ આંદોલનની જાહેરાત કરી હતી, જેના ભાગરૂપે પંજાબ, હરિયાણા સહિત દેશના અનેક ભાગોમાં ખેડૂતોએ રેલપરીવહન અટકાવી દીધું હતું. ખેડૂતોએ દેશવ્યાપી આંદોલન સફળ રહ્યું હોવાનો દાવો કર્યો હતો જ્યારે રેલવે મંત્રાલયે ટ્રેનોના પરીવહન પર સામાન્ય અસર થઈ હોવાનું કહ્યું હતું. બીજીબાજુ ખેડૂત નેતા રાકેશ ટિકૈતે સરકારને ચેતવણી આપતા કહ્યું કે, કેન્દ્ર એવી કોઈ ગેરસમજમાં ના રહે કે પાકની કાપણી માટે ખેડૂતો પાછા જતા રહેશે. અમને મજબૂર કરાશે તો અમે ખેતરોમાં ઊભો પાક સળગાવી દઈશું. ખેડૂતો તેમના પાકનું બલિદાન આપવા માટે તૈયાર છે. વધુમાં અમે અમારા ટ્રેક્ટરો બંગાળમાં પણ લઈ જવા તૈયાર છીએ. ખેડૂતોના ગુરુવારે રેલ રોકો આંદોલનના પગલે રેલવે મંત્રાલયે તકેદારીના ભાગરૂપે અનેક ટ્રેનોને સ્ટેશનો પર અટકાવી દીધી હતી જ્યારે વિવિધ રેલવે માર્ગો પર ટ્રેનોનું પરીવહન સામાન્ય રહ્યું હતું. આંદોલન કરી રહેલા ખેડૂતોના મુખ્ય સંગઠન સંયુક્ત કિસાન મોરચાએ ગુરુવારે બપોરે ૧૨થી સાંજે ૪.૦૦ સુધી રેલ લોકો આંદોલનની જાહેરાત કરી હતી. પરિણામે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીર સહિત અનેક રાજ્યોમાં ખેડૂતો ટ્રેક પર બેસી ગયા હતા. પંજાબ અને હરિયાણામાં ખેડૂતોએ કેટલાક માર્ગો પર ટ્રેનોનું પરીવહન ચાર કલાક માટે અટકાવ્યું હતું. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પણ ખેડૂતોએ કેટલાક સ્થળે દેખાવો કર્યા હતા. જોકે, અન્ય રાજ્યોમાં ટ્રેનોના પરિવહન પર વિશેષ અસર જોવા મળી નહોતી.


કલાસીફાઈડ / Classified

REQUIRED
Gujarati Cook, South Indian Cook, Sweet Maker, Kitchen Helper, Cashier, waitress, Indian Tandoori and Curry Cook.
location Scarborough and Markham
AMAR CHAUHAN
Contact No. 416-988-9518


## રેલ રોકોને સફળતા મળી

અખિલ ભારતીય કિસાન સભાએ તેમના ગુરુવારના આંદોલનને સમગ્ર દેશમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હોવાનો દાવો કર્યો હતો. તેમણે ઉમેર્યુ કે, મધ્ય પ્રદેશ, બિહાર, કર્ણાટક અને તેલંગાણામાં કેટલાક ખેડૂત કાર્યકરોની ધરપકડ કરાઈ હતી. બીજીબાજુ રેલવે મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કોઈપણ અનિચ્છનિય બનાવો વિના ખેડૂતોની રેલ રોકો ચળવળ પૂરી થઈ ગઈ હતી.

# મુંબઈમાં ગુટકા કંપનીમાં દરોડા, રૂ. ૧૫૦૦ કરોડના બેનામી ટ્રાન્ઝેક્શનનો ખુલાસો થયો

**• ટેક્સ હેવન બ્રિટિશ વર્જિન આઈલેન્ડમાં ૮૩૦ કરોડની સંપત્તિ ધરાવતી કંપની ઉભી કરી, દુબઈમાં મુખ્ય ઓફિસ**

મુંબઈ : ઈનકમ ટેક્સ વિભાગ દ્વારા મુંબઈના એક ગુટકા ગ્રુપને ત્યાં દરોડા પાડયા હતા, જે દરમિયાન તપાસ કરતા આશરે ૧૫૦૦ કરોડ રૂપિયાના જાહેર ન કરાયેલા ટ્રાંઝેક્શનને શોધી કાઢ્યું છે. આ ઉપરાંત ટેક્સ હેવન દેશોમાં આ કંપનીની સંપત્તિ હોવાનું પણ સામે આવ્યું છે. જે પણ લોકો આ કેસમાં સામેલ છે તેની વધુ તપાસ ચાલી રહી છે.

જોકે સીબીડીટી દ્વારા સત્તાવાર રીતે આ દરોડાની જાણકારી આપવામાં આવી હતી પણ કઈ કંપનીને ત્યાં આ દરોડા પાડવામાં આવ્યા હતા તેની ચોક્કસ જાણકારી જાહેર કરવામાં નથી આવી. જોકે ટેક્સ વિભાગના સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું કે જે.એમ. જોશીના જેએમજે ગ્રુપને ત્યાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.

થોડા દિવસ પહેલા જ જે.એમ. જોશીના બિઝનેસમેન અને એક્ટર પુત્ર સચિન જોશીની ઈડી દ્વારા ધરપકડ કરાઈ હતી, આ ધરપકડ મુંબઈના એક રીઅલટી ગ્રુપ સાથે સંકળાયેલી મની લોન્ડરિંગ કેસમાં કરવામાં આવી હતી. સચિન જોશીને ઈડીની ૧૮મી ફેબ્રુઆરી સુધીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. આ કાર્યવાહી બાદ હવે જે.એમ. જોશીની ગુટકા કંપનીના વિવિધ સ્થળે આઈટી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને ૧૫૦૦ કરોડના બેનામી ટ્રાંઝેક્શન ઉપરાંત ટેક્સ હેવન દેશોમાં ગેરકાયદે સંપત્તિ હોવાની જાણકારી મેળવવામાં આવી છે.

એવા અહેવાલો છે કે આ દરોડા દરમિયાન ૧૩ કરોડ રૂપિયા રોકડા પણ જપ્ત કરાયા છે. જ્યારે રકમનો આંકડો વધી શકે છે.

# પટણાની સ્કૂલમાં ૧૧ વર્ષની વિદ્યાર્થિની પર દુષ્કર્મ ગુજારનાર આચાર્યને ફાંસી

**• આચાર્યને એક લાખનો દંડ, તેના સાથીને જન્મટીપ અને રૂપિયા ૫૦ હજારનો દંડ**

પટણા : એક ખાનગી શાળાના માલિક અને પ્રિન્સિપાલને ૧૧ વર્ષની વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજારવા બદલ મૃત્યુ દંડની સજા ફટકારવામાં આવી છે. બળાત્કાર ગુજારવામાં આવ્યા પછી પીડિતા ગર્ભવતી બની ગઈ હતી અને તેને ગર્ભપાત કરાવવાની ફરજ પડી હતી. જો કે પીડિતા બચી ગઈ હતી.

સ્પેશિયલ પોકસો જજ અવધેશકુમારે જણાવ્યું હતું કે રાજ સિંઘાનિયા ઉર્ફે અરવિંદે સૌથી ધૃણાસ્પદ અપરાધ કર્યુ હોવાથી તેમને માફ કરી શકાય તેમ નથી. કોર્ટે તેમને એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. કોર્ટે રાજ સિંઘાનિયાના સાથી અભિષેક કુમારને આજીવન કેદ અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આ ઘટના સપ્ટેમ્બર, ૨૦૧૮માં સામે આવી હતી. બાળકી બિમાર પડતા ડોક્ટર પાસે લઈ જવામાં આવતા ડોક્ટરે જણાવ્યું હતું કે તે ગર્ભવતી છે. ત્યારબાદ બાળકીના માતાપિતાએ તેની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે શાળામાં આચાર્ય દ્વારા તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ શાળા ફુલવડી શરીફ વિસ્તારમાં આવેલી છે.

# મદિરા પાન(શરાબ ખોરી)વિશે શા માટે મુસ્લીમો માટે મનાઈ હુકમ છે?



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ-૨

સત્યતો એ છે કે મદિરાપાન થકી મનુષ્યને એક પ્રકારની અલ્પજીવી મોજ જણાય છે, પરંતુ તેના થકી તેનું ભાન ઠેકાણે નથી રહેતું અને તે ઉપરાંત તેના થકી જીવલેણ રોગો ઉત્પન્ન થવાનો ભય રહે છે.

તે પછી જયારે ઈસ્લામ ધર્મ ફેલાવા લાગ્યો, ત્યારે પાલનહાર અલ્લાહની બંદગી(નમાઝ) કરતાં સમયે મદિરા પાન (શરાબ ખોરી) ન કરવા વિષે મનાઈ હુકમ આવેલ. આ વિષેનું બોધવચન આ પ્રમાણે છે.

“હે શ્રધ્ધાંળુઓ(ઈમાનવાળાઓ),તમે નશાની હાલતમાં બંદગી (નમાઝ)ની નજીક પણ ન જાવ (નશાની હાલતમાં નમાઝ ન પઢો), એટલે સુધી કે તમે જે કંઈ બોલો છો, તેને સંપુર્ણ સમજવા લાગો’’ (પ્રકરણ ૪, શ્લોક ૪૩)

ઉપરના બોધવચન અનુસાર બંદગી (નમાઝ) સમયે શ્રધ્ધાળુઓ (ઈમાનવાળાઓ) એ યાદ રાખવું જોઈએ કે તેમને એટલું ભાન જરૂર હોવું જોઈએ કે તેમને એ ખબર હોય કે તેઓ શું કરી રહયા છે અને (મનમાં કે મોટેથી) શું બોલી રહયા છે. એવું ન થવું જોઈએ કે દેખીતી રીતે તેઓ બંદગી કરી રહયા છે, પરંતુ હકીકતમાં નશાની અવસ્થામાં કોઈ બીજું જ કાર્ય કરી રહયા છે. તે ઉપરાંત કોઈપણ શ્રધ્ધાળુની એવી અવસ્થા હોય કે તે બેભાન કે અર્ધબેભાન સ્થિતમાં હોય, અને તે શું બોલે છે કે બડબડાટ કરી રહયો છે તે ન સમજી શકાતું હોય, ત્યારે પણ તેણે તે અવસ્થામાં નમાઝ ન પઢવી જોઈએ.

મદિરાપાન કર્યા પછી નશાની અવસ્થામાં બંદગી ન કરવા વિષે મનાઈ હુકમ ઉતર્યા પછી મદિરાપાન ને વખોડી નાખવા માટે અંતિમ મનાઈ હુકમ ઉતારવામાં આવેલ કે મદિરાપાન એક અત્યંત ગંદુ કાર્ય છે. આ વિષેનું બોધવચન આ પ્રમાણે છે :-

“હે શ્રધ્ધાંળુઓ(ઈમાનવાળાઓ),મદિરા(દારૂ શરાબ) તથા જુગાર તથા વેદીઓ (મૂર્તિઓ) તથા પાસા (તીરના પાસા એક જુગાર તરીકે) એ સૌ ગંદા શયતાની કૃત્યો છે. માટે તે સૌથી દુર રહો, જેથી તમે મુકિત મેળવી શકો(સફળ થઈ શકો).’’ (પ્રકરણ ૫, શ્લોક ૯૦)

મદિરા(શરાબ)ના વિષે પહેલાં ઉપર આપેલા બોધવચનો(આદેશો) આવી ગયા પછી આ ત્રીજો અંતિમ આદેશ ઉપર આપેલા ત્રીજા બોધવચન થકી આવેલ, જેમાં મદિરાપાન થી બિલ્કુલ દુર રહેવાનો આદેશ આપવામાં આવેલ અને તેની સરખામણી ગંદા શયતાની કૃત્ય સાથે કરવામાં આવેલ. બીજા અર્થમાં મદિરાપાનને એક પાપ તરીકે વખોડવામાં આવેલ છે કે જેનાથી દુર રહીને મુકિત મેળવી શકાય એટલે કે બંને જીવનમાં સફળ થઈ શકાય.

એ પણ જોવામાં આવ્યું છે કે ઘણીવાર મુસ્લીમો પણ એ બાબત વિષે વાદવિવાદ કરે છે કે મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં મદિરાપાન (શરાબખોરી)ના મનાઈ હુકમ વિષે કશું કહેવામાં નથી આવેલ અથવા તે વિષે કોઈ ચોખવટ કરવામાં નથી આવેલ. આ વાત સત્ય નથી. હકીકતમાં કુરાન મજીદમાં મદિરાપાન વિષે ચોકકસ રીતે મનાઈ હુકમ કરવામાં આવેલ છે, જે ઉપર આપેલ ત્રણ બોધવચનો(આદેશો) થકી સહેલાઈથી સમજી શકાય છે.

હવે આપણે મદિરાપાન વિષે જગતના દેશોના કાયદાકાનુનો શું કહે છે તેને થોડું ઘણું સમજવાનો પ્રયત્ન કરીએ. જગતના લગભગ દરેક દેશમાં આ વિષે કાયદાકાનુનો બનેલા છે, કારણકે દેશના સુત્રધારો અને દેશના કાયદાકાનુનો બનાવનારાઓને મદિરાપાનથી થતી હાનિઓ વિષે પુરેપુરી જાણકારી હોય છે. આ કાયદાકાનુનોમાં સૌથી અગત્યનો કાનુન એ છે કે કોઈપણ શહેરી મદિરાપાન કર્યા પછી કોઈપણ વાહન નથી ચલાવી શકતો, કારણકે મદિરાપાન કર્યા પછી નશાની અવસ્થામાં માનવીને ભાન નથી હોતું અને તેથી વાહન અકસ્માત થવાનો ભય હોય છે. આ કાનુનનું લગભગ દરેક દેશમાં ચુસ્તપણે પાલન થાય છે.

તે ઉપરાંત મદિરાના ખરીદ વેચાણ સમયે મદિરાનું વેચાણ કરનાર કોઈ સગીર વયની વ્યકિતને(જેની એક ચોકકસ વય મર્યાદા નકકી કરવામાં આવેલી હોય છે. દાખલા તરીકે ૨૨ કે ૨૫ વર્ષની વય) મદિરાનું વેચાણ નથી કરી શકતો. આ કાનુન નું ઉલંઘન કરનારાનો માટે પણ સજાની જોગવાઈઓ ઘણા દેશોના કાયદાઓમાં રાખવામાં આવેલ છે.

તબીબી ક્ષેત્રે પણ એ વાત સાબિત થઈ ચુકી છે કે તંબાકુ કે સીગરેટની જેમ મદિરા પણ શરીરની અંદરના આવયવો, ખાસ કરીને ફેફસાઓ અને હદય માટે અતિ હાનિકારક નીવડે છે, અને લાંબે ગાળે તે માનવીના આરોગ્ય પર માઠી અસર કરે છે.

તે ઉપરાંત સમાજમાં પણ મદિરાપાન કરનારાઓને સારી નજરથી નથી જોવામાં આવતા. એવા પણ ઉદાહરણો જોવામાં આવ્યા છે કે મદિરાપાન કરનાર પોતાની પરસેવાની કમાણીનો ધુમાડો મદિરાપાનમાં કરી નાખે છે, અને તેની આર્થિક સ્થિતિ નબળી થઈ જતાં તે કફોડી દશામાં મુકાઈ જાય છે અને આ રીતે તે આર્થિક રીતે બરબાદ થઈ જાય છે.

ઉપસંહાર એ છે કે મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં મદિરાપાન માટે જે ચોકકસ મનાઈ હુકમ કરવામાં આવેલ છે કે તેનાથી દુર રહો, એકંદરે માનવીના ભલા માટેજ છે. અને મદિરાપાનની અસરો આપણે આપણા રોજીંદા જીવનમાં પણ અવારનવાર જોતા આવીએ છીએ, માટે મદિરાપાન થી દુર રહેવું એ ડહાપણભર્યુ કાર્ય છે, અને પાલનહાર અલ્લાહના આદેશોનું પાલન પણ છે. (સમાપ્ત)

ભારતમાંથી વિદાય લેતાં કોરોનાનો પુનઃઉપદ્રવ

# કેરળ-મહારાષ્ટ્રમાં આફ્રિકન - બ્રાઝિલીયન કોરોનાનો પગપેસારો : સરકારો ભયભીત

- ભારતમાં આફ્રિકન અને બ્રાઝિલીયન કોરોનાના કુલ પાંચ કેસ, આફ્રિકન વાઈરસ ૪૪ દેશોમાં ફેલાયો
- બ્રિટનના કોરોના વાઈરસના દર્દીની સંખ્યા વધીને ૧૮૭એ પહોંચી : કેરળ અને મહારાષ્ટ્રમાં સ્થિતિ સૌથી ખરાબ

નવી દિલ્હી : ભારતમાં નવા કોરોના વાઈરસના દર્દીઓ મળી રહ્યા છે. અત્યાર સુધી બ્રિટનના નવા વાઈરસના દર્દીઓ મળી રહ્યા હતા ત્યારે હવે પહેલી વખત દક્ષિણ આફ્રિકાના નવા કોરોના વાઈરસ સાર્સ-કોવી-૨ના ચાર દર્દી મળી આવ્યા છે. જ્યારે બ્રાઝિલના નવા વાઈરસનો પણ એક દર્દી મળી આવ્યો છે. જેને પગલે પ્રશાસન સતર્ક થઈ ગયું છે. જોકે દક્ષિણ આફ્રિકન અને બ્રિઝલનો નવો વાઈરસ બ્રિટિશ વાઈરસ કરતા અલગ માનવામાં આવે છે. ભારતમાં આફ્રિકન અને બ્રાઝિલીયન કોરોનાનો ચેપ ધરાવતા દર્દીઓની પૂણેમાં સારવાર ચાલી રહી છે.

દક્ષિણ આફ્રિકાથી જે લોકો પરત ફર્યા છે તેમાંથી ચાર લોકોમાં આ નવો વાઈરસ જોવા મળ્યો છે. તેમના સંપર્કમાં આવેલા બધા જ મુસાફરોને ક્વોરંટાઈન કરાયા છે. આ ઉપરાંત બ્રાઝિલિયન વાઈરસનો પણ એક દર્દી મળી આવતા તેના સંપર્કમાં આવેલાઓનો પણ ટેસ્ટ ચાલી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે બ્રિટનના નવા વાઈરસના ભારતમાં દર્દીઓની કુલ સંખ્યા ૧૮૭ પર પહોંચી ગઈ છે, જોકે તેમાંથી કોઈનું મોત નથી નિપજ્યું. હાલ વિશ્વમાં આશરે ૪૪ દેશોમાં દક્ષિણ આફ્રિકન કોરોના વાઈરસ પહોંચી ગયો છે અને હવે તેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. હાલ દેશભરમાં કોરોનાને અટકાવવા માટે રસીકરણ ચાલી રહ્યું છે. જાન્યુઆરી મહિનામાં શરૂ થયેલા આ રસીકરણનો અત્યાર સુધી લાખો લોકોએ લાભ લીધો છે.

## મહારાષ્ટ્રના અમરાવતી અને અકોલામાં ૩૫ કલાકનું લોકડાઉન લદાશે



મહારાષ્ટ્રમાં કોરોના મહામારીએ ફરી એકવાર માથું ઊંચકતા રાજ્ય સરકારે આકરા નિયંત્રણો લાદવાનો પ્રારંભ કર્યો છે. મહારાષ્ટ્ર સરકારે ગુરૂવારે જાહેરાત કરી હતી કે, કોરોનાના વધી રહેલા કેસને ધ્યાનમાં લેતાં અમરાવતી અને અકોલા જિલ્લામાં શનિવાર રાતના ૮થી સોમવાર સવારના ૭ કલાક સુધી ૩૫ કલાકનું લોકડાઉન અમલમાં રહેશે. અમરાવતીના જિલ્લા કલેક્ટર શૈલેષ નવલે જણાવ્યું હતું કે, કોરોનાના વધી રહેલા કેસના કારણે જિલ્લામાં લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. બીજી બાજુ યવતમાલના જિલ્લા તંત્રે આકરા પ્રતિબંધો લાદવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, જિલ્લામાં ૨૦મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી રાકેશ ટિકૈતની ખેડૂત મહાપંચાયતને પરવાનગી અપાશે નહીં. બંને જિલ્લામાં લોકડાઉનના સમય દરમિયાન આવશ્યક સેવાઓને બાદ કરતાં બધું બંધ રહેશે. યવતમાલ, અમરાવતી અને અકોલામાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યાં છે. યવતમાલ, પંઢરકવડા અને પુસદમાં દરરોજ કોરોના સંક્રમણના ૫૦૦થી વધુ કેસ આવી રહ્યાં છે. અકોલામાં કોરોનાના કેસ વધતાં વિવિધ નિયંત્રણ લાદવામાં આવ્યાં છે. હવે લગ્ન સમારોહમાં ૫૦થી વધુ વ્યક્તિના એકઠા થવા પર પ્રતિબંધ મુકાયો છે.

## કર્ણાટકની એક કોલેજના ૪૦ વિદ્યાર્થીઓ થયા કોરોના સંક્રમિત

બેંગલુરુની નર્સિંગ કોલેજના ૨૧૦ વિદ્યાર્થીઓમાંથી ૪૦ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયાં છે. તેમાંથી ૧૮ વિદ્યાર્થીઓને વિક્ટોરિયા હોસ્પિટલમાં એડમિટ કરાયા છે. જ્યારે અન્યોને હોસ્ટેલમાં સેલ્ફ આઈસોલેટમાં રાખમાં આવ્યા છે. આમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ કેરળના રહેવાસી છે. જ્યારે બેંગલુરુના એક એપાર્ટમેન્ટના ૧૦૩ લોકો સંક્રમિત થયાં છે તેમાંથી ૯૬ લોકો ૬૦ વર્ષથી વધારે વયના છે, હાલમાં જ એપાર્ટમેન્ટમાં પાર્ટી થઈ હતી અને જે બાદ આ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાંથી આ લોકો સંક્રમિત થયાં છે. રાજ્યમાં થયેલા કોરોના બ્લાસ્ટથી કર્ણાટકે કેરળથી આવનારા લોકોને લઈને સખ્તાઈ વધારી દીધી છે. રાજ્યના તંત્ર અનુસાર કેરળથી કર્ણાટકની હોટલ, રિઝોર્ટ અને કોઈ પણ નિવાસસ્થાને રોકાવા માટે ૭૨ કલાક પહેલાનો નેગેટિવ RT-PCR રિપોર્ટ હોવો જોઈએ.

## સિરમ ૧૦ લાખ ડોઝ પરત લઇ લે : દ. આફ્રિકા

દક્ષિણ આફ્રિકાએ સિરમ ઇન્સ્ટિટ્યૂટને કહ્યું છે કે તે પોતાની રસીના એક મિલિયન ડોઝને પરત લઇ લે. દક્ષિણ આફ્રિકામાં હજુ ગત સપ્તાહે જ કોરોનાની રસીના ૧૦ લાખ ડોઝને મોકલવામાં આવ્યા હતા જ્યારે બીજા પાંચ લાખ ડોઝ આગામી કેટલાક સપ્તાહમાં મોકલવામાં આવી રહ્યા છે. એવામાં દક્ષિણ આફ્રિકાએ કહ્યું છે કે તેને આ રસીની જરૂર નથી માટે પરત લઇ લેવામાં આવે.

## મહારાષ્ટ્રમાં કોરોનાએ ફરી માથુ ઉચક્યું, એક દિવસમાં ૨૩નાં મોત

કોરોના વાઇરસના નવા કેસોની સંખ્યા દિવસે ને દિવસે ઘટી રહી છે. બીજી તરફ રસીની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૨૩ નાં મોત થયા હતા. અને નવા ૫૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૩૦૧૫ દર્દી ડિસ્ચાર્જ કરાયા હતા. મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસે ફરી માથું ઉંચકતાં સરકાર ચિંતામાં પડી ગઇ છે.

# ઘર બનાવાના સપનાને ઉધઈ લાગી! બેગમાં મુકેલા પાંચ લાખ રૂપિયાની પસતી બની ગયા

નવી દિલ્હી : એવું કહેવામાં આવે છે કે ઘણી વખત સખત મહેનત અને ઈમાનદારી સાથે કામ કરવા છતા જો ભાગ્ય સાથ ના આપે તો લોકોના સપના પુરા થતા નથી. આવી જ ક ઘટના આંધ્ર પ્રદેશના કૃષ્ણા જિલ્લામાં સામે આવી છે. જ્યાં એક વેપારીએ ભવ્ય ઘર બનાવવા માટે ઘણા બધા પૈસા જમા કર્યા હતા, પરંતુ હવે આ પૈસા પસતીમાં બદલિ ગયા છે અને કોઈ કામના રહ્યા નથી.



કૃષ્ણા જિલ્લાના માઈલવારમમાં બિજલી જમાલય નામનો વેપારી ભૂંડના ખરીદ વેચાણનો ધંધો કરતો હતો. જેમાંથી તેને જે પણ કમાણી થતી તે કોઈ બેંકમાં રાખવાની જગ્યાએ પોતાના જ ઘરમાં એક બેગમાં રાખતો હતો. તેણે પૈસા વડે પતાના માટે એક ભવ્ય ઘર બનાવવાનું સપનું જોયું હતું. જ્યારે આ વપારીએ એક દિવસ આ બેગ ઉઘાડીને જોયું તો તેના સપનાઓ પર પાણી ફરી ગયું, અથવા તો એમ કહી શકાય કે તેના સપનાને ઉધઈ લાગી ગઈ. બેગમાં અત્યાર સુધીમાં લગભગ ૫ લાખ રુપિયા ભેગા થયા હતા. આ તમામ નોટોને ઉધઈ લાગી ને તે પસ્તીમાં ફેરવાઈ ગયા. જોયા બાદ વેપારી નિરાશ થઈ ગયો કારણ કે તેણે મહેનતથી જના કરેલા રુપિયા હવે તેના કોઈ કામના રહ્યા નહોતા. કારણ કે તમામ નોટો ફાટીને ટુકડા થઈ ગઈ હતી.

# બંગાળમાંથી મમતા અને ટીએમસીને ઉખાડી ફેંકી દેવામાં આવશે : શાહ

કોલકાતા : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરૂવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વીપ ખાતે ભાજપની પમી પરિવર્તન રેલીને લીલી ઝંડી દેખાડી હતી. ત્યાર બાદ તેમણે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં એક રેલીને સંબોધિત કરી હતી અને મમતા બેનર્જીને પશ્ચિમ બંગાળમાંથી તૃણમૂલ કોંગ્રેસને ઉખાડી ફેંકવામાં આવશે તેવો પડકાર ફેંક્યો હતો.

રેલીને સંબોધિત કરતી વખતે અમિત શાહે જનતાને પરિવર્તન માટે અપીલ કરી હતી. પશ્ચિમ બંગાળની જનતાને ઉદ્દેશીને અમિત શાહે કહ્યું હતું કે, તમે એક વખત બંગાળમાં ભાજપની સરકાર બનાવી જુઓ, બંગાળના તમામ સરકારી કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ આપવામાં આવશે. શિક્ષક ભાઈઓને યોગ્ય માપદંડ મળે તે માટે ભાજપ સરકાર એક કમિટીની રચના કરશે.

અમિત શાહે કહ્યું કે, બંગાળમાં જે રાજકીય હિંસાઓ થાય છે તેમાં ભાજપના ૧૩૦ કાર્યકરો માર્યા ગયા. મમતા દીદી એવું વિચારે છે કે, કોઈને મારી નાખવાથી ભાજપ અટકી જશે. હું તેમને કહેવા માંગુ છું કે, મમતા દીદી તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓએ અમારા ૧૩૦ કાર્યકરોને મારી નાખ્યા છે પણ તેમની શહીદી વ્યર્થ નહીં જાય.

## ૨૦૩૦ સુધી તમામ જેગુઆર ઈલેક્ટ્રિક થશે : JLR જૂથની ૩.૫ અબજ ડોલરની યોજના

નવી દિલ્હી : ૨૦૩૦ સુધીમાં તમામ જગુઆર કાર અને દરેક ૧૦માંથી છ રેન્જ રોવર કાર ઈલેક્ટ્રિક કાર હશે તેવી તાતા મોટરની યુકે સ્થિત પેટા કંપની જેએલઆરની યોજના છે. જેએલઆરએ તેની રિઈમેજિન વ્યૂહરચનાના ભાગરૂપે ઝીરો એમિશન ટેક્નોલોજીની તરફેણ કરી રહ્યું છે. તાજેતરની નવી નિયુક્ત ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર થીયરે બોલોરે દ્વારા તૈયાર કરવામાં આવેલ આ નવી યોજના અનુસાર કંપની એક વર્ષમાં ઈલેક્ટ્રિફિકેશન અને સંબંધિત ટેક્નોલોજી પાછળ આશરે ૨.૫ અબજ પાઉન્ડ(૩.૫ અબજ ડોલર)નું રોકાણ કરશે. રેન્જ રોવરની લાઈન પર તેનં પ્રથમ સંપૂર્ણ ઈલેક્ટ્રિક મોડલ ૨૦૨૪માં તૈયાર થઈ જશે અને તે પછીના વર્ષે તમામ જગુઆર મોડલ સંપૂર્ણપણે બેટરી દ્વારા પાવર્ડ હશે.જેએલઆર બિઝનેસને બે બ્રાન્ડ્ઝ અને આવતીકાલના ગ્રાહક અનુભવને રિઈમેજિન કરશે.

## ટૂલ કિટ કેસ : દિશા રવિની માગ બાદ ત્રણ ન્યૂઝ ચેનલને હાઈકોર્ટની નોટિસ

નવી દિલ્હી : પર્યાવરણ કાર્યકર દિશા રવિ (૨૨)એ કરેલી અરજીને પગલે દિલ્હી હાઈકોર્ટે ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ સ્ટાન્ડર્ડ ઓથોરિટી તેમ જ ત્રણ જેટલી ટીવી ચેનલ્સને નોટિસ પાઠવી હતી. દિશા રવિએ પોલીસને તપાસની વિગત લીક કરતાં રોકવા અને આ કેસમાં મીડિયા જવાબદારીપૂર્વક રિપોર્ટિંગ કરે તેવી માગણી સાથે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. કોર્ટે આ કેસમાં આગળની સુનાવણી ૧૯ ફેબ્રુઆરીએ મુકરર કરી છે. દિલ્હી પોલીસ સાઈબર સેલ ટીમે ખેડૂત આંદોલનને સમર્થન આપતાં તૈયાર થયેલી ટૂલ કિટને શેર કરીને તેનો પ્રસાર કર્યો હોવાના આક્ષેપસર ૧૩ ફેબ્રુઆરીના રોજ બેંગ્લુરૂથી દિશા રવિની ધરપકડ કરી હતી.પોલીસ આક્ષેપ કરી રહી છે કે દેશ સામેનું આ રાષ્ટ્રીય ષડ્યંત્ર છે. પોલીસે દિશાને કોર્ટ સમક્ષ રજૂ કરીને સાત દિવસની પોલીસ કસ્ટડી મેળવેલી છે. દિશા રવિએ હવે તે પોલીસ કસ્ટડીમાં હતી તે સમયે તેની ખાનગી વોટસએપ ચેટ લીક થયા અંગે અને તેણે ગુનાની કબૂલાત કરી લીધી હોવા અંગે મીડિયાએ આપેલા અહેવાલ સામે સવાલ ઉઠાવ્યો હતો. પોતાની વોટ્સએપ ચેટ વિષે સમાચાર ચેનલ્સ રિપોર્ટિંગ ના કરે તેવી પણ માગણી કરી હતી. દિશા રવિએ ટીવી ચેનલ્સે ન્યાય મેળવવાના તેમજ પ્રાઈવસીના અધિકારનો ભંગ કર્યો હોવાથી તેમની સામે પગલાં લેવા કોર્ટને વિનંતી કરી હતી.

## પોંડિચેરીમાં વધુ ચાર જેટલા ધારાસભ્યોનાં રાજીનામાંથી કોંગ્રેસ સરકાર લઘુમતીમાં

પુડુચેરી : પુડુચેરીમાં રાહુલ ગાંધીની મુલાકાત પહેલાં કેબિનેટના બે પ્રધાનો સહિત ૪ ધારાસભ્યોએ રાજીનામાં આપતા કોંગ્રેસની સરકાર લઘુમતીમાં મુકાઈ ગઈ છે અને સત્તા ગુમાવવાનું સંકટ સર્જાયું છે. રાજીનામાં આપનાર પૈકી બે ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા હોવાના અહેવાલ છે. સંકટનો કેવી રીતે ઉકેલ લાવવો કે હવે પછી કેવી રણનીતિ ઘડવી તેની ચર્ચા કરવા સીએમ નારાયણસામી દ્વારા તાકીદની મિટિંગ બોલાવવામાં આવી છે. બીજીતરફ કેન્દ્ર સરકારે રાજ્યપાલ કિરણ બેદીને હટાવતાં ભાજપ સરકાર રચવાનો પ્રયાસ કરે તેવી અટકળો ઉગ્ર બની હતી. પુડુચેરીમાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ૧૫માંથી ઘટીને ૧૦ થઈગઈ છે. એ. જોન કુમારેમંગળવારે રાજીનામું આપ્યા પછી વિપક્ષોએ અહીં વિધાનસભામાં ફ્લોર ટેસ્ટની માગણી કરી છે.

# કિન્નરીની કમરમાં હાથ પરોવી નીતિન તેને નજીક લાવ્યો

અમદાવાદની એક સાંજ.

નેહરુબ્રિજ પરની મરક્યૂરી લાઈટોએ હજુ પૂરી રંગત પકડી નથી. પશ્ચિમે છવાયેલી સંધ્યાની લાલિમા બ્રિજ પરથી પસાર થતાં વાહનોમાં બેઠેલાઓનું ઘડીભર ધ્યાન ખેંચી લે છે. ઘર તરફ વળેલાં પુરપાટ દોડતાં વાહનોમાં સાઈલેન્સર વગરની ખૂબ અવાજ કરતી એક રિક્ષા પણ જાણે રેસમાં ઊતરી હોય તેમ બધાંને આંબવાનો પ્રયત્ન કરી રહી છે. એમાં બેઠેલું એક સહેલાણી યુગલ પણ કોઈ વિચિત્ર મૌન ધારણ કરી રહ્યું છે.

રિક્ષાએ બ્રિજ પૂરો કર્યો અને ટાઉનહૉલના માર્ગે વળાંક લીધો.

મૌન તોડતાં નીતિન બોલ્યો : 'કિન્નરી, દારેસલામ પહોંચતાં જ હું તને પત્ર નાખી દઈશ અને તું પણ જલદી જલદી જવાબ લખી નાખજે. ચિંતા કરીશ નહીં. બા-બાપુજી બધાં જ હવે ઈન્ડિયા આવવાનો વિચાર કરે છે, પછી તો કિન્નરી આપણે સદાય એક થઈ જઈશું.' એમ કહેતાં કહેતાં ડ્રાઈવર સાઈડ ગ્લાસમાંથી ન જુએ તેની તકેદારી રાખીને ધીરેથી નીતિને એનો હાથ કિન્નરીની કમરમાં પરોવી એને નજીક લાવી.

'એક થવામાં હવે શું...' કહેતાં કહેતાં કિન્નરી અટકી. થોડીક શરમાઈ અને આંખો નીચે ઢાળી દીધી.

ગુજરાત કૉલેજ પાસેની એક લેડીઝ હૉસ્ટેલ આગળ આવીને રિક્ષા ઊભી રહી. કિન્નરી જાણે નાછૂટકે અને વેદનાસભર દૃષ્ટિએ નીતિન સામે જોઈ રહી.

નીતિન અંદર જ બેસી રહ્યો. રિક્ષા ઊપડી ગઈ પણ બંનેમાંથી કોઈ કંઈ જ બોલી શક્યું નહીં. નીતિન લૉ કૉલેજની હૉસ્ટેલે ઊતરી ગયો. રાત પડી. સવાર થયું. ઍરપોર્ટ પર નિયત સમયે નીતિન આવી ગયો.

કિન્નરી તો પહેલેથી જ ત્યાં હાજર થઈ ચૂકી હતી. સૂઝી ગયેલી આંખો પરથી ઉજાગરો સ્પષ્ટ વર્તાતો હતો. થોડીક પળોની હળવી વાતચીત ત બાદ આંખમાં ઉભરાયેલાં ઝળઝળિયાં સહિત કિન્નરીએ નીતિનને વિદાય આપી. ઘૂઘવાટા કરતું પ્લેન મુંબઈ તરફ ઊપડી ગયું.

●●●

ચારેક વર્ષ પૂર્વે કૉલેજના પ્રથમ વર્ષમાં કિન્નરી અને નીતિનનો પ્રથમ પરિચય થયો. દિવસો વહેતા ગયા. વર્ષો પસાર થતાં ગયાં અને પરિચય દૃઢ થતાં અન્યોન્ય લાગણીના સંબંધો પ્રગટ્યા.

નીતિન સિનિયર કૅમ્બ્રિજ પસાર કરી આફ્રિકાથી ભારત આવ્યો હતો અને કિન્નરી...?

સૌને મન કિન્નરી એક પ્રશ્નાર્થ હતી. હૉસ્ટેલમાં રહેતી, નિયમિત કૉલેજ આવતી અને એક શાંત સરલ પ્રકૃતિ ધરાવતી અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં ઝાઝો રસ ન દાખવતી – બસ આ એનો સાચો પરિચય હતો. હા, તેની એક અંગત સહેલી માત્ર એટલું જાણતી કે, કિન્નરીની મા પૂનાની કોઈ ટી.બી. હૉસ્પિટલમાં સારવાર લઈ રહી હતી અને છતાંયે ખર્ચના પૈસા ક્યાંથી આવતા તે તો કોઈને ખબર નહોતી. વૅકેશનમાંયે શક્ય હોય ત્યાં સુધી હૉસ્ટેલમાં જ રહેવાનો આગ્રહ રાખતી અને અવારનવાર પૂના જઈ આવતી. બાકીની રજાઓ તેની સહેલી સાથે ગાળતી.

છતાંયે કૉલેજમાં એનો પરિચય આગવા દૃષ્ટિકોણથી પામનારા પણ હતા.

ઊંચી અને શુભ્ર દેહલતા ધરાવતી કિન્નરીની આંખોમાં કોઈ બાલસહજ નિર્દોષતા જોતું, કોઈ કુમાશ જોતું, તો કોઈને એમાં શરાબથી છલકતા જામ પણ નજર આવતા...!

પણ કિન્નરી આ બધાંથી અજાણ હતી. તે એકલી હતી. તેનું જીવન એકલવાયું હતું. કશાકની ઝંખના હતી અને તે ઝંખનાની પરિતૃપ્તિ નીતિને કરાવી.

એકવાર ચાલુ પરીક્ષાએ કિન્નરીની બૅન્ચ પરથી પડી જતાં પેનની નીબ તૂટી ગઈ. તે ગભરાઈ ગઈ પણ નીતિન બાજુમાં જ હતો. ખિસ્સામાંથી બીજી પેન કાઢીને સહૃદયતાથી વિવેકપૂર્વક કિન્નરીને ઑફર કરી. કદી કોઈની ચીજની અપેક્ષા ન રાખનાર કિન્નરીએ એ સ્વીકારી લીધી.

બસ, આ નાનકડો પ્રસંગ એમના સ્નેહનો મુખ્ય સ્રોત હતો. પછી તો એમની મિત્રતા બંધાઈ. અવારનવાર મળતાં થયાં અને મિત્રો મટી સહૃદયી થયાં.




**નીતિન લૉ કૉલેજની હૉસ્ટેલે ઊતરી ગયો. રાત પડી. સવાર થયું. ઍરપોર્ટ પર નિયત સમયે નીતિન આવી ગયો. કિન્નરી તો પહેલેથી જ ત્યાં હાજર થઈ ચૂકી હતી. સૂઝી ગયેલી આંખો પરથી ઉજાગરો સ્પષ્ટ વર્તાતો હતો. થોડીક પળોની હળવી વાતચીત ત બાદ આંખમાં ઉભરાયેલાં ઝળઝળિયાં સહિત કિન્નરીએ નીતિનને વિદાય આપી. ઘૂઘવાટા કરતું પ્લેન મુંબઈ તરફ ઊપડી ગયું.**

આખીયે કૉલેજમાં આ યુગલ જુદું જ તરી આવતું. સૌ કોઈ એમને આદરથી જોતું. ઉચ્છૃંખલતાહીન એમની મૃદુ પ્રકૃતિ માટે પ્રિન્સિપાલને પણ માન હતું.

એમની કૉલેજ કારકિર્દીને ત્રણ વર્ષ પૂરાં થઈ ચોથું બેઠું હતું. દરમિયાન બંનેનો સંબંધ પણ પ્રગાઢ થઈ ચૂક્યો હતો.

કિન્નરી માટે નીતિન સર્વસ્વ હતો. ભગવાનથીયે એને નીતિન વહાલો

હતો. રોજ સાંજે લૉ ગાર્ડનમાં નિયમિત મળતાં અને લાંબા સમય સુધી બેસી રહેતાં. નવાઈની વાત તો એ હતી કે પરસ્પરની આંખોમાં આંખો પરોવી જોઈ

જ રહેતાં. વાતો તો ખૂબ જ ઓછી કરતાં. એકબીજાના સાંનિધ્યમાં ખોવાયેલાં જ રહેતાં. અંધારું થતાં નીતિન એને હૉસ્ટેલ સુધી મૂકવા જતો. વળી પાછાં હૉસ્ટેલના દરવાજા આગળ થોડીકવાર ઊભાં રહેતાં. જાણે છૂટા પડવાનું મન જ ન થતું અને કિન્નરીની તો ઝંખના જ જાણે દિવસે દિવસે વધતી જતી, અતૃપ્તિનો શોષ વધતો જ જતો... છેવટે પહેરેગીરની બૂમને માન આપી કિન્નરી ભારે હૈયે કંપાઉન્ડમાં દાખલ થઈ જતી.

એમ કરતાં કરતાં કૉલેજનું છેલ્લું વર્ષ પણ પસાર થઈ ગયું. બંને જણ સારા માર્ક્સ મેળવી પાસ થઈ જતાં સાથે જ એલ.એલ.બી. કરવા વિચાર્યું.

એક સાંજે નીતિન ઉદાસ દેખાયો. એના મોં પર દુ:ખની આભાઓ છવાયેલી જોઈ કિન્નરી અડધી થઈ ગઈ.

'નીતિન, શું વાત છે ? કહેને ? કેમ આમ નર્વસ લાગે છે ?' નીતિનના

મોં પર હેતથી હાથ અડકાડી કિન્નરી બોલી.

'દારેસલામથી ટેલિગ્રામ આવ્યો છે. પપ્પાનો છે. લખે છે કે ગયા અઠવાડિયે એમને ઍટેક આવ્યો હતો. હાર્ટની બીમારી છે. થોડા દિવસો માટે બોલાવ્યો છે. ટિકિટ પણ મોકલી આપી છે.'

નીતિનથી દૂર રહેવું કિન્નરીને વિચારમાં પણ પોસાય તેમ ન હતું અને આ તો દ્વિધા થઈ.

તે બોલી : 'કંઈ નહીં તું જા, થોડા દિવસ જઈ આવ, નીતિન. એમની તબિયત સારી થતાં જલદી જલદી આવતો રહેજે.'

'પ્લેન શુક્રવારે જાય છે અને હજુ ત્રણેક દિવસની વાર છે. કિન્નરી, ચાલને કાલે નળ સરોવર જઈ આવીએ. બીજે દિવસે પાછાં આવતાં રહીશું.'

નીતિને સહેલગાહની દરખાસ્ત મૂકી. ધરાઈ ધરાઈને જે સાથે રહેવા મળ્યું તે ખરું એમ માની કિન્નરીએ ત ત˴ દરખાસ્ત વધાવી લીધી. બીજે દિવસે વહેલી સવારે આ સારસયુગલ નળ સરોવર કાંઠે આવેલાં દેશ-વિદેશનાં રંગીન પક્ષીઓને મળવા ઊપડી ગયું.

આખો દિવસ હોડીમાં બેસી દૂર દૂર સુધી બંનેએ સહેલ માણી. હોડીમાં બેઠાં બેઠાં પાણીમાં હાથ ફંગોળવાની કિન્નરીને ખૂબ મજા પડી. નીતિન પણ કિન્નરીના ખોળામાં મોં છુપાવી સૂઈ રહ્યો અને કિન્નરી પણ નીતિનના સાંનિધ્યમાં ખોવાયેલી ખોવાયેલી રહી. નવા જ બંધાયેલા ગેસ્ટ હાઉસમાં રાત ગાળવાનો પ્રબંધ કર્યો. દિવસનાં થાકેલાં બેઉએ રસોઈયા પાસે તૈયાર કરાયેલું રાત્રિનું ભોજન લીધું. ઠંડીનો અણસારો વર્તાતાં તેઓ ગેસ્ટ હાઉસના નવા જ રંગેલા રૂમની પડખે ભરાયાં. તદ્દન એકાંતનો પરિચય બંને માટે નવો હતો, પણ નીતિન સ્વસ્થ હતો.

કિન્નરી જરાક ક્ષોભ પામતી હતી. મીણબત્તીની હાલકડોલક થતી જ્યોતમાં ઊંડે ને ઊંડે કંઈક શોધવા મથી રહી હતી. એને ઠંડીમાં થરથરતી જોઈ નીતિને ઊભા થઈ હેન્ડબૅગમાંથી શાલ કાઢી એને ઓઢાડી. ફરી પાછો એની નજીક ગોઠવાઈ ગયો.

કિન્નરીનું હૃદય જોશભેર થતા ધબકારાથી હાંફવા લાગ્યું. ઝડપી ઊંચા શ્વાસે તેનો ઉરપ્રદેશ પણ થરથરવા લાગ્યો. કોઈ અજાણી બીક અને અજાણી શરમના વંટોળમાં તે અથડાવા લાગી હતી. પ્રણયના કોઈ સ્થૂળ સીમાચિહ્ન તરફ બંને જાણે-અજાણે દોરાઈ રહ્યાં. પરિપક્વ જુવાનીનાં ઉંબરે પહોંચેલા જીવોમાં કહે છે કે બુદ્ધિ કરતાં લાગણીનું જોર પ્રધાનપણે હોય છે.

અહીં પણ એવી જ કોઈ ચોક્કસ લાગણીના ઉશ્કેરાટ પ્રતિ બીતાં બીતાં બેઉ આગળ વધી રહ્યાં હતાં. તમરાંનો એકધાર્યો અવાજ હવે રાતના અંધકારમાં આગવો સૂર પુરાવતો હતો. નીતિનના ઊના ઊના શ્વાસમાં કિન્નરી જાણે નહાઈ રહી હતી.

કિન્નરી એની તરફ વધુ નજીક સરકી અને હળવેથી એની કુમળી દેહલતા નીતિનનાં અંગોને વીંટળાઈ રહી. બે ધબકતાં હૈયાં વર્ષોનાં પરિચય બાદ આજે જાણે પહેલી જ વાર પ્રત્યક્ષ મળ્યાં.

(ક્રમશઃ આવતા અંકે)

**દેવેન્દ્ર પટેલ**
**સંપર્ક**
+91 98792 07102

## જાણવા જેવું

### તાપમાનને કાબૂમાં રાખતું થર્મોસ્ટેટ

વીજળી વડે ગરમી મેળવતા ઇસ્ત્રી, રૂમ હિટર, ગીઝર વિગેરે સાધનો વધુ પડતા ગરમ થઈ જાય તો આપમેળે વીજપ્રવાહ બંધ કરવાની ગોઠવણવાળા હોય છે. આ ગોઠવણથી અકસ્માતની શક્યતા ઘટી જાય છે. આવા સાધનોમાં તાપમાન પર કાબૂ રાખવા થર્મોસ્ટેટ વપરાય છે. વિવિધ સાધનોમાં થર્મોસ્ટેટનો વિવિધ રીતે ઉપયોગ થાય છે. ઘરમાં હિટર હોય તો રાત્રે રૂમ વધુ પડતો ગરમ ન થઈ જાય તે માટે થર્મોસ્ટેટ ઉપયોગી થાય છે. આ સાધન દિવાલ ઉપર લટકાવી શકાય છે. ધાતુ ગરમ થાય ત્યારે તેનું કદ વધે છે અને ઠંડી થાય ત્યારે સંકોચાય છે આ સિદ્ધાંત ઉપર થર્મોસ્ટેટ કામ કરે છે. પિત્તળ કે લોખંડની બે નાનકડી ઠેસીવાળા આ યંત્રમાં આબાદ રીતે આ સિદ્ધાંત વપરાયો છે. વિવિધ ધાતુઓ પર ગરમીની અસર વધતી ઓછી થાય છે. ગરમીથી લોખંડ વધુ વિસ્તાર પામે અને પિત્તળ કે તાંબુ ઓછો વિસ્તાર પામે છે. લોખંડ અને પિત્તળની બે પટ્ટીઓ જોડીને ગરમ કરવાથી આ વધઘટ સર્જાય. બંને પટ્ટી ગરમ થતાં એકતરફ ઝૂકી જાય છે. પટ્ટી ઝૂકી જાય એટલે વીજપ્રવાહની સર્કીટથી દૂર થઈ જાય અને વીજપ્રવાહ બંધ થઈ જાય. પટ્ટી ઠંડી થઈને મૂળ સ્થિતિમાં આવી જાય એટલે સર્કિટ આપોઆપ જોડાઈને હિટર ફરી શરુ થઈ જાય આમ થર્મોસ્ટેટ સાધનોને વધુ પડતા ગરમ થવા દેતું નથી. આધુનિક થર્મોસ્ટેટમાં ધાતુની પટ્ટીના સ્થાને જુદા જુદા વાયુ ભરેલી બે ડિસ્ક વપરાય છે.

### પર્યાવરણને સૌથી વધુ ઉપયોગી :વાંસ

વનસ્પતિ વાતાવરણમાંથી કાર્બનડાયોકસાઈડ શોષીને ઓક્સિજન ભેળવે છે. અને પર્યાવરણને ઉપયોગી થાય છે. તેમાં સૌથી વધુ ઓક્સિજન ભેળવવામાં વાંસનો ફાળો છે. વાંસ અન્ય વનસ્પતિ કરતાં ૩૦ ટકા વધુ ઓક્સિજન મુક્ત કરે છે. આ ઉપરાંત પણ વાંસ પર્યાવરણ જ નહીં પણ માનવજાત માટે ઉપયોગી વનસ્પતિ છે. વાંસ સૌથી વધુ ઝડપે વિકાસ પામતી વનસ્પતિ છે. એટલે તેની ઉપજ માટે વધુ મહેનત કરવી પડતી નથી. વાંસનાં જંગલો થોડા સમયમાં જ વિસ્તાર પામતા હોય છે. વાંસ એક થી પાંચ વર્ષના ગાળામાં જ પુષ્પ બની જાય છે. સખત લાકડાના બીજા વૃક્ષો ૨૦ થી ૨૫ વર્ષે પુષ્પ બને છે. વાંસનું મૂળતંત્ર અજાયબ છે. વાંસને કાપી લીધા પછી તેના ઠૂંઠા મૂળમાંથી ફરી ઉગી નીકળે છે. વાંસને ખાતર કે અન્ય રસાયણની જરૂર પડતી નથી. વાંસના પાન ખરીને જમીન પર પડે તેના ખાતરથી જ તે વિકસે છે. વાંસના દરેક અવયવ માણસજાતને વિવિધ રીતે ઉપયોગી થાય છે. વાંસનું જંગલ જમીનનું ધોવાણ અટકાવે છે. વાંસ બધી જ ઋતુ અને હવામાનમાં વિકાસ પામે છે. વાંસ વચ્ચેથી પોલા હોય છે. તે સ્ટીલ કરતાં પણ વધુ મજબૂત હોય છે. વાંસને ઉધઇ કે અન્ય જીવાત લાગતી નથી એટલે સડતા નથી. વાંસમાં બાંબૂકૂન નામનું દ્રવ્ય હોય છે. વાંસમાંથી બનેલા કોલસા પાણી ગાળવાનું ઉત્તમ માધ્યમ છે. તે વાતાવરણમાંથી દુર્ગંધ દૂર કરે છે. ચીન અને જાપાનમાં બેગમાંથી ગંધ દૂર કરવા ડામરની ગોળી નહીં પણ વાંસના કોલસાનો ટૂકડાં મૂકાય છે.

## IPL- ૮ ફ્રેન્ચાઈઝીને ૬૧ ખેલાડી માટે ૨૯૨ ખેલાડીના વિકલ્પો મળ્યા

# ક્રિસ મોરિસ સૌથી વધુ ૧૬.૨૫ કરોડમાં વેચાયો



### હાઈલાઈટ્સ

- સૌરાષ્ટ્રના યુવા ફાસ્ટ બોલર ચેતન સાકરિયાને રાજસ્થાન રોયલ્સે ૧.૨૦ કરોડમાં ખરીદ્યો
- લુકમાન મેરીવાલાને દિલ્હીએ ૨૦ લાખમાં ખરીદ્યો
- મોહમ્મદ અઝહરુદ્દીનને ૨૦ લાખમાં આરસીબીએ ખરીદ્યો
- શેલ્ડન જેક્સનને ૨૦ લાખમાં કોલકત્તાએ સામેલ કર્યા.
- વિકેટકીપર વિષ્ણુ વિનોદને દિલ્હી કેપિટલ્સે ૨૦ લાખમાં ખરીદ્યો
- ઓલરાઉન્ડર કૃષ્ણપ્પા ગૌતમને ૯.૨૫ કરોડ રૂપિયામાં ચેન્નઈએ ખરીદ્યો. આ સાથે તે આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘો ભારતીય અનકેપ્ડ પ્લેયર બની ગયો.
- તમિલનાડુના શાહરૂખ ખાનને પ્રીતિ ઝિંટાએ ૫.૨૫ કરોડમાં ટીમમાં સમાવ્યો.
- પીયુષ ચાવલાને ૨.૪૦ કરોડમાં મુંબઈ ઈન્ડિયન્સે પોતાની ટીમમાં સામેલ કર્યો
- ન્યૂઝીલેન્ડનો ઈશ સોઢી અનસોલ્ડ રહ્યો
- હરભજન સિંહ ન વેચાયો
- અફઘાનિસ્તાનનો મુઝીબ ઉર રહમાન અનસોલ્ડ
- ઉમેશ યાદવને દિલ્હીએ બેઝ પ્રાઈઝ ૧ કરોડમાં ખરીદ્યો
- બાંગ્લા.ના મુસ્તફિઝુર રહમાનને રાજ. રોયલ્સે ૧ કરોડમાં ખરીદ્યો
- શ્રીલંકાના વિકેટકીપર થિસારા પરેરાને કોઈએ ન ખરીદ્યો
- નંબર-૧ ટી૨૦ બેટ્સમેન ડેવિડ મલાનને કિંગ્સ પંજાબે ૧.૫૦ કરોડની બેઝ પ્રાઈઝમાં ખરીદ્યો
- ભારતના ટેસ્ટ ખેલાડી હનુમા વિહારી પણ ન વેચાયો
- એરોન ફિન્ચને કોઈપણ ખરીદદાર ન મળ્યા
- જેસન રોય ન વેચાયો
- ઈંગ્લેન્ડના એલેક્સ હેલ્સને ખરીદદાર ન મળ્યું

ચેન્નાઈ: સાઉથ આફ્રિકાનો ક્રિસ મોરિસ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. ચેન્નઈમાં ગુરૂવારે આઈપીએલ-૨૦૨૧ની હરાજીમાં ૭૫ લાખની બેઝ પ્રાઈઝ ધરાવતા ક્રિસ મોરિસને રાજસ્થાન રોયલ્સે ૧૬.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ સાથે જ તે આઈપીએલના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે.

આઈપીએલની આઠ ફ્રેન્ચાઈઝી ૬૧ જગ્યા ભરવા માટે બોલી લગાવી. હરાજીની યાદીમાં ૧૬૪ ભારતીય, ૧૨૫ વિદેશી અને એસોસિએટ દેશોના ત્રણ ખેલાડીઓને જગ્યા મળી હતી. ઈંગ્લેન્ડના હગ એડમીડ્સ ફરી એક વખત હરાજીકર્તાની ભૂમિકામાં નજરે પડ્યા. ગુરુવારે ત્રણ વાગ્યે હરાજી શરૂ થઈ.

આઈપીએલ-૨૦૨૧મા ઓસ્ટ્રેલિયન ઓલ-રાઉન્ડર ગ્લેન મેક્સવેલ પણ સૌથી મોંઘા ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે. ગ્લેન મેક્સવેલની બેઝ પ્રાઈઝ ૨ કરોડ રૂપિયા હતી અને રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે તેને ૧૪.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. શાકિબ ઉલ હસનને કેકેઆરે ૩.૨ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. શિવમ દુબે ૫૦ લાખની બેઝ પ્રાઈસ સાથે ઓક્શનમાં ઉતર્યો હતો અને ૪.૪ કરોડ રૂપિયામાં રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો છે. મેક્સવેલ બાદ મોઈન અલી સૌથી મોટી રકમમાં ખરીદાયો છે. ૨ કરોડની બેઝ પ્રાઈસ ધરાવનારા મોઈન અલીને ચેન્નઈ સુપર કિંગ્સે ૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથને દિલ્હી કેપિટલ્સે ખરીદ્યો છે. તે ૨.૨૦ કરોડમાં વેચાયો છે.

### વિદેશના સાત પેસ બોલર્સ પર ખર્ચાયા ૬૨.૪૫ કરોડ રૂપિયા

ચેન્નઈ : વિશ્વની સૌથી ધનાઢ્ય ક્રિકેટ લીગ આઈપીએલની ૧૪મી સિઝન માટે ચેન્નઈમાં ખેલાડીઓની હરાજી થઈ હતી અને કેટલાક ખેલાડીઓ રાતોરાત કરોડપતિ બની ગયા હતા. આઈપીએલ ૨૦૨૧ની હરાજીમાં સાઉથ આફ્રિકાના ક્રિસ મોરિસે ઈતિહાસ સર્જીને સૌથી મોંઘા ખેલાડી તરીકેનો તાજ પોતાના નામે કર્યો હતો તો બીજી તરફ કૃષ્ણપ્પા ગૌતમ પણ સૌથી મોંઘો અનકેપ્ડ ખેલાડી બનીને પોતાની બેઝ પ્રાઈસ કરતાં ૪૬ ગણી રકમે વેચાયો હતો. પંજાબ કિંગ્સે પણ ૨૦ લાખની બેઝ પ્રાઈઝવાળા ઓલરાઉન્ડર શાહરૂખ ખાનને ૨૨ ગણી રકમ આપીને ૫.૨૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો.

### ૧૨.૫ કરોડનો સ્મીથ આ વખતે માત્ર ૨.૨૦ કરોડમાં વેચાયો



ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથ ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૪મી સીઝનમાં દિલ્હી કેપિટલ્સની તરફથી રમશે. સ્મિથ પર પહેલી બોલી બેંગ્લોરે લગાવી પરંતુ ત્યારબાદ દિલ્હી કેપિટલ્સે બાજી મારી. સ્મિથને ગુરૂવારના રોજ થયેલી ખેલાડીઓની હરાજીમાં દિલ્હી કેપિટલ્સે ૨ કરોડ ૨૦ લાખ રૂપિયામાં પોતાની સાથે જોડ્યો. સ્મિથે હાલ હરાજીમાં પોતાની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા રાખી હતી. ગયા વર્ષે સ્મીથ ૧૨.૫ કરોડમાં વેચાયો હતો.

### મોડે મોડે હરભજન સિંહ અને કેદાર જાદવને ખરીદનાર મળ્યા

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૧ માટે ખેલાડીઓની હરાજી ચેન્નાઈમાં થઈ રહી છે. દિગ્ગજ સ્પિનર હરભજન સિંહને KKRએ બે કરોડમાં ખરીદ્યો છે. હરભજન સિંહ સિવાય કેદાર જાધવને પણ ખરીદનાર મળી ગયા છે. તેણે હૈદરાબાદે બે કરોડમાં ખરીદ્યો છે. તેના સિવાય કરૂણ નાયરને KKR પચાસ લાખમાં ખરીદ્યો છે. ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન અને વિશ્વના નંબર ૧ ટી-૨૦ બેટ્સમેન ડેવિડ મલાનને નિરાશ થવું પડ્યું છે. આશા રાખવામાં આવી રહી છે કે મલાન માટે મોટી હરાજી લાગી શકે છે, પરંતુ એવું થયું નહોતું. મલાન ૧.૫ કરોડ રૂપિયામાં વેચાયો છે.

# મોટેરા ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

મુંબઈ: ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૪ મેચોની સિરીઝની છેલ્લી બે ટેસ્ટ મેચો માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ૧૭ સભ્યોની ભારતીય ટીમની ઘોષણા કરી દીધી છે. સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચમાં ૨૨૭ રનથી હાર્યા બાદ ભારતે ઈંગ્લેન્ડને બીજી ટેસ્ટમાં ૩૧૭ રનથી હરાવીને શાનદાર વાપસી કરી છે. હવે છેલ્લી બે ટેસ્ટ મેચ માટે ટીમમાં સિનીયર ઝડપી બોલર ઉમેશ યાદવની વાપસી થઈ છે.

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ છેલ્લી બે ટેસ્ટ મેચો માટે ભારતીય ટીમમાં ઉમેશ યાદવની વાપસી થઈ છે. ઉમેશ છેલ્લી બે ટેસ્ટ મેચોમાં શાર્દુલ ઠાકુરનું સ્થાન લેશે. ઉમેશ તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયા સિરીઝ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. જોકે અમદાવાદમાં રમાનાર ટેસ્ટ પહેલા ઉમેશની ફિટનેશ ચેકઅપ થશે.



### ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચમાં કોહલીને બેન કરવાની માગ

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં ફિલ્ડ અમ્પાયર નીતિન મેનન સાથેના વિવાદ બાદ વિરાટ કોહલની ઈંગ્લેન્ડ પૂર્વ ખેલાડીઓ સતત ટિકા કરી રહ્યા છે. ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર ડેવિડ લોયડએ કોહલીના આ વર્તનને ખોટુ ગણાવ્યું છે અને તેને ઓછામાં ઓછા ત્રણ ટેસ્ટ મેચ માટે બેન કરવાની માગી કરી છે. લોયડે કહ્યું છે કે, જો કોહલીએ કોઈ બીજી રમતમાં આવુ વર્તન કર્યું હોત તો તેની પર સીધો પ્રતિબંધ લગાવી દેવામાં આવત.

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સિરીઝની છેલ્લી બે ટેસ્ટ મેચ અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં રમાશે. આ સ્ટેડિયમ દર્શકોની ક્ષમતાના આધારે દુનિયાનું સૌથી મોટું સ્ડેડિયમ છે. આ સ્ટેડિયમમાં એક સમયમાં ૧ લાખ ૧૦ હજાર લોકો બેસીને મેચની મજા માણી શકે છે. બીસીસીઆઈ એ હાલમાં એ સ્ટેડિયમમાં ૫૦ ટકા દર્શને આવવાની પરવાનગી આપી છે.

ભારતીય ટીમઃ વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા, મયંક અગ્રવાલ, શુભમન ગિલ, ચેતેશ્વર પૂજારા, અજિંક્ય રહાણે (ઉપ-કપ્તાન), કેએલ રાહુલ, હાર્દિક પંડ્યા, ઋષભ પંત (વિકેટકીપર), રિદ્ધિમન સાહા (વિકેટકીપર), આર અશ્વિન, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, ઈશાંત શર્મા, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ.

## દ. આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસની ટેસ્ટમાંથી નિવૃત્તિ, ટી-૨૦માં રમશે

કેપટાઉન : સાઉથ આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ, ટી૨૦ ફોર્મેટમાં રમશે સાઉથ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન ફાફ ડુ પ્લેસિસે બુધવારે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. ૩૬ વર્ષીય ડુ પ્લેસિસે સોશિયલ મીડિયામાં આ બાબતની જાણકારી આપીને જણાવ્યું હતું કે હું જીવનમાં નવો અધ્યાય શરૂ કરું તે માટેનો સમય પાકી ગયો છે. હું મારા નિર્ણય અંગે ઘણો સ્પષ્ટ છું. જો ૧૫ વર્ષ પહેલાં કોઈએ કહ્યું હોત કે હું સાઉથ આફ્રિકા માટે ૬૯ ટેસ્ટ રમીશ અને ટીમની કેપ્ટનશિપ કરીશ તો મેં તેના ઉપર વિશ્વાસ કર્યો નહોતો. ટેસ્ટ કારકિર્દીમાં મને જે સમર્થન અને આદર મળ્યો છે તેનો હું આભાર માનું છું.



ડુ પ્લેસિસે કારકિર્દીમાં ૬૯ ટેસ્ટ રમી હતી અને તેણે ૪૦.૬૩ની સરેરાશથી ૪૧૬૩ રન બનાવ્યા હતા. તેના નામે ૧૦ સદી અને ૨૧ અડધી સદી પણ નોંધાયેલી છે. તેણે ૩૬ ટેસ્ટ મેચમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું અને ગયા વર્ષના જાન્યુઆરીમાં ઈંગ્લેન્ડ સામે હોમગ્રાઉન્ડમાં મળેલા પરાજય બાદ તેણે કેપ્ટનશિપ છોડી દીધી હતી. ડુ પ્લેસિસ હવે ક્રિકેટની સૌથી નાની ફોર્મેટ ટી૨૦ ઉપર ધ્યાન આપી રહ્યો છે. તેણે જણાવ્યું હતું કે આગામી બે વર્ષમાં આઈસીસીના બે વર્લ્ડ કપ રમાવાના છે અને મારું તમામ ધ્યાન ટી૨૦ ક્રિકેટ ઉપર છે.

## હોમગ્રાઉન્ડમાં રોનાલ્ડો ફ્લોપ, પોર્ટોએ જુવેન્ટ્સને ૨-૧થી પરાજય આપ્યો

પોર્ટો : પોર્ટુગલની ક્લબ પોર્ટોએ બંને હાફની શરૂઆતમાં ગોલ કરીને ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટના અંતિમ-૧૬ના પ્રથમ તબક્કામાં જુવેન્ટ્સને ૨-૧થી હરાવીને ક્રિસ્ટિયાનોએ રોનાલ્ડોનો તેના ઘરઆંગણે તેનો જાદુ ચાલવા દીધો નહોતો. મેહદી તારેમીએ મેચની ૬૩મી સેકન્ડે જુવેન્ટ્સની ડિફેન્સ હરોળને ભેદીને ગોલ કર્યો હતો. મોસા મારેગાએ બીજા હાફની ૧૯મી સેકન્ડે ગોલ કરીને પોતાની ટીમને ૨-૦થી આગળ કરી દીધી હતી. ફેડરિકો ચીસાએ ૮૨મી મિનિટે જુવેન્ટ્સ માટે ગોલ નોંધાવ્યો હતો જે બીજા તબક્કા બાદના ઓવરઓલ સ્કોરમાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. જુવેન્ટ્સના ફોરવર્ડ રોનાલ્ડો પોતાના દેશમાં મુકાબલો રમી રહ્યો હતો, પરંતુ તે મેચમાં કોઈ પણ પ્રકારનો પ્રભાવ છોડી શક્યો નહોતો. બંને ટીમો વચ્ચેના બીજા તબક્કાનો મુકાબલો નવમી માર્ચે તુરિન ખાતે રમાશે.

## ઓસ્ટ્રેલિયન ઓપનઃ ઓસાકા અને બ્રાડી વચ્ચે ફાઇનલ રમાશે

મેલબોર્નઃ જાપાનની નાઓમી ઓસાકાએ સેરેના વિલિયમ્સનું ૨૪મો ગ્રાન્ડસ્લેમ જીતીને રેકોર્ડ સરભર કરવાના સ્વપ્નને ચકનાચૂર કરીને ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. વિમેન્સ સિંગલ્સમાં ઓસાકા અને જેનિફર બ્રાડી વચ્ચે શનિવારે ફાઈનલ મુકાબલો રમાશે. સેરેના છેલ્લા ચાર વર્ષથી મારગ્રેટ કોર્ટના હાઈએસ્ટ ૨૪ ગ્રાન્ડસ્લેમ જીતવાના રેકોર્ડને સરભર કરવાનો પ્રયાસ કરી રહી હતી. તે ઘણી વખત ગ્રાન્ડસ્લેમ જીતવાના આરે પહોંચી હતી પરંતુ અંતિમ પળોમાં તેને પરાજયનો સામનો કરવો પડતો હતો. તેણે પોતાનો છેલ્લો ગ્રાન્ડસ્લેમ ૨૦૧૭માં મેલબોર્ન પાર્ક ખાતે જ જીત્યો હતો. વિમેન્સ સિંગલ્સની પ્રથમ સેમિફાઈનલમાં ઓસાકાએ ૩૯ વર્ષીય સેરેનાને ૬-૩, ૬-૪થી હરાવી હતી.

૨૦૧૮માં યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં સેરેનાને હરાવનાર ઓસાકા ચોથી વખત કોઈ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં પ્રવેશી છે. તેણે પોતાના વિજયી અભિયાનને ૨૦ મેચ સુધી પહોંચાડી દીધું છે. જાપાનની ત્રીજી ક્રમાંકિત ઓસાકાએ ગયા વર્ષે ૨૦૨૦માં યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ જીત્યો હતો. તે પહેલાં તેણે ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયન ઓપનનું ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

અમેરિકાની ૨૨ વર્ષીય જેનિફર બ્રાડી પ્રથમ વખત કોઈ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં પ્રવેશી છે. તેણે સેમિફાઈનલમાં ચેક રિપબ્લિકની કેરોલિના મુચોવાને ત્રણ સેટના સંઘર્ષ બાદ ૬-૪, ૩-૬, ૬-૪થી હરાવી હતી.

# પ.એશિયાનાં ૧૩ દેશોમાં કોરોનાનાં નવા સ્ટ્રેનનાં કેસ



વોશિંગ્ટન : વિશ્વ આરોગ્ય સંગઠન એ કહ્યું છે કે પશ્ચિમ એશિયાનાં કેટલાક ભાગોમાં કોરોના સંક્રમણની સ્થિતી ગંભીર થઈ રહી છે, ડબ્લ્યુએચઓ નાં જણાવ્યા પ્રમાણે પશ્ચિમ એશિયાનાં કેટલાક દેશોમાં કોરોનાનાં કેસ ભલે સ્થિર થયા હોય પરંતુ સ્થિતી ચિંતાજનક બની છે, ડબ્લ્યુએચઓ એ ચેતવણી આપતા કહ્યું કે ૧૩ દેશોમાં કોરોનાનાં નવા સ્ટ્રેન ધરાવતા કેસ બહાર આવ્યા છે. આ ક્ષેત્રનાં ૧૩ દેશોમાં કોરોના વાયરસનાં ત્રણ નવા વેરિયન્ટમાંથી ઓછામાં ઓછા ૧ નો કેસ નોંધાયો છે, જો કે તેમણે તે દેશોનું નામ જણાવ્યું નથી, ડબ્લ્યુએચઓનું કહેવું છે કે કોરોનાનાં તમામ નવા વેરિયેન્ટ વધું સંક્રામક છે, આ ક્ષેત્રમાં કોરોનાનાં લગભગ ૬૦ લાખ નવા કેસ નોંધાયા છે. ડબ્લ્યુએચઓ એ લોકોને કહ્યું કે તે કોરોનાનાં નવા સ્ટ્રેનથી બચવા માટે અગમચેતીનાં પગલા લેતા રહે, ડબ્લ્યુએચઓનાં મુજબ પુર્વી ભૂમધ્યસાગરનાં ૧૨ દેશોમાંથી ૬૩ લાખ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.

## એકલતા દૂર કરવા જાપાનમાં ‘લોન્લીનેસ મિનિસ્ટર’ની નિમણૂંક

ટોકિયો : જાપાનમાં સરકારે મિનિસ્ટર ઓફ લોન્લીનેસની નિમણૂંક કરી છે. કોરોનાકાળમાં સર્વત્ર માનસિક બિમારી–સમસ્યાઓ ઉભી થઈ છે. જાપાનમાં કોરોના દરમિયાન આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે. એટલે સરકારે તુરંત પગલાં લઈ એકલતા અનુભવતા લોકોની સમસ્યા ઉકેલવા વિભાગ કાર્યરત કરી દીધો છે. કોરોનાને કારણે ફરજિયાત એકલાં રહેવું, ઘરેથી કામ કરવું, અણગમતી પરિસ્થિતિમાં લાંબો સમય રહેવું વગેરે મુશ્કેલીઓ સર્જાઈ છે. જાપાનમાં ૧૧ વર્ષ પછી આત્મહત્યાના પ્રમાણમાં વધારો જોવા મળ્યો હતો. વડા પ્રધાન યોશિદે સુગાએ એ વાતને ગંભીરતાથી લઈને એકલતા સામે લડવા માટે મંત્રીની નિમણૂંક કરી છે. તેમનું કામ આખા દેશમાં રહેલા આવા એકલા નાગરિકોની એકલતા દૂર કરવાનું છે.

## વર્ષમાં કોરોનાના સ્ટ્રેનને ખતમ કરનારી વેક્સિન આવી જશેઃ દાવો

લંડન : બ્રિટિશ વૈજ્ઞાનિકોએ કરેલા દાવા પ્રમાણે કોરોના વાયરસના તમામ સ્ટ્રેઈન્સને હરાવનારી યુનિવર્સલ વેક્સિન તૈયાર થતા એક વર્ષનો સમય લાગી જશે. વૈજ્ઞાનિકોના દાવા પ્રમાણે એક વર્ષમાં જે વેક્સિન તૈયાર થશે તેનાથી કોરોનાના કોઈ પણ સ્ટ્રેઈન કે વેરિયન્ટ વાયરસને હરાવી શકાશે. બ્રિટિશ વૈજ્ઞાનિકો હાલ વિશ્વમાં ઉપસ્થિત તમામ કોરોના વેક્સિનનો અભ્યાસ કરી રહ્યા છે. નૉટિંઘમ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો એક એવી વેક્સિન બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે જે કોરોના વાયરસના બાહ્ય કાંટાળા પડ નહીં પરંતુ તેના કેન્દ્ર પર હુમલો કરે. નવી વેક્સિન કોરોના વાયરસના બાહ્ય કાંટાળા પ્રોટીન પડને બદલે તેના કેન્દ્ર એટલે કે ન્યૂક્લિયોકૈપસિડ પ્રોટીનને નિષ્ક્રિય કે કમજોર બનાવશે.

# યુએસ પ્રમુખ બાઇડેને બે ભારતીય અમેરિકનને મહત્ત્વના પદે નિમ્યા

- પ્રેસ્ટન કુલકર્ણીને વિદેશી બાબતોના વડા અને સોનાલી નિઝાહવાનને અમેરિકોર્પ્સના ડાયરેકટર બનાવ્યા

હ્યુસ્ટન : જાહેર સેવા ક્ષેત્રના બે નિષ્ણાંતોને અમેરિકાના પ્રમુખ બાઈડેને મહત્ત્વના હોદ્દા પર નિમ્યા હતા. સોનાલી નિઝાહવાનને એમેરિકર્પ્સ સ્ટે અને નેશનલના ડાયરેકટર અને ૪૨ વર્ષના પ્રેસ્ટન કુલકર્ણાને વિદેશી બાબતોના વડા તરીકે નિમવામાં આવ્યા હતા.કુલકર્ણી આમ તો બે વખત ટેકસાસામાંથી કોંગ્રેસેની ચૂંટણી લડીને હાર્યા હતા, પરંતુ વોશિંગ્ટનમાં તેમની નોંધ લેવાઈ હતી. કુલકર્ણી, નિઝાહવાનની સાથે સાથે ડેન કોહલની નિમણુંક દર્શાવે છે કે બાયડેન વહીવટી તંત્રમાં વૈવિધ્યસભર પ્રતિનીધીત્વ છે, એમ એમરિકોર્પ્સ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાવમાં આવ્યું હતું. રિપબ્લીકનોના ગઢ મનાતા ટેક્સાસના ૨૨માં જિલ્લાની યુએસ હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટીવની ચૂંટણીમાં નવેમ્બરમાં ડેમોક્રટિક ઉમેદવાર તરીકે કુલકર્ણી ફોર્ટ બેન્ડ કાઉન્ટીના શેરિફ ટ્રોય નેહલ્સ સામે હારી ગયા હતા.કુલકર્ણી ૧૪ વર્ષ સુધી વિદેશ મંત્રાલયમાં કામ કરી ચૂક્યા હોવાથી અમેરિકોર્પ્સ માટે જાહેર બાબતો અને સેવા ક્ષેત્રે તેઓ અનુભવની વિવિધતા લઈને આવશે.

# ભારતીય મૂળના ૨૦૦ જણા ૧૫ દેશોમાં ટોચના રાજકારણીઃ૬૦ કેબિનેટ કક્ષાના

- અમેરિકા અને બ્રિટન સહિત વિવિધ દેશોમાં રાજકારણ ક્ષેત્રે અનેક ભારતીયો સક્રિય

વોશિંગ્ટન : અમેરિકા અને બ્રિટન સહિત લગભગ ૧૫ દેશોમાં ભારતીય મૂળના ૨૦૦ જણાટોચના હોદ્દા પર સત્તા ભોગવે છે અને ભાવિ પેઢી માટે વિરાસતની ઈમારત ચણે છે, એમ ઈન્ડિયન ડાયસ્પોરામાં કામ કરનાર અમેરિકા સ્થિત એક સંગઠને આવા પ્રકારની તૈયાર કરેલી પ્રથમ યાદીમાં કહ્યું હતું.સોમવારે જારી કરેલી ૨૦૨૧ ઈન્ડિયાસ્પોરા ગવર્નમેન્ટ લીડર્સ લિસ્ટમાં મૂકેલી માહિતી વિવિધ વેબસાઈટ અને અન્ય જાહેર સ્ત્રોતમાંથી મેળવવામાં આવી હતી. આ યાદીમાં વિવિધ દેશોમાં અને વિવિધ ક્ષેત્રે કામ કરી રહેલા તેમજ સિધ્ધી મેળવનારાઓના નામ સામેલ કરાયા હતા. વધુમાં કહેવામાં આવ્યું હતું કે પંદર દેશોમાં ૨૦૦ ભારતીય મૂળના લોકોએ જાહેર જીવનમાં સર્વોચ્ચ સ્થાન મેળવ્યા હતા જેમાં ૬૦ ભારતીયો તો કેબિનેટ કક્ષાના હોદ્દા પર હતા.

ભારતીય વિરાસતમાંથી વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના ઉપ પ્રમુખ તરીકે બિન શ્વેત અને પ્રથમ મહિલા હોવા અંગે ગૌરવ છે.જાહેર જીવનમાં રહેનાર ડાયસ્પોરાના સભ્યોની યાદી પ્રેસિડેન્ટસ ડેના પ્રસંગે અમે` હાઈલાઈટ કરવા ઈચ્છતા હતા‘એમ ઈન્ડિયાસ્પોરાના સ્થાપક સિલિકોન વેલીના એમ.આર. રંગાસ્વામી એ ક્હયું હતું. તેમણે ભારતીય મૂળના અમેરિકાના પ્રથમ ઉપ પ્રમુખ કમલા હેરિસનો પણ ઉલ્લેખ કર્યો હતો.‘યાદીમાં રાજદૂતો, ધારાસભ્યો, સાંસદો, મધ્યસ્થ બેન્કના વડાઓ અને વરિષ્ઠ સનદી અધિકારીઓનો સમાવેશ થાય છે જેઓ ઓસ્ટ્રેલિયા, કેનેડા,સિંગાપોર,દક્ષિણ આફ્રિકા, સંયુક્ત આરબ અમિરાત, બ્રિટન અને અમેરિકામાં ખુબ જ સક્રિય છે.

# અમેરિકામાં ટેલી માર્કેટિંગથી છેતરપિંડી કરનારા મૂળ ભારતીયને બે વર્ષની જેલ

- સજા બાદ ત્રણ વર્ષના જામીન મળશે તેમજ પાંચ હજાર ડોલર પરત આપવા પડશે

વોશિંગ્ટન : ટેલીમાર્કેટિંગમાં ખુબ જ અગત્યની ભૂમિકા ભજવનાર ૩૨ વર્ષના એક ભારતીય નાગરિકને બે વર્ષની ફેડરલ જેલની સજા કરાઈ હતી, એમ જસ્ટિસ ડીપાર્ટમેન્ટે કહ્યું હતું. ૨૪ ઓગસ્ટ,૨૦૧૯ના રોજ મનીશ કુમાર ભારતથી આવતા જ ન્યુયોર્ક સિટીમાંથી તેને પકડી લેવામાં આવ્યો હતો અને ફેડરલ કસ્ટડીનો ઓર્ડર કરાયો હતો.

તેણે પાંચ નવેમ્બર,૨૦૨૦ના રોજ વાયર ફ્રોડ કરવાના ષડયંત્રની અને લોકોની ઓળખની ચોરી કરવાની કબુલાત કરી હતી. તેને ફેડરલ જેલમાં ૨૪ મહિનાની સજા ફટકારવામાં આવી હતી અને ત્યાર પછી ત્રણ વર્ષના જામીન મળશે તેમજ પાંચ હજાર ડોલર પરત આપવા પડશે. તપાસના ભાગરૂપે, એફબીઆઈ છેતરપીંડી કરીને ભેગા કરેલા પૈસા મેળવી શકી હતી જે એજન્સીએ સીધા જ ભોગ બનેલાઓને આપી દીધા હતા.

કુમારે અગાઉ કોર્ટમાં એવી કબુલાત કરી હતી કે તેણે ભારતમાં કોલ સેન્ટરમાં ટેલીફોન કોલ્સ ડાયરેક્ટ કર્યા હતા અને તેમના કોમ્પ્યુટરમાં માલવેર હોવાનું કહી તેમની સાથે છેતરપીંડી કરી હતી. એટલું જ નહીં કોલ સેન્ટર ઓપરેટર પાસેથી જ કોમ્પ્યુટરની રક્ષા માટે સોફટવેર ખરીદવા ફરજ પાડી હતી. કોલ સેન્ટર વાળા એમ કહેતા હતા કે તમારા કોમ્પ્યુટરમાં માલવેર શોધી કઢાયો હતો. જેને દૂર કરવા તમારે પેમેન્ટની માહિતી આપવી પડશે. જો કે વાસ્તવમાં આ ચીટરો ક્યારે પણ માલવેર આપતા ન હતા.‘ સ્કીમના ભાગરૂપે,જેમને ગેરમાર્ગે દોર્યા હતા.

# મ્યાંમારમાં લોકશાહીની માગ કરતા દેખાવકારો પર પહેલી વાર ફાયરિંગ

યાગોન : મ્યાંમારમાં યાગોનના રસ્તાઓ પર બળવાનો વિરોધ કરી રહેલાઓ પર આજે સરમુખતિયાર સરકારે પહેલી જ વાર ફાયરિંગ કર્યુ હતું. પાટનગરમાં ટેન્કો અને સૈનિકોની સંખ્યામાં વધારો કરાયો હોવા છતાં દેખાવકારો પર તેની કોઈ જ અસર ન થતા સેનાએ તેમની પણ ફાયરિંગ કર્યુ હતું. મ્યાંમારના બીજા ક્રમના મોટા શહેર ઉપરાંત અન્ય શહેરોમાં પણ સૈન્ય સરકારના સેનિકો રસ્તા પર ઉતરી પડયા હતા અને ઓડધેડ લાઠી મારો કર્યો હતો. દરમિયાન પૂર્વ શાસક આંગ સુકીની ધરપકડ કરીને તેમને ૧૭ ફેબ્રૂઆરી સુધી



રિમાંડ પર લીધા હતા. પરિણામે આજે કલાકો સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ હતી. જો કે થોડા સમય પછી ઈન્ટરનેટને ફરીથી શરૂ કરી દેવાઈ હતી.જો કે હજુ પણ મોટા ભાગના લોકોને સોશિયલ મિડીયાના ઉપયોગ વાપરાવાની મંજૂરી અપાઈ નહતી.

# કડક કાયદો : ચીનમાં હવે બ્લોગ લખનારાઓને પણ સરકારની મંજૂરી લેવી પડશે

શાંઘાઈ : ચીનમાં ગૂગલ સહિતની વેબસાઈટો પર પ્રતિબંધ છે, કેમ કે ચીનનો સેન્સરશિપ કાયદો બહુ કડક છે. વળી ચીનની સામ્યવાદી સરકાર લોકોના અભિપ્રાયોને કોઈ મહત્ત્વ આપતી નથી, માટે અભિપ્રાય પ્રગટ થાય એવું પણ ઈચ્છતી નથી. ચીનમાં હવે બ્લોગ લખનારાઓ કે સોશિયલ મીડિયા પોસ્ટ લખનારાઓને પણ સરકારની મંજૂરી લેવી પડશે. રાજકારણ અને લશ્કરી બાબતો જેવા વિષયો પર લખતા પહેલા તો સરકારી મંજૂરીની જોગવાઈ ૨૦૧૭થી છે. હવે તેમાં આરોગ્ય, અર્થતંત્ર, ન્યાતંત્ર, શિક્ષણ જેવા વિષયો પણ સમાવી લેવાયા છે. એટલે કે આ બધી બાબતો પર લખતા પહેલા ચીની સરકારે નક્કી કરેલી ઓથોરિટી પાસે મંજૂરી લેવી પડશે. ચીન સરકાર નથી ઈચ્છતી કે તેના દેશમાં ચાલતી ગરબડો બહાર આવે.

# કેનેડા જવા માંગતા ભારતીયોના હવે ઝડપથી પીઆર થઇ શકશે

- એક્સપીરિયન્સ ક્લાસ હેઠળ કરાયેલા ડ્રોમાં એકસાથે ૨૭ હજારથી વધુ ઈન્વાઈટ કરાયા

ઓન્ટેરિયો : કેનેડીયન સરકારે ભારતીયોને ‘એક્સપીરીયન્સ ક્લાસ‘ હેઠળ રેકોર્ડ બ્રેક ૨૭,૩૩૨ લોકોને ફક્ત ૭૫ પોઈન્ટના કટઓફથી ઈનવાઈટ કરી પીઆર થવા માટેની સુવર્ણ તક આપી છે. આમ, આ કેટેગરીનો ફાયદો મહત્તમ ફાયદો કેનેડામાં સ્ટુડન્ટ વિઝા પર ગયેલા ભારતીય વિદ્યાર્થીઓ અથવા નવા અભ્યાસ અર્થે જનાર વિદ્યાર્થીઓને થશે. સરકારે એક્સપીરીયન્સ ક્લાસ હેઠળ કટઓફ રેશિયો સૌથી લોએસ્ટ ૭૫ પોઈન્ટ સુધીના સ્કિલ્ડ ભારતીયોને ઈનવાઈટ કર્યા છે. આ એક્સપિરિયન્સ ક્લાસ હેઠળ કટઓફ રેશિયો લોએસ્ટ ૭૫ પોઈન્ટ કરી દેતા સ્કિલ્ડ ભારતીયો માટે ઝડપી પીઆર થવાની સુવર્ણ તક સમાન છે. આ એક્સપિરિયન્સ ક્લાસ હેઠળ સૌથી વધુ ફાયદો ભારતમાંથી સ્ટુડન્ટ વિઝા પર જનારાને થશે. મહત્વનું એ છે કે, કેનેડામાં સ્ટુન્ડ વિઝા અંતર્ગત પોસ્ટ સ્ટડી પર જનાર પોતાની ફિલ્ડમાં જોબ કરી હોય અને એક વર્ષના અનુભવના આધારે એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ એપ્લાય કરી શકશે. કેનેડા સ્ટુડન્ટ વિઝાના નિષ્ણાત પરિમલ પટેલે જણાવ્યુ કે ‘અત્યાર સુધી આ એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ એલિજિબલ થવા માટે કટઓફ રેશિયો ઘણો ઉંચો હતો.

# કેઈર્ન એનર્જીએ ૧.૨ અબજ ડોલરની વસૂલાત માટે ભારત સામે USમાં કેસ દાખલ કર્યો

ન્યૂયોર્ક : ભારત સરકાર સાથેના કરવિવાદ કેસમાં આંતરરાષ્ટ્રીય લવાદ દ્વારા બ્રિટનની ઓઈલ જાયન્ટ કેઈર્ન એનર્જીને અબજો ડોલર પાછા ચૂકવવાના આદેશ બાદ કંપનીએ ૧.૨ અબજ અમેરિકન ડોલરની વસૂલાત માટે ભારત સરકાર પર દબાણ લાવવા માટે અમેરિકાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. કેઈર્ન એનર્જીએ અમેરિકાની અદાલતને ૨૦૧૪થી બાકી રહેલી ચુકવણીઓ અપાવવા અપીલ કરી છે. કેઈર્ન ઈન્ડિયાએ પોતાના નાણાંની વસૂલાત કરવા માટે ગયા મહિનાથી ભારત સરકારની વિદેશોમાંની સંપત્તિઓની યાદી તૈયાર કરવાની શરૂ કરી દીધી છે જેમાં ભારત સરકારના વિદેશોમાંના બેન્ક ખાતા, એર ઈન્ડિયાના વિમાનો અને ભારતીય જહાજોનો સમાવેશ થાય છે. જો ભારત સરકાર કંપનીના નાણાં પરત ન ચૂકવે તો તેના બદલામાં આ બધી સંપત્તિઓ જપ્ત થઈ શકે છે.

# ૨૦૨૨ સુધીમાં ઊડતી કારનો યુગ શરૂ

ઊડતી કારની વાસ્તવિકતા હવે ફક્ત એક કદમ દૂર છે. ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશને એક હાઈબ્રિડ ગ્રાઉન્ડ-એર વિહિકલને મંજૂરી આપી દીધી છે કે જે હવામાં કલાકના 100 માઈલની ઝડપે ઊડી શકે છે. ટેરાફુગિયા ટ્રાન્ઝિશનને સ્પેશિયલ લાઈટ-સ્પોર્ટ એરક્રાફ્ટ એરવર્થીનેસ સિંટ મળી ગયું છે. આ ક્રાફ્ટનું ફ્લાઈટ ઓન્લિ મોડલ ઉપલબ્ધ થઈ ગયું છે કે જે પાઈલોટ્સ અને ડ્રાઈવિંગ સ્કૂલ્સમાં વેચાણ માટે ઉપલબ્ધ છે, જો કે એકાદ વર્ષમાં જ તેના કાર કમ્પોનન્ટ સ્ટ્રીટ લિગલ થઈ જશે તેમ કંપનીને વિશ્વાસ છે, તેને હજું પણ રોડ સેફટી સ્ટાન્ડર્ડની પુર્તતા કરવાનું બાકી છે. તે પછી ડ્રાઈવર્સ એક મિનિટની અંદર આ વાહનને ફ્લાઈંગમાંથી ડ્રાઈવિંગમાં કન્વર્ટ કરી શકશે, તે નાના એરપાર્ટ અથવા હાઈ-વે પરથી ટેક-ઓફ કે લેન્ડિંગ કરી શકશે. ટેરાફુગિયને 2022 ુધીમાં તેના ટુ સીટર વાહનને ઉત્પાદન અને મંજૂરીઓની આશા છે. જો કે આ વાહન ચલાવવા માટે માલિક પાસે ડ્રાઈવર લાઈસન્સ અને સ્પોર્ટ્સ પાઈલટનું સિંટફિકેટ એમ બન્ને હોવા જરૂરી છે. આ ઊડતી



કારને 100-hp Rotax 912iS સ્પોર્ટ્સ ફ્યુઅલ ઈન્જેક્ટ એન્જિન તાકાત આપે છે. 10,000 ફૂટની ઊંચાઈ પર તેની રેન્જ આશરે 400 માઈલની છે. પ્લેનનું એન્જિન પ્રિમિયમ ગેસોલિન પર ચાલી શકે છે અથવા તો 100 પ્લેન ઈંધણ પર, જ્યારે કાર હાઈબ્રિડ ઈલેક્ટ્રિક મોટર દ્વારા પાવર્ડ છે. ઊડતી કારના સ્ટાન્ડર્ડ ફિચર્સમાં ફોર વ્હિલ હાઈબ્રિડ ડિસ્ક બ્રેક, રિજિડ કાર્બન ફાઈબર સેફટી કેજ અને એરફ્રેમ પેરાશૂટનો સમાવેશ થાય છે. આ વાહનનું વજન ૧૩૦૦ પાઉન્ડ છે તથા તેમાં ફિક્સ લેન્ડિંગ ગીયર છે અને ૨૭ ફૂટ પહોળી પાંખો છે.

# યુએસને પાછળ રાખી ચીન યુરોપનું સૌથી મોટું વેપારી ભાગીદાર બન્યું

- અમેરિકા-ચીન વચ્ચેનો વેપાર ૬૭૩ અબજ ડૉલર, ચીન-યુરોપિયન સંઘનો વેપાર ૭૧૧ અબજ ડૉલર

બ્રસેલ્સ : અમેરિકાને પાછળ રાખીને ચીન યુરોપિયન યુનિયનનું સૌથી મોટું વેપારી ભાગીદાર બન્યું છે. ૨૦૨૦ના વર્ષમાં યુરોપ સાથે ચીનનો વેપાર ૭૧૧ અબજ ડૉલર નોંધાયો હતો. તેની સામે ચીન-અમેરિકાનો વેપાર ૬૭૩ અબજ ડૉલરના આંકડે પહોંચ્યો હતો. એટલે કે યુરોપિયન સંઘ અને ચીન વચ્ચેનો વેપાર ૩૮ અબજ ડૉલર જેટલો વધારે નોંધાયો હતો. યુરોપિયન સંઘ અને અમેરિકા એકબીજાના તમામ મુદ્દે પાર્ટનર રહ્યા છે. વેપારમાં પણ અમેરિકા-યુરોપની જુગલબંધી ચાલે છે. પરંતુ ૨૦૨૦ના કોરોના વર્ષમાં ચીને અમેરિકાને પાછળ રાખી દીધું હતું. યુરોપિયન સંઘની આંકડાકીય માહિતી રજૂ કરતી એજન્સી યુરોસ્ટેટે આ વિગતો જાહેર કરી હતી. ચીનનું સમગ્ર વિશ્વમાં પ્રભુત્વ વધી રહ્યું છે પણ યુરોપ-અમેરિકા તેમાંથી બાકાત રહ્યા છે. ચીનની વેપાર વૃદ્ધિના આંકડા એક જ વર્ષના છે. પણ જો ચીન આ રીતે આગેકૂચ કરતું રહેશે તો વિશ્વ પર તેનો પ્રભાવ વધશે એમાં કોઈ શંકા નથી.

# ઈલોન મસ્કને પાછળ રાખી એમેઝોનના જેફ બેઝોસ ફરીવાર ધનાઢ્ય બન્યા

ન્યૂયોર્ક : એમેઝોનના જેફ બેઝોસ ફરીથી જગતના નંબર વન ધનપતિ બની ચૂક્યા છે. બ્લૂમબર્ગના આંકડા પ્રમાણે તેમની સંપતિ ૧૯૧. ૨ અબજ ડૉલર છે. બેઝોસ ઘણા સમયથી નંબર વન બિલિયોનેર છે, પરંતુ ગયા મહિને ટેસ્લાના માલિક ઈલોન મસ્કે તેમની સાઈડ કાપી હતી. હવે ટેસ્લાના શેરમાં ઘટાડો થતા ફરીથી મસ્ક બીજા ક્રમે આવી ગયા છે. મસ્કની સંપત્તિ અત્યારે અંદાજે ૧૯૦ અબજ ડૉલર છે. બેઝોસની સંપત્તિ મસ્ક કરતા ૧ અબજ ડૉલર જેટલી વધારે નોંધાઈ છે. ટેસ્લા મોટર્સના શેરમાં મંગળવારે ૨.૪ ટકાનો ઘટાડો થતાં મસ્કની સંપતિ ૪.૬ અબજ ડૉલર ઓછી થઈ હતી. ગયા મહિને શેરના ભાવ વધ્યા એમા જ મસ્ક ૧૮૫ અબજ ડૉલર સાથે પ્રથમ ક્રમે આવ્યા હતા. બેઝોસ ૨૦૧૭થી જગતના સૌથી વધુ સંપત્તિ ધરાવતા ઉદ્યોગપતિઓમાં પહેલા ક્રમે છે.

# મસ્જીદો અને મદરેસા પર વધશે સરકારનો પહેરો, ફ્રાંસ સરકારે વિધેયક પસાર કર્યુ

ફ્રાન્સ : દેશમાં આતંકવાદ અને ચરમપંથી ઘટનાઓ પર રોક લગાવવા માટે ફ્રાંસની સરકાર એક વિધેયક પસાર કર્યુ છે. નેશનલ એસેમ્બલીમાં પસાર આ વિધેયકમાં મુખ્યરીતે શહેર અને ગામોમાં ઈસ્લામી ચરમપંથીઓના ફેલાવાને રોકવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

ફ્રાંસની સરકારનું કહેવું છે કે ઈસ્લામી ચરમપંથથી તેની રાષ્ટ્રીય એકતાને ખતરો બનેલો છે. જોકે આ વિધેયકમાં કોઈ ખાસ ધર્મનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો પરંતુ તેમાં જબરદસ્તીથી લગ્ન અને વર્જિનિટિ ટેસ્ટ જેવા પ્રથાઓ સામે કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે જો કોઈ વ્યક્તિ ઓનલાઈન હિંસાને પ્રાત્સાહન આપતો જણાશે તો સરકાર તેની સાથે સખ્તાઈ વર્તશે. એટલું જ નહી વિધેયકમાં ધાર્મિક સંગઠનોનું મોનિટરિંગ સખ્ત કરવા અને મુખ્યધારાની શાળાઓથી બહારના વિદ્યાર્થીઓને શિક્ષણ આપનારા સંસ્થાનો પર સખ્ત નિયમો અને શરતો લગાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

તુર્કી, કતાર અને સાઉદી અરબથી મસ્જિદોને થતું ફંડિંગ પર ચિંતા વ્યક્ત કરતા ધાર્મિક સંગઠનને વિદેશથી મળતા ફાળાની જાણકારી અને પોતાના બેંક ખાતાને પ્રમાણિત કરવા કહેવામાં આવ્યું છે.

# સોફ્ટવેરની ખામીને કારણે મર્સિડીસ અમેરિકામાંથી ૧૩ લાખ કાર પરત લેશે

ન્યૂયોર્ક : સોફ્ટવેરની ખામીને કારણે મર્સિડિસ અમેરિકી માર્કેટમાંથી ૧૨.૯ લાખ કાર પરત ખેંચશે. કાર માર્કેટમાંથી પરત લેવાની શરૂઆત એપ્રિલ મહિનાથી કરાશે. પ્રતિષ્ઠિત કંપનીઓની પ્રોડક્ટમાં જ્યારે ખામી સર્જાય ત્યારે તેમને પરત ખેંચવી અનિવાર્ય બની જાય છે. વળી યુરોપ-અમેરિકામાં સલામતીના ધારાધોરણો બહુ ઊંચા છે. ગાડીમાં ખામી હોવાને કારણે અકસ્માત સર્જાય તો કોઈનો જીવ જઈ શકે અને કંપનીને આકરો દંડ પણ થાય. ગાડીમાં ઈ-કોલ નામનું સોફ્ટવેર છે. આ સોફ્ટવેરનો ઉપયોગ અકસ્માત વખતે ઈમર્જન્સીમાં ગાડીનું લોકેશન દર્શાવવા થાય છે. પરંતુ તપાસ દરમિયાન સોફ્ટવેર ગાડીનું સાચુ સરનામુ દર્શાવતું ન હોવાનું જણાયુ હતુ. અકસ્માત વખતે આ ભુલ ભારે પડી શકે છે. જે ગાડીઓ પરત ખેંચવાની છે એ વર્ષ ૨૦૧૬થી લઈને ૨૦૨૧ સુધીમાં વેચાઈ છે.




# Cedarbrae Dental Center



અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



Hours of operation
- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only )

Pls call to schedule you appointment today at 416-945-1000.



Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com

Accept all insurance including ODSP and Healthy Smiles



# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com